
ઔર એક સમય કુંભનદાસજીને શ્રીઆચાર્યજીસોં પુષ્ટિમારગકો સિધ્ધાંત પૂછ્યો. તબ શ્રીઆચાર્યજી આપુ કૃપા કરિકે ચૌરાસી અપરાધ, રાજસી-તામસી-સાત્ત્વિકી ભક્તનકે લક્ષણ ઔર પ્રાતઃકાલતેં સેન પર્યન્તકી સેવાકો પ્રકાર કહે; બાલલીલા કિશોરલીલાકો ભાવ કહે. પાછેં કહે જો જા પર શ્રીગોવર્ધનનાથજીકી કૃપા હોયગી સો યા કાલમેં પૂછેંગે ઔર કરેંગે. જો તુમ સરીખે ભગવદીય પૂછેંગે ઔર કરેંગે. આગે કાલ મહાકઠિન આવેગો, ઔર ન કોઈ પૂછેગો ઔર ન કોઈ કહેગો . .

ભાવપ્રકાશ— સો કાહેતેં? જો સિંધિનીકો દૂધ સોનેકે પાત્ર બિના રહે નાહીં. તૈસે હી ભગવદ્લીલાકો ભાવ ઔર ભગવદ્ધર્મ ભગવદીય બિના ઔરકે હૃદયમેં રહે નાહીં.



## પુષ્ટિમાર્ગ અને આધુનિકતા

Ajshah

પ્રકાશક : પુષ્ટિસિધ્ધાન્તસંરક્ષણસમિતિ
૧૧/૧૨, અદિતિ એપાર્ટમેન્ટ નં. ૨, ધનામલ સ્કૂલની સામે, મથુરાદાસ રોડ એક્સ્ટેન્શન, કાંદિવલી (પ.), મુંબઈ– ૪૦૦૦૬૭.

પ્રાપ્તિસ્થળ : પ્રવિણ વી. ડઢાણિયા
A - 30, આલાપ, ગ્રીનસિટી,
રૈયા રોડ, રાજકોટ - ૩૬૦૦૦૭
ફોન -૯૪૨૭૪૯૫૧૫૯

પ્રથમ આવૃત્તિ, પ્રતિ : ૫૦૦૦. બીજી આવૃત્તિ, પ્રતિ : ૧૦૦૦
પ્રકાશનવર્ષ : વિ.સં. ૨૦૪૮, સન ૧૯૯૩. સન ૨૦૦૬

મુદ્રક :

નિઃશુલ્ક.

# પ્રાસ્તાવિક

વડીલ ઉવાચ: "કાંઈ સમજતા નથી, માનતા નથી, કહ્યામાં નથી, સામા થઈ જાય છે, દલીલો કરે છે. અમે તો અમારા વડીલો કહે તો...."

નવી પેઢી કહે છે: "વાતવાતમાં વઢે છે, છેટા રાખે છે, 'તને નહિ સમજાય' કહી કાંકરો જ કાઢી નાખે છે, તર્કનો જવાબ ભાંડીને આપે છે; બસ ચૂપચાપ ફક્ત તેઓ કહે એટલું કહે તે પ્રમાણે કરવાનું. અમારા કોચિંગ ક્લાસવાળા સર તો......"

સમસ્યા ભાષાની છે, કમ્યુનિકેશન ગૅપની છે. નવી પેઢીનો ફાલ પોતાની સાથે પોતાનું આગવું વ્યક્તિત્વ લઈને ઉતરે છે. ચાલી આવતી પરંપરાઓ કે રિવાજો સાથે તે વ્યક્તિત્વને તરત જામી જતું નથી. પહેલાં વૈચારિક સ્તરે તૈયારી હોવી ઘટે છે. વારસો લેવો કોઈને પણ ગમે, જો તે સંઘરવા કે વાપરવા લાયક હોય, 'કામનો' હોય. પરંપરામાં તેવા મૂલ્યવાન તત્ત્વો ઘણા હોય તે જ માત્ર જરૂરી નથી, તેને નવી પેઢી સામે તેમની ભાષામાં ઉજાગર કરવાનું કાર્ય પણ એટલું જ આવશ્યક છે. રામચરિતમાનસ મૂળ રામાયણનો ચીલો ન ચાતરે ત્યાં સુધી વાંધો નથી આવતો. ગંગાનું માહાત્મ્ય જાણનારો ભગીરથ વડવાઓને પ તારી દઈ શકે.

૭૫-૧૦૦ વર્ષ પહેલાં સ્થિતિ આજ કરતાં પ વિકટ હતી. અંગ્રેજી પધ્ધતિનું શિક્ષણ પામેલી એક આખી નવી પેઢી અસ્તિત્વમાં આવી હતી, જેને કાલિદાસ કે કૌટિલ્ય કે કાર્તિકેય કરતાં કોપરનિકસ, શેલી, બાયરન કે કાર્લ માર્ક્સ વિશે વધારે ખબર હતી. ભારતીય સંસ્કૃતિને તેઓ અંગ્રેજોએ પહેરાવેલા ચશ્માંમાંથી જ જોઈ શકતા હતા. તેમની ચાંચ પુષ્ટિસંપ્રદાયમાં ડૂબે તે માટે પુષ્ટિમાર્ગના ઈતિહાસ અને સાહિત્ય ને છેડછાડ કર્યા વિના તેઓને ઉપલબ્ધ કરાવવા એ એક ગંભીર પડકાર હતો. એક તરફ વૃધ્ધોને નારાજ કરવા તો બીજી તરફ યુવાપેઢીને તેમની વિવેકબુધ્ધિ, નસીબ અને દુનિયા ના ભરોસે છોડી દેવી.

આ પડકાર ઝીલી લઈ પોતાના આર્થિક, શારીરિક તથા પારિવારિક અસ્વાસ્થ્ય તથા વૃધ્ધોના વિરોધ ને ન ગણકાતાં પુષ્ટિસાહિત્યને તે સમયની પ્રચલિત શૈલીમાં પહેલવહેલા મુદ્રિત કરવાનું પુણ્યકાર્ય કરનાર અને સામાયિક 'વેણુનાદ'ના માધ્યમથી બન્ને પેઢીમાં વારસો આપવા અને લેવાની દિશામાં જાગૃતિ આણનાર **શ્રીમૂલચન્દ્ર તેલીવાલાને** આ પુસ્તક અર્પણ કરતાં હું ધન્યતા અનુભવું છું.

આ પુસ્તક પણ તેઓના પગલે ચાલવાની એક ચેષ્ટા જ છે. કદાચ આને સમજવામાં થોડી તકલીફ પડશે, પણ હું લાચાર છું. ભક્તિમાર્ગના અર્કે પ્રવર્તાવેલ માર્ગનો અનુયાયી છું; મને અર્કને અર્કરૂપે જ પીરસતા આવડે છે, શરબતરૂપે નહીં. પણ મને પૂરી ખાતરી છે કે 'જનસામાન્યના લાભાર્થે' પુષ્ટિસંપ્રદાયના અપઠિત વક્તાઓ-લેખકો આવતા ૧૫-૨૦ વર્ષ સુધી આનું શરબત બનાવી જાહેરમાં પીવડાવ્યા કરશે. અન્યમાર્ગોનું સારહીન એવું શરબત પીવડાવે તેના કરતાં આ શું ખોટું?!

સાચી જરૂર પરંતુ અમારા જેવા દુભાષિયાઓની નથી, એકબીજાની વાત એકબીજાની ભાષામાં એકબીજાને પારિવારિક સ્તરે સમજાવવા-સમજવાની છે; જો સાથે જીવવું હોય તો, મર્યા પછી ય જીવવું હોય તો, ડાળથી વિખૂટા પડી ગયેલ નિરાશ્રિત પાંદડાની માફક ન જીવવું હોય તો. આ પુસ્તકને તેથી ફક્ત એક સંદર્ભ ગ્રન્થ તરીકે નિહાળી આ દિશામાં આપ સ્વયં ઉદ્યત થાઓ એ આજની તાતી જરૂરિયાત છે. તેમ થશે તો આ પુસ્તક લખવું-વાંચવું લેખે લાગશે.

*Ajshah*

* * *

**વાંચવા સંબંધી સૂચના :**

૧. આ ચોપડી બહુ વિચારોત્તેજક છે; સૂતા પહેલા ન વાંચવી.
૨. મોટેરા વૈષ્ણવોએ રોજ એકી બેઠકે પાંચ પાના અને બાળકોએ ત્રણ પાના વાંચવા.
૩. નવાસવા પુષ્ટિમાર્ગીએ આ ચોપડી બે વાર અને જૂના રીઢા પુષ્ટિમાર્ગીએ ચાર વાર વાંચવી.

**જાહેર ચેતવણી :** આ ચોપડી વાંચવી એ રેડીમેડ ધર્મના છૂટક કે જથ્થાબંધ વિક્રેતાઓ, એજન્ટો, ગ્રાહકો, સહાયકો તથા વકીલો ના માનસિક તેમ જ આર્થિક આરોગ્ય માટે અક્ષમ્ય હાનિકારક છે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| ૧. ઉપક્રમ | ૧ |
| ૨. આદર-નિરાદરના સ્રોત-કારણો | ૪ |
| ૩. ભગવત્સેવા | ૭ |
| ૪. સેવ્યસ્વરૂપ | ૩૧ |
| ૫. સત્સંગ | ૪૨ |
| ૬. ભગવત્સેવક | ૫૩ |
| ૭. આચાર | ૬૦ |
| ૮. વ્રજયાત્રા — બેઠકયાત્રા | ૬૭ |
| ૯. જાહેર મનોરથો | ૭૧ |
| ૧૦. ગુરુ | ૭૫ |
| ૧૧. બ્રહ્મસંબંધદીક્ષા | ૮૧ |
| ૧૨. ઉપસંહાર | ૮૪ |


* * *

# ૧. ઉપક્રમ

"ચલચિત્રકળાના મોટા ઉસ્તાદ ગણાતા ઇટાલિયન દિગ્દર્શક ફેડરિકો ફેલિનીનો..વીરલ ઇન્ટરવ્યૂ..વાંચ્યો...ફેલિની કહે છે કે ટેલિવિઝને આ બધું બદલી નાખ્યું છે. દર્શકોએ જાતે કોઈ મુવમેન્ટ કરવી પડતી નથી. એ ઘરમાં જ રહે છે. ખાસ વસ્ત્રપરિધાન પણ કરતા નથી. ક્યારેક તો ટૂંકી ચડ્ડી પહેરીને, ઇવન નાગા, બાથરૂમમાંથી, શયનમાંથી ટી.વી. જોતા હોય છે. જે પ્રતિમાઓ (ઇમેજિસ) પડે છે ટી.વી.ના સ્ક્રીન પર એમાં ભવ્યતા, ઑથેન્ટિસિટી નથી હોતી. એ પ્રતિમાઓ ઘણી જ નાની હોય છે. સેવા માટેના, મોજ-મજાહ માટેના ફર્નિચરપીસમાંથી એ પ્રતિમાઓ પ્રકટ થાય છે. ખુરશીમાં બેઠાં બેઠાં, મિત્રો સાથે વાતો કરતા, દારૂ પીતા, ખાતા, ટેલિફોનપર જવાબ આપતા, અને ક્યારેક 'પ્રેમ' કરતાં કરતાં દર્શકો ટી.વી. જોતા હોય છે. એમાં ફેલિની કહે છે—'ધેર ઇઝ નો રિસ્પૅક્ટ'.

નૈતિક અર્થમાં અહીં રિસ્પૅક્ટની વાત નથી; સામે કશુંક બની રહ્યું છે એ માટેની એકાગ્ર પ્રતીક્ષાના અભાવનો અહીં નિર્દેશ છે. દર્શકના હાથમાં સ્વીચ છે; કોઈ પણ ક્ષણે એ ઑફ કરી શકે છે. પોપ કે કોઈ કવિ કશું કહી રહ્યા હોય અને દર્શક કંટાળે તો તત્ક્ષણ એમને, ચાંપ દાબીને, ચૂપ કરી શકે છે, અને ફૂટબૉલની રમત જોઈ શકે છે. દર્શક પોતે વધારે શકિતમાન છે એવું અનુભવે છે. એક દેશમાંથી બીજા દેશમાં એ કૂદી શકે છે. ક્રાઇસ્ટ પરથી ફૂટબૉલની રમતમાં અને કળાત્મક ચિત્રોના પ્રદર્શનમાંથી પોર્નોગ્રાફીમાં એ ક્ષણાર્ધમાં સરકી શકે છે. ટી.વી. મનુષ્યની અત્યંત નિકટ પહોંચેલી ગૂઢ અને ભયાનક વસ્તુ છે. આ નાની ચીજ શું શું સરજશે તે વિશે ભવિષ્ય ભાખવું લગભગ અશક્ય છે એમ ફેલિની કહે છે.

જૂનાં ચલચિત્રોની પ્રતિષ્ઠા ટી.વી.એ સંપૂર્ણપણે હણી નાખી છે. . . દર્શકો એમની પાસે જતા નથી; એ દર્શકોના ઘરમાં સામેના ડબલામાં આવી જાય છે, દોઢ કલાક માટે. . .

ફેલિનીએ ટી.વી.ના ડબલા માટે અનન્ય અને યથાર્થ ઉપમા આપી છે: ઘરમાં રહેલું કોઈ ખુલ્લું ડાચું જે મૅથૅમૅટિકલ સ્ટુપિડ રીતે બધું ઓક્યા કરે છે. યુદ્ધ, વાસ્તવ, ધર્મ, ઈશ્વર —બધાંને આ ટી.વી.નું મિક્સર ઘુમાવે છે અને બનાવે છે છૂંદેલા બટાટાનો એક લૂગદો (મૅશ્ડ પૉટેટૉઝ). પ્રત્યેક પદાર્થને નાના ટુકડામાં ભાંગી નાખવામાં આવ્યો છે, અને હંમેશ માટે ખતમ કરવામાં આવ્યો છે. આ અજનબી, રાક્ષસી



(ડાયબોલિકલ) શોધનું પ્રયોજન તો છે માહિતી આપવી, અજ્ઞાનને જ્ઞાનમંડિત કરવું, પ્રસન્નતા, સ્વસ્થતા આપવી અને ભાન કરાવવું; પણ કંઈક ન સમજાય તેવાં ગૂઢ કારણોથી અથવા ચાલાકીથી, માહિતી આપવાનું અને સંસ્કૃતિના નિદર્શનનું પ્રયોજન અળપાઈ ગયું છે. પૂરની જેમ..એ બધાનો નાશ જ કરે છે. કશાનો કશો પણ અર્થ રહ્યો નથી."

(—શ્રીલાભશંકર ઠાકર લિખિત 'ક્ષણ તત્ક્ષણ'માંથી સાભાર).

કેવળ ટી.વી. જ નહીં, આધુનિકતામાત્રની બાબતમાં કહી શકાય છે કે 'ધેર ઇઝ નો રિસ્પૅક્ટ'. વળી રિસ્પૅક્ટ-આદર-નો નૈતિક અર્થ અહીં લો તો ય તે એટલું જ યથાર્થ ઠરે છે. આજે જીવનના દરેક ક્ષેત્ર પર આ આધુનિકતાના, અનાદરના પૂર ફરી વળ્યા છે.

શિક્ષણક્ષેત્રે ટ્યુશન, કોચિંગ ક્લાસોની બોલાબાલા છે. વિદ્યાર્થીઓ શિક્ષકોની સતામણી-ઘેરાવ કરે છે, પરીક્ષામાં ગેરરીતિઓ આચરે છે, આંદોલનો કરી ભાંગફોડ કરે છે. કોલેજોમાં ભણવા સિવાયની બધી જ પ્રવૃત્તિઓ છૂટથી થાય છે. શિક્ષકો અને અન્ય કર્મચારીઓ પોતાના સ્વાર્થને ખાતર આ રોગને વકરાવે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ફંડ અને રાજકારણ ના આટાપાટા ખેલાય છે.

ડૉક્ટરો અને વકીલો હવે સ્વાતંત્ર્યસંગ્રામ વખતે હતા એટલા આદરપાત્ર રહ્યા નથી. સેવાભાવી વ્યક્તિઓ આ વ્યવસાયોમાં અપવાદ જ છે આજે.

રમતગમતો હવે રમતો ય નથી રહી ગઈ. ખેલાડીઓ મેદાન ઉપર અને બહાર છડેચોક નિયમોનું કે આચારસંહિતાનું ઉલ્લંઘન કરે છે, અમ્પાયરો, સિલેક્ટરો કે હરીફ ટીમના ખેલાડીઓની માનહાનિ કરે છે, માદક દ્રવ્યો લે છે, કળા કરતાં બળનો અને પોઝીટીવ કરતાં નેગેટીવ શૈલીનો વધુ ઉપયોગ કરે છે, પૈસા અને પ્રસિધ્ધિ રળવાના જ પ્રયોજનથી અને સતત ટીમમાંથી ફેંકાઈ જવાની તાણ હેઠળ રમે છે. અમ્પાયરો અને સિલેક્ટરો પણ સતત તાણ હેઠળ રહે છે. પ્રેક્ષકો છાશવારે હિંસાચાર પર ઉતરી આવે છે અને અવારનવાર રમત થંભાવી દે છે. પ્રસાર માધ્યમો રમત કરતાં 'સનસનાટી'ને પ્રાધાન્ય આપે છે. તે સિવાય રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય રાજકારણ પણ રમતોમાં દખલ કરે છે. ગમ્મત અને આનંદ ક્યાંય દેખાતા નથી. સંઘભાવના પણ અપવાદરૂપે જ દેખાય છે.

પંડિત ભીમસેન જોશીએ થોડા વખત પહેલા આપેલ એક ઇન્ટરવ્યૂમાં બળાપો કાઢ્યો હતો કે હવે પહેલા જેવા શિષ્યો મળતા નથી. અમે ગાતા શીખ્યા તે ચૌદ-ચૌદ વરસ સુધી અને તે ય રોજ તેર-ચૌદ કલાક

રિયાઝ કરીને; જ્યારે આજના શિખોને બે-ત્રણ વરસમાં 'સ્ટાર' કે 'આંતરરાષ્ટ્રીય પ્રતિભા' બની જવાની તાલાવેલી હોય છે. અનેક વૃધ્ધ કલાકારો કહેતા હોય છે કે પહેલા કરતાં શ્રોતાઓની સંખ્યા ઘણી વધી છે પણ જાણકાર શ્રોતાઓ તેમાંના પાંચ ટકાય નથી હોતા. અડધો કલાક થાય ને અવરજવર, બગાસાં, શોરબકોર, ખાણીપીણી ચાલુ થઈ જાય છે. નૃત્યકારો, ચિત્રકારો ને નાટ્યકારોનો અનુભવ પણ બહુ જુદો નહિ હોય.

ધર્મનું ક્ષેત્ર પણ આમાંથી બાકાત નથી રહ્યું. તેય જાણે કુરુક્ષેત્ર થઈ ગયું છે. જનસેવા, પ્રભુસેવા, સત્સંગ, સ્વાધ્યાય, જપ, તપ, યોગ, જ્ઞાન, કર્મ, તીર્થાટન, કથા, સંન્યાસ, ગૃહસ્થી — કશાયમાં ભલીવાર નથી.

એક છેડે આ આધુનિકતા છે તો બીજે છેડે છે ભારતીય સંસ્કૃતિ. આજની તારીખમાં એ કેટલે અંશે આપણી છે એ વિચારનો વિષય છે પણ ભારતમાં ઉદ્ભવેલી હોવાના અર્થમાં એને ચોક્કસ આપણે ભારતીય કહી શકીએ. એને આપણે આદર સંસ્કૃતિ પણ કહી શકીએ— "અતિથિ દેવો ભવઃ" "ગુરુ દેવો ભવઃ" "માતૃ દેવો ભવઃ" . . . નદી, વૃક્ષ, પાષાણ, અગ્નિ, પશુ, પક્ષી, પૂર્વજો, વંશજો —બધા પ્રત્યે બસ આદર, આદર ને આદર! આજે ય આધુનિકતાના બૂમબરાડા વચ્ચે સંભળાતા કે યાદ આવતા એના ટહુકા જીવનની પાનખરમાં બે ઘડી વસંત આવ્યાનો આભાસ ઊભો કરી વિસામો આપે છે.

પુષ્ટિમાર્ગ ભારતીય સંસ્કૃતિની પર્વતમાળાનું જ એક ઉન્નત શિખર છે. પુષ્ટિમાર્ગને દેશકાળના બંધનો નથી નડતા; પુષ્ટિમાર્ગી અભારતીય પણ હોઈ શકે છે, ગોરી, કાળી, પીળી કે લાલ ચામડીનો પણ હોઈ શકે છે. પરંતુ તેની સાધના ભારતીય સંસ્કૃતિને અનુરૂપ હોવી જરૂરી છે. પુષ્ટિમાર્ગની સાધનાપ્રણાલીમાં ભારતીય સંસ્કૃતિ તાણાવાણાની જેમ વણાયેલી છે. પણ તે તો 'અસલી' પ્રણાલી. આજે ચાલી નિકળેલી પ્રણાલીઓમાં તો નરી આધુનિકતા, નર્યો અનાદર જ ઝળકે છે. દરેક સાધકે નીરક્ષીરવિવેક કરવો તેથી આજે અનિવાર્ય છે.



## ૨. આદર - નિરાદરના સ્રોત - કારણો

આધુનિકતા બેશક પશ્ચિમની દેન છે. તે છતાંય એ વાત તો નિશ્ચિત છે કે ત્યાંય એ વિકૃતિનું જ રૂપ છે, સ્વાભાવિક પશ્ચિમી સંસ્કૃતિ અને આધુનિકતા ને એક માનવા એ બરાબર નથી. ફેલિનીનો ઇન્ટરવ્યૂ એ જ વાત પર પ્રકાશ પાડે છે.

પશ્ચિમી સંસ્કૃતિમાં માનવ અને કેટલેક અંશે માનવીય સર્જનોનો આદર છે પણ કુદરત, કુદરતી સર્જનો કે પશુ, પક્ષી, વનસ્પતિ પ્રત્યે ઘૃણાનો જ ભાવ છે. આના મૂળ બાઇબલમાં રહેલા છે. એક માન્યતા, કે માનવ સ્વર્ગનો રહેવાસી હતો અને તેના અપરાધની સજારૂપે પૃથ્વી પર આવ્યો છે, પૃથ્વીમાટે નફરત પેદા કરે છે; તેના પ્રત્યે આત્મીયતાનો ભાવ જાગવા નથી દેતી. બીજી માન્યતા, કે ચૈતન્ય માત્ર મનુષ્યમાં જ છે, પશુપક્ષીમાં નહિ, અને સજીવ-નિર્જીવ બધું જ કેવળ મનુષ્યના ઉપભોગ માટે જ ઈશ્વરે સર્જ્યું છે, તેઓ પ્રત્યે માનવનું કંઈ કર્તવ્ય છે જ નહિ —એમ માનવા બાધિત કરે છે. કોઈ કંપની પોતાના ઑફિસરને એક ગાડી વાપરવા માટે આપે તો તે કંપનીની માલિકીની તો હોય છે અને ઑફિસરને જરૂર ન હોય તો કંપની પોતાના કામમાં ય વાપરી શકે છે. જ્યારે અહીં તો ઈશ્વરે સૃષ્ટિ માત્ર માનવ માટે જ બનાવી છે. ઑફિસરને કંપનીની સંપત્તિ સમજીને ય ગાડીની સારસંભાળ રાખવાની કોઈ જરૂર નથી. પછી આદર રહે ક્યાંથી?

ખ્રિસ્તી ધર્મે માનવ અને ઈશ્વર બેને જ આદરપાત્ર રહેવા દીધેલા તેને સાયન્સ ને ટૅકનોલૉજી એ પદભ્રષ્ટ કરી દીધા. મૅડિકલ સાયન્સ કૃત્રિમ જન્મ, જીવન, મરણ સર્વ કરી શકે છે. એવા ઘાતક શસ્ત્રાસ્ત્રો વિકસાવાયા છે કે જેનાથી માણસોને કીડી-મંકોડાની માફક જથ્થાબંધ મારી શકાય છે. ઈશ્વરના સ્થાન પર ખુદ વિજ્ઞાન ચડી બેઠું છે જે એ બધું કરવા સમર્થ છે જે એક જમાનામાં ઈશ્વર જ કરી શકે એમ મનાતું હતું.

પણ વિજ્ઞાન એ બધું ય કરવા સમર્થ છે જે એક જમાનામાં શેતાન જ કરી શકે એમ મનાતું હતું. વળી એના કેટલાક અસામર્થ્યો પણ ઊડીને આંખે વળગે છે. તેથી વિજ્ઞાન સ્વયં પણ આદરપાત્ર નથી રહ્યું. તે સારૂં છે કે નરસું તે તેના સવાર પર નિર્ભર કરે છે.

બાઇબલ અને વિજ્ઞાન સિવાય ખાસ આ સદીમાં ઉદ્ભવેલા કે વકરેલા ય અનેક એવા કારણો છે જે આદરના જાતશત્રુઓ છે—

શહેરી ગીચ જીવન, માહિતીનો ધોધ વહાવતા પ્રસાર માધ્યમો, હલકું મનોરંજન, વ્યાપારીકરણ, સમય અને પૈસાનું વધેલું મહત્વ, જોઈએ તે જોઈએ તેટલું જોઈએ ત્યારે સુલભતાથી પ્રાપ્ત થવું, વામણું નેતૃત્વ, અશિસ્ત, અનાચાર, વગેરે.

રાજકીય વિચારધારાઓ પણ આમાંથી બાકાત નથી. શું લોકશાહી કે શું સામ્યવાદ, આદર્શ નાગરિક બનવામાં જ માણસના કર્તવ્યની ઈતિશ્રી થઈ જાય છે અને નાગરિકોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવામાં શાસકોના કર્તવ્યની. બીજો કોઈ નૈતિક કે ધાર્મિક ઊંચા ગજાનો આદર્શ જ સામે નથી. નાગરિકો શાસકોને પોતાનાથી ઊંચા ગજાના સમજીને આદર નથી આપતા પણ તેઓ પોતાની સેવા કરે એવી અપેક્ષા રાખે છે. શાસકો તો નાગરિકોને વોટબેન્ક જ ગણે છે. ઑપન માર્કેટ ઇકોનૉમી જેવી આર્થિક વિચારધારાઓમાં પૈસાનો જ આદર છે. માણસને પૈસા કમાઈને સંતોષ નથી થતો પણ તેને ઊડાવવાની ને ઘરવાળા કે લેણિયાતો ના હાથમાં ફેંકવાની જ ઈચ્છા થાય છે.

કુટુંબ કે સમાજ ના સ્તર પર સ્વાર્થિતા અને બેજવાબદારી વધતા જાય છે. માબાપ છોકરાઓને હોસ્ટેલમાં કે નોકરોના ભરોસે મૂકે છે તો છોકરાઓ વૃધ્ધ માબાપને વૃધ્ધાશ્રમમાં મોકલે છે કે નોકરની જેમ રાખે છે. ગુનાઓનું, આપઘાતનું, અકસ્માતોનું પ્રમાણ વધતું જ જાય છે. વ્યસનો, વ્યભિચાર, વગેરેની વાત જ જવા દો.

આમ જ ચાલતું રહ્યું તો શું થશે તેની ભવિષ્યવાણી પર્યાવરણશાસ્ત્રીઓએ ઉચ્ચારી છે જ. પાછા વળવું જ રહ્યું.

સૃષ્ટિ પ્રત્યેનો ભારતીય અભિગમ કાંઈક અનોખો જ છે— આત્મીયતાસભર, અહોભાવભર્યો.

ઉપનિષદો મુજબ એકાકી એવા ઈશ્વરને રમવાની ઈચ્છા થતાં તેમણે જેના વડે રમી શકાય તેવા વિવિધ નામરૂપો પોતે ધારણ કર્યા. બ્રહ્માંડમાં જે કાંઈ સ્થૂલ-સૂક્ષ્મ વ્યક્ત-અવ્યક્ત સ્થાવર-જંગમ છે તે બધું તેઓ જ બન્યા છે. સૃષ્ટિ, ને સ્વયં માનવ પણ, ભગવાનની ક્રીડા માટે જ સર્જાયેલ છે અને આ બધા ભગવાને પોતે જ ધારણ કરેલ રૂપો છે. તે સિવાય ભગવાન મત્સ્ય, વરાહ, હયગ્રીવ, નરસિંહ, વગેરે રૂપે અવતાર પણ લે છે. સ્વયં ઈશ્વરની સૃષ્ટિ સાથે આટલી આત્મીયતા છે તો માનવની તો વાત જ શી! સૃષ્ટિમાં વિવિધતા કે ભેદ તો છે જ અને કેમકે ભગવદિચ્છા તેવી છે એટલે રહેવાના જ; પણ તે સર્વે ક્રીડાર્થ ભગવાને ધારણ કરેલ ભેદ છે.



આ મૂળભૂત માન્યતાને આધારે પ્રણીત ધર્મશાસ્ત્રો ક્રીડાર્થ ભેદનો જ પુરસ્કાર કરે છે— વૃક્ષોને દત્તાત્રેયની જેમ ગુરુ માનો, પરોપકારી સત્પુરૂષ માનો, ભગવાન માનો, ગોદ લીધેલ પુત્ર માનો... બધું જ શક્ય છે, વૃક્ષના વૃક્ષત્વને અને માણસની માણસાઈને નભાવતાં નભાવતાં. આદર-રિસ્પૅક્ટ ત્યારે જ શક્ય છે જ્યારે આદર આપનારો પોતાના અને આદરણીયના સ્વરૂપને પોતાની સ્વભાવમર્યાદામાં સમજી અહોભાવપૂર્વક બન્નેના ભેદ કે તારતમ્યનો સ્વીકાર કરે છે. ઉપર દર્શાવેલ કારણો સ્વરૂપની સમજ, સ્વભાવમર્યાદા, અહોભાવ કે ભેદબુધ્ધિને રોળી નાખે છે, તેના પર પાણી ફેરવી નાખે છે; સૃષ્ટિ સાથે આપણો સૂર મળવા નથી દેતા, આપણને સ્વસ્થ થવા નથી દેતા. સરવાળે આપણને અને સૃષ્ટિને બન્નેને નુકસાન થાય છે.

સૃષ્ટિના નિયમને આપણે અનુસરવાનું હોય છે; નિયમો આપણને અનુસરે તેવા ન હોઈ શકે. નિયમો તો સત્યને જ અનુસરે. કોઈપણ આધ્યાત્મિક સાધનાપ્રણાલી સાધકને સો ટકા માફક આવે એવી હોતી જ નથી. સાધક લાગેલો રહે તો ધીરે ધીરે તેને તે માફક આવતી જાય છે, ખાંડ વિનાના ચા-દૂધની માફક. માફક આવે તે માટે સાધકે પોતાની જાતને સાધનાપ્રણાલીને અનુરૂપ બનાવતા જવી પડે છે; સાધનાપ્રણાલીને પોતાની જાતને અનુરૂપ ન બનાવાય, તે તો ફળને જ અનુરૂપ હોય. આ મૌલિક તથ્ય વિસારે પાડીને પુષ્ટિસમ્પ્રદાય આજે દિશાદોરવિહીન થઈ ગયો છે.

*

## ૩. ભગવત્સેવા

"સો વહ નિત્ય બડે સવારેં ઉઠિકે શ્રીગોવર્ધનકી પરિક્રમા કરન જાઁઈ. સો શ્રીનાથજીકે દરસન આઈ કરેં. પાછેં શ્રીગુસાંઈજી તથા કોઈ ઔર બાલક શ્રીનાથજીમેં હોઈ તિનકે દરસન કરે. પાછે..શ્રીનાથજીકી ધ્વજાકોં સમર્પિ પ્રસાદ લેઈ. યા ભાંતિ અપને દિન નિર્વાહ કરેં. . . મોસોં શ્રીગુસાંઈજી કબહૂ બોલત નાહીં સો કારન કૌનં ભાંતિ જાન્યો જાઈ? —યહ યાકે મનમેં સંદેહ રહે. . .

તબ યાકે મનમેં આઈ જો– આજ તો પરિક્રમાકોં ભોગં આવેગો. તબ જાઉંગો, તાતેં અબ તો કછુ ટહલ કરૂં. . . સો યાને..પ્રથમ સર્વ માર્ગ આછી ભાંતિ ઝાર્યો. પાછેં પૈંડેમેં કહૂં એક કાંકર રહન ન દીનો —યા પ્રકાર કાંકર બીને. સો યાકે મનમેં યહ ભાવ આયો જો..શ્રીઠાકુરજીકે તથા શ્રીગુસાંઈજીકે ચરન અતિ કોમલ હૈં, સો કાંકરકો સ્પર્શ ન હોઈગો. . .

તબ શ્રીગુસાંઈજી વા વૈષ્ણવસોં કહે જો– વૈષ્ણવ! ઈતને દિનતેં તો તુમ અપની દેહકો સાધન કરત હતે. ઔર આજ તો તુમ સાધન છોરિકે સેવા કરે. તાસોં આજ હમ તુમતેં બોલે. . . યહ વૈષ્ણવ તો તા દિનતેં સેવાકોં ફલ જાનિ સાધન છોરિકે સેવા કરન લાગ્યો. તબતેં શ્રીગુસાંઈજી વા ઉપર બોહોત પ્રસન્ન રહતે. યહ વિરક્ત પ્રભુનકોં પ્રસન્ન જાનિકે આપહૂ બોહોત પ્રસન્ન રહતો."

"બહુરિ એક સમય રૂકિમિનીકી દેહ અસક્ત ભઈ. તબ રૂકિમિનીને કહ્યો— અબ દેહ છૂટે તો આછો; જા દેહતેં ભગવાનકી સેવા ન ભઈ સો દેહ કૌન કામકી?"

"ઐસે કરત કછુક દિનમેં એક બેટા વાકો બડો મરિ ગયો. . . દૂસરો બેટા છોટોહૂ મરિ ગયો. તબ અમ્મા બહોત રોવન લાગી. . .

ભાવપ્રકાશ— ..દોઉ શ્રીઠાકુરજીકે ખિલૌના બેટા હતે. સો અબ કિનસોં ખેલેંગે? –યા ભાવસોં અમ્મા રોવતી. તાતેં શ્રીઠાકુરજી અમ્માકે ઉપર પ્રસન્ન વ્હૈકેં બરજતે. અમ્માકો દુઃખ સહિ ન સકતે. ઔર જો પુત્રકો મમત્વ કરિકે રોવતી તો શ્રીઠાકુરજી ન બોલતે."

"તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુ પંચામૃતસોં સ્નાન કરાય સ્ત્રી-પુરુષકે માથે (સ્વરૂપ) પધરાયે. પાછેં સિંહનદકે વૈષ્ણવ શ્રીઆચાર્યજીકે દરસનકોં આયે હતે તિનસોં કહે— યે દોઉ સ્ત્રી-પુરુષ હમારે હૈં. તાતેં ઈન દોઊ



કોઈ પ્રકારસોં દુઃખ ન પાવેં સો કરિયો. . .

તબ સ્ત્રી-પુરુષ દોઊનકે માબાપ ઈનકી નિંદા કરન લાગે. જો– પહલે તો દોઊ બડે ત્યાગી હતે. અબ વૈષ્ણવસોં ભીખ માંગિકે નિર્વાહ કરત હૈં. પરાયે ઘરમેં જાય રહે...ઠાકુર લે બડે ભક્ત ભયે હૈં લોગનકોં ઠગિવેકોં. . . તબ સ્ત્રીને કહી— જો તુમારે હમારે મા-બાપ સાંચે હૈં. અપને પાસ કહા હતો, એક કોડી ન હતી. સો સબ વૈષ્ણવને શ્રીઆચાર્યજીકે સેવક જાનિકેં કરિ દિયો હૈં. સો અબ અપને સુખી હૈં. પરંતુ યા પ્રકાર શ્રીઠાકુરજી સેવા માનેંગે નાહીં. અપુનો ધર્મ નાસ ભયો..અપુને નિંદા હી જોગ હૈં. કાહેતેં, શ્રીઠાકુરજી પ્રસન્ન કરિવેકે લિયે શ્રીઆચાર્યજીકી સરનિ આયે, સેવા પધરાયે; કછુ વૈષ્ણવસોં પૂજાયવેકે લિયે, અપુની બડાઈકિ લિયે વૈષ્ણવ નાહીં ભયે. . .

તબ..શ્રીઠાકુરજીકોં પધરાય સ્ત્રી-પુરુષ નિકસી ચલેં. કાહૂ વૈષ્ણવકોં, માબાપકોં જતાયે નાહીં. સો વે દોઊ કછુક દિનમેં આગરે આય રહેં. . . તબ શ્રીઠાકુરજી સુધ્ધ ભાવ દેખિ અનુભવ જનાવન લાગેં."

"તબ શ્રીઆચાર્યજી કહેં જો– અબહી તેરો ચિત્ત દ્રવ્યમેં હૈ. તાતેં ભગવદ્‌નામ અબહી તોકોં ફલેગો નાહીં. તાતેં તૂ જાયકે સમુદ્રકે તીર બૈઠિ. સમુદ્રકી લહરિમેં તોકોં દ્રવ્ય મિલેગો. તા દ્રવ્યતેં જો મનોરથ શ્રીજગન્નાથરાયજીકો વિચાર્યો હૈ સો પૂર્ણ કરો. પાછેં સરનિ લેંયગે. . . તબ નરહરદાસને કહી— મહારાજ, દ્રવ્યમેં મેરો મન બહોત હૈ સો જસ કરિવેકોં. જો – મન માન્યો ખરચું, પિતાહૂ સુનિકેં લાજ પાવે જો જગન્નાથરાયજી ઐસે ઠાકુર હૈં..અનેક વાગા, વસ્ત્ર, આભૂષન, રસોઈકી સામગ્રી શ્રીજગન્નાથરાયજીકોં કિયો. . .

મનકો મનોરથ હૂ પૂર્ણ કરિ નરહરદાસ શ્રીઆચાર્યજીકે પાસ આય દંડવત્ કરિ બિનતી કરી જો– મહારાજ, મોકોં કૃપા કરિકેં સરનિ લીજિયે. અબ મેરો મન કાહૂ બાતમેં નાહીં હૈ. આપકી સરન હોનમેં હૈ..તબ શ્રીઆચાર્યજી નામ સુનાય નિવેદન કરાયે. તબ નરહરદાસકે હૃદયમેં પુષ્ટિમાર્ગકો જ્ઞાન ભયો. તબ શ્રીઆચાર્યજીકોં દંડોત કરિ બિનતી કિયે— મહારાજ, મૈં બહોત બુરો કામ કિયો હૈ જો શ્રીઠાકુરજીકોં શ્રમ કરાય દ્રવ્ય લૈં અપુનો જસ પ્રકટ કિયો હૈ. મૈં મહાદુષ્ટ, સો મેરો જૈસો કો કહા? ઉલટો મન હોય પરલોક બિગરેં. તાતેં મોકોં ધિક્કાર હૈ. ઠાકુરકો દ્રવ્ય લે ઠાકુરકોં મનોરથ કર્યો. તામેં બડો સ્વાર્થ અજ્ઞાન કરિકેં માન્યોં. અબ મૈં આપકી સરનિ હોં. મેરો પરલોક સુધરેં, શ્રીઠાકુરજી કૃપા કરેં, સો પ્રકાર મોસોં કહો. તબ નરહરદાસસોં શ્રીઆચાર્યજી કહેં— તુમ શ્રીઠાકુરજીકી

સેવા કરો.''

*''પાછેં સંતદાસકી દેહ બહોત અસક્ત ભઈ. સો ભૂમિ-સયન કિયે. તબ આગરેકે સબ વૈષ્ણવ આઈ જુરેં. . તબ સબ વૈષ્ણવનને કહી જે – તુમ કહો તો શ્રીગોકુલ લે જાઈ તુમકોં. તબ સંતદાસ કહેં – અબ હોં ગોકુલ જાઈ કહા રાખ ઉડાઉં? શ્રીગોકુલકી સેવા તો મોસોં કછુ બની નાહીં આઈ.''*

*''સો ગોપાલદાસકે બેટાસોં શ્રીઆચાર્યજી મહાપ્રભુ પૂછે, જે – ગોપાલદાસ કહાં ગયે હૈં? તબ ગોપાલદાસકે બેટાને કહી, જે – મહારાજ, શ્રીઠાકુરજીકી સેવાકોં ગયે હૈં. યહ વચન સુનિ શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગોપાલદાસકે બેટા પર બહોત અપ્રસન્ન ભયે. . . ઈતનેમેં ગોપાલદાસ આય શ્રીઆચાર્યજી મહાપ્રભુનકોં દંડવત્ કિયો. તબ શ્રીઆચાર્યજી કહેં, જે – ગોપાલદાસ, તૂ કહાં ગયો હતો? તબ ગોપાલદાસને કહી – મહારાજ, પેટ લાગ્યો હે સો કછુ વ્યાવૃત્તિકોં ગયો હતો. યહ વચન સુનિ ગોપાલદાસ ઉપર શ્રીઆચાર્યજી મહાપ્રભુ બહોત પ્રસન્ન ભયે. કહે, વૈષ્ણવકોં ઐસો બોલનો ઉચિત હે; ઐસો બોલનો નાહીં જે વ્યાવૃત્તિ લૌકિકકોં જાઈ તહાં શ્રીઠાકુરજીકી સેવાકો નામ લેઈ.*

*ભાવપ્રકાશ — પુષ્ટિમાર્ગીકી યહ રીત હે જે – સેવામેં જાઈ તઊ લૌકિકકો નામ લેઈ; ભગવદ્ધર્મકો પ્રકાસ ન કરેં, સો ભગવદીય. આછે જીવ ન હોય સો લૌકિકમેં હૂ અપની બડાઈ અર્થ સબકે આગે ભગવદ્સેવાકો નામ લેઈ.''*

સેવા શામાટે કરવી જોઈએ અર્થાત્ સેવાનું પ્રયોજન શું તે વિશે ઘણાખરા પુષ્ટિમાર્ગી વકતા-શ્રોતા આજીવન વંશપરંપરાગત અજ્ઞાનમાં રાચતા હોય છે.

બ્રહ્મસંબંધદીક્ષારૂપે આત્મનિવેદન કર્યા પછી આપણું ઐહિક-પારલૌકિક સર્વ કાંઈ ભગવત્સેવાર્થ જ છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સેવા કરવામાં જ દેહાદિ સર્વની સાર્થકતા છે. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે પુષ્ટિજીવોનું સર્જન જ ભગવત્સેવાર્થે કરાયું છે. આમ પુષ્ટિમાર્ગીના સર્જન કે જીવનનું પ્રયોજન સેવા છે, સેવાનું પ્રયોજન કાંઈ નથી. સેવા કરવાથી કોઈ મેવા મળવાના નથી. મેવા મેળવવાની આશાથી સેવા કરતાં ક્લેશ જ થશે, બાવાના બેય બગડશે. શ્રીઆચાર્યચરણ ફક્ત એટલી બાંહેધરી આપે છે કે આજીવન નિષ્ઠાપૂર્વક સેવા કે કથા કરતા રહેશો તો તમારા



ભગવદ્ભાવનો નાશ નહિ થાય, પ્રભુનો આશ્રય અને સ્નેહ બન્યા રહેશે. વળી આ આજીવન સેવા કે કથા નો નિભાવ પણ પ્રભુકૃપા હશે તો થશે; સ્વર્ગ કે વૈકુંઠાદિ નો તો સવાલ જ ઊભો નથી થતો. વાલ્લભ સિધ્ધાંત એ નથી કે બ્રહ્મસંબંધ થયું અથવા તો બળદના સિંગડા પર રાઈનો દાણો ટકે એટલી વારેય ભગવદ્નામ લીધું એટલે કૃતાર્થ થઈ ગયા. આ માર્ગમાં તો એ હાલ છે કે પળભર પણ ભગવદનુસંધાન છૂટ્યું એટલે આસુરાવેશ થયો જ જાણો.

સ્થિતિ આ છે. શ્રીઆચાર્યચરણ આ બાબત કોઈને અંધારામાં રાખવા નથી માંગતા. શ્રીહરિરાયચરણ સ્પષ્ટ આજ્ઞા કરે છે કે સેવા સ્વધર્મ તરીકે જ આજીવન શ્રીઆચાર્યચરણે ઉપદેશેલ પ્રકારે જ કરવી; ન કોઈ ફળ માટે ન ભોગ માટે ન પ્રતિષ્ઠા કે પ્રસિધ્ધિ માટે તેમ જ ન કોઈ કલ્પિત પ્રકારે કે દુર્ભાવપૂર્વક.

સેવા એવી દિવ્ય છે કે જે આત્મનિવેદનની કક્ષા સુધી પહોંચેલા ભક્તને માટેય જીવનનું અપ્રાપ્ત લક્ષ્ય કે આદર્શ બની શકે છે: ''સેવા તો બાપ-બેટા કર ગયે, ઔર તો સબ લકીર પીટત હૈં''!

ભગવાને ગીતામાં ચાર પ્રકારના ભક્તો ગણાવ્યા છે:

(ક) આર્તભક્ત — સાંસારિક આર્તિ – આધિ, વ્યાધિ, ઉપાધિ – ઓ દૂર થાય તેવી કામનાથી ભજન કરનાર.

(ખ) અર્થાર્થીભક્ત — આલોક ને પરલોક માં વૈભવી જીવન મળે તેવી કામનાથી ભજનાર.

(ગ) જિજ્ઞાસુભક્ત — બ્રહ્મજ્ઞાન થાય તે માટે ભજન કરનાર.

(ઘ) જ્ઞાનીભક્ત — બ્રહ્મજ્ઞાની થયા પછી પણ ભજન કરનાર.

પહેલાં ત્રણ સકામ ભક્તો છે જ્યારે ચોથા પ્રકારના નિષ્કામ ભક્તો છે. પુષ્ટિમાર્ગમાં કેવળ નિષ્કામ ભક્તોને જ માર્ગદર્શન આપવામાં આવેલ છે. અર્થાર્થી ભી ભકત તો હોતા હે; પણ પુષ્ટિમાર્ગી નહીં, જઘન્ય પ્રવાહમાર્ગી. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે— ''શુધ્ધાશ્ચ સુખિનશ્ચૈવ બ્રહ્મવિદ્યાવિશારદાઃ ભગવત્સેવને યોગ્યા નાન્યઃ.'' અર્થાત્ ભગવત્સેવા કરવા યોગ્ય એ જ વ્યક્તિ છે જે શુધ્ધ, સુખી અને બ્રહ્મવિદ્યાવિશારદ હોય. આર્તભક્ત સુખી નથી હોતો, અર્થાર્થીભક્ત વાસનાગ્રસ્ત હોવાથી શુધ્ધ નથી હોતો અને જિજ્ઞાસુભક્ત જ્ઞાની ન હોવાથી જ જ્ઞાન મળતા ભક્તિને છોડી દે છે. આજીવન ભક્ત એ જ થઈ શકે જે ભક્તિ બીજા કશા માટે ન કરતો હોય. બીજાઓ માટે તો ગરજ સરી ને વૈદ વેરી; કામનાપૂર્તિ થઈ નથી ને ભજન છૂટ્યું નથી.

બીજી દષ્ટિએ જોતાં સેવાનું એકમાત્ર પ્રયોજન પ્રભુસુખ છે અને

સેવાનું એકમાત્ર ફળ પ્રભુની પ્રસન્નતા છે. પ્રભુ પ્રસન્ન થઈ પુષ્ટિજીવને પ્રેમ, આસક્તિ અને વ્યસન ની ક્રમિક અવસ્થાઓ રૂપે વ્રજભક્તોની માફક આપના દિવ્ય આનંદનો અનુભવ કરાવે એ સહજ સંભવ છે. શ્રીઆચાર્યચરણ એ બાબતમાં આશાવાદી છે જ. પણ તેનો અર્થ એવો **નથી કે "અમે ત્રીસ વર્ષથી સેવા કરીએ છીએ તો ય ઠાકોરજી કેમ બોલતા નથી? અમે સેવા શામાટે ન છોડી દઈએ?"** આ **પુષ્ટિમાર્ગમાં પ્રભુની કૃપા – અનુગ્રહ – જ નિયામક છે. શ્રીઆચાર્યચરણ એની કોઈ ગેરંટી નથી આપતા કે સેવા કરતાં આ બધું થશે જ. એટલું ચોક્કસ કે આપશ્રીના કહ્યા પ્રમાણે સેવા કરતાં બાજી વધુ નહીં બગડે, દિવ્ય સ્વરૂપાનંદ મળવાની શક્યતાઓ ઓછી નહીં થઈ જાય.** પણ સેવા કરવાથી આપણે બાજી મારી જઈશું એવું કાંઈ નથી. મેઘ તો નિરપેક્ષતયા પોતાના સ્વભાવવશાત્ વરસે છે; જો પાત્ર તેને ધારણ કરવા યોગ્ય બન્યું હશે તો મેઘ તેને પોતાના નીરથી છલકાવી દેશે, નહીંતર નીર વહી જશે. સેવા કરવાથી આપણે આનંદને જતનથી જાળવી શકીએ એવા પાકા ઘડામાત્ર બનીએ છીએ, ઘડાને ભરવો કે નહીં તે પ્રભુની મુન્સફીનો સવાલ છે. પ્રભુની નાડ પારખનાર મહાપ્રભુજીના કસાયેલા હાથે ટીપાઈને તૈયાર થયેલ ઘડો પ્રભુને જોતા જ ગમી જાય તેવી શક્યતાઓ ઉજળી છે પણ અંતે તો તે શક્યતાઓ જ છે.

ક્યારેક લોકપ્રિય કલાકારો ને દિગ્દર્શકો ના નાટક-સિનેમાઓ પણ ફ્લૉપ થાય છે. મા-બાપ પૂરતી ચકાસણી કરી સુપાત્ર વર સાથે કન્યાને પરણાવે અને ઘર વસાવી આપે તો ય સુખી ન થાય એવું જોખમ તો રહેલું જ છે. આશાવાદી મા-બાપ દુ:ખી દામ્પત્યના કિસ્સા સાંભળી હતાશ નથી થતા. આપણે આ ગણતરી રાખીને જ પૂરતી સભાનતા સાથે સેવા કરવાનું જોખમ ઉઠાવવું જ જોઈએ.

આવી આશાસ્પદ શરૂઆતનો ટેમ્પો જીવનભર જાળવી રાખવો ખરેખર અઘરૂં કામ છે. શ્રીઆચાર્યચરણ એનાથી વાકેફ છે જ. આપશ્રીએ સર્વનિર્ણયનિબન્ધમાં એ બાબતનો ઉપદેશ આપ્યો છે કે જીવનભર આપણે શુધ્ધ, સુખી અને બ્રહ્મવિદ્યાવિશારદ કેવી રીતે રહી શકીએ, તેવા રહીને ભગવત્સેવા કેવી રીતે કરી શકીએ.

સૌથી પહેલી આવશ્યકતા છે યોગ્ય ગુરુની. ગુરુ સ્વયં શુધ્ધ, સુખી અને બ્રહ્મવિદ્યાવિશારદ હોવા જોઈએ, આજીવન સેવા કરતા હોવા જોઈએ. આપશ્રી ત્યાં સુધી આજ્ઞા કરે છે કે સેવક થવાની ઈચ્છા ધરાવનારાએ ગુરુની ચકાસણી કરીને પછી જ કોઈકને ગુરુ બનાવવા જોઈએ. ચકાસણી



સરળ છે— ગુરુ સેવાપરાયણ છે કે નહીં, સેવા પાછી દંભાદિ નિમિત્તથી કરે છે કે અંત:કરણથી, શ્રીભાગવતજીના જાણકાર છે કે નહીં. અંત:કરણપૂર્વક સેવા કરનાર 'પરોપદેશે પાંડિત્ય' કે 'પોથીમાંના રીંગણા' ની વૃત્તિ નહીં ધરાવતા હોય. તેમ જ અર્થાર્થીજનસુલભ દંભાદિયુક્ત અને આર્તજનસુલભ ઉકળાટ કે હૈયાવરાળ ઠાલવનારા નહીં હોય. શ્રીભાગવતતત્ત્વજ્ઞ હોય તે જિજ્ઞાસુસુલભ ચંચલતા નહીં ધરાવતા હોય; શ્રીભાગવતજીમાં નિર્દેશિલ સિધ્ધાંત અનુસાર સેવાસાધ્ય ભક્તિને જ પરમફલ માની તેમાં જ લાગેલા રહેતા હશે.

દૈવી જીવો પર કૃપા કરી શ્રીમહાપ્રભુજીએ આપનો વંશ પ્રકટ કર્યો છે જેમાં શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી જેવા સમર્થ ગુરુઓ પ્રકટ્યા છે, ભલે ઓછા પ્રમાણમાં તો ય પ્રકટી રહેલ છે અને નિયમ નહીં તો અપવાદરૂપે પણ પ્રકટશે તો જરૂર. તે છતાંય જો દેશકાલવશાત્ ઉપર્યુક્ત લક્ષણોવાળા ગુરુ ન મળે તો ય શ્રીઆચાર્યચરણને ગુરુ માનીને પણ સેવામાં તો વહેલી તકે પ્રવૃત્ત થઈ જ જવું જોઈએ. ગુરુનો યોગ્ય આદરસત્કાર કરવો જોઈએ અને તેઓની આજ્ઞા અનુસાર સેવા કરવી જોઈએ.

આપણે સુખી રહીને ભગવત્સેવા કરી શકીએ એ માટે શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે જે કાંઈ સગવડ, સામર્થ્ય, સામગ્રી તમને પ્રાપ્ત છે તેનાથી સેવા કરો— 'યથાલબ્ધોપચારકૈ:'. મારી પાસે આ કે તે નથી એમ વિચારી દુ:ખી ન થાઓ, પ્રભુએ જે આપ્યું છે તેનાથી પ્રસન્ન રહી સેવા કરો.

*"સો ગદાધરદાસકોં શ્રીમદનમોહનજી સાનુભાવતા જતાવતે. આગે જજમાનકે ઘર જાતે; જો ચાહિયે સો લે આવતે. વૈષ્ણવ ભયે પાછેં અવ્યાવૃત્તસે રહતે. સો સબ ઠૌરકો જાનો છોડ દિયો. જો આવે તામેં નિર્વાહ કરેં..બહોત સંગ્રહ કરેં નાહીં. . : સો એક દિન ભગવદિચ્છાતેં જજમાનકે ઘરતેં કછુ આયો નાહીં. તબ મંગલામેં જલકી લોટી ભોગ ધરે. સિંગારમેં રાજભોગમેં જલહી ધરે. પાછેં ઉત્થાપનતેં સેન પર્યંત જલ હી ધરે. પરંતુ ઉધારો ન લિયે. . . સો તબ એક જજમાન આયો. ગદાધરદાસકોં પુકારિ કિંવાડ ખોલાઈકિ રૂપૈયા ચાર ઔર કછુ વસ્ત્રાદિ દિયો. ઔર કહ્યો જો– આજુ મેરે સુધ્ધ શ્રાંધ્ધ હતો તાકી દક્ષિણા લેઉ..તબ ગદાધરદાસકોં વિરહ બહોત, જો– બેગિહી કછુ ધરિયે. યહ ભાવસોં એક રૂપૈયા લે સામગ્રી લેનકોં બજારમેં બેગે ગયે...સો લૈકે આઈ ઘરમેં નહાઈ શ્રીઠાકોરજીકોં ભોગ ધરી. પાછેં. શ્રીઠાકુરજીકોં પોઢાઈ વૈષ્ણવનકોં બુલાઈ મહાપ્રસાદ સબ લિવાઈ દિયો. આપુ ભૂખે હી સોઈ*

રહે. પરંતુ મનમેં સુખ પાયે, જો– શ્રીઠાકુરજી આરોગે. ઔર વૈષ્ણવનકો નાગો ન પર્યો. પાછેં તીન રૂપૈયાકો સીધોસામાન લાઈ સામગ્રી કરિ ભોગ ધરી.''

અહીં કામધંધો છોડીને હાથ પર હાથ રાખી ઘેર બેસવાનો નિષ્ક્રિયતાનો ઉપદેશ નથી પણ સેવાના નિમિત્તથી પૈસા કમાવા જતાં વધારે પડતા તે દિશામાં સક્રિય થઈ ન પડવાનો ઉપદેશ છે. જે મળ્યું છે તેમાં ખુશ રહો.

''સો શ્રીઠાકુરજીસહિત કુટુંબસહિત અડેલમેં આયે. સો કછુક દિન રહે. પરિ દ્રવ્યકો સંકોચ બહુત હતો. તાતેં શ્રીઠાકુરજીકોં ભોગ સમર્પે સો છોલા તલિકે સમર્પે.. સો યા ભાંતિ— પાતરિમેં એક મૂઠિ દારિકી ભાવના કરતે, એક મૂઠિ ભાતકી. એક મૂઠિ ખીરકી. સાગાદિક સબકો નામ લે ન્યારિ ન્યારિ મૂઠિ ધરતેં. સો શ્રીઠાકુરજી સગરી સામગ્રીકોં ભાવસોં આરોગતે. યા પ્રકાર નિત્ય કરેં.. સો એક દિના શ્રીઆચાર્યજી ભોગ સમર્પવેકી બિરિયાં પદ્મનાભદાસકે ઘર પધારે. . . તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકો હૃદય ભરિ આયો. ઔર જાન્યો જો– યાકે દ્રવ્યકો સંકોચ હૈ તાતેં યોં કરત હૈ પરંતુ દ્રવ્યકો ઉપાય નાહિં કરત હૈ. બડો ધૈર્ય હૈ. તાતેં યાકે ઉપર શ્રીઠાકુરજી બડે પ્રસન્ન હૈ. . .

શ્રીમથુરાનાથજીસોં પૂછે જો– મહારાજ, આપકોં શ્રીઆચાર્યજીકે ઘર પધારિવેકી ઈચ્છા હોય તો ઉહાં નાના પ્રકારકી સામગ્રી હૈં. મેરે ઈહાં તો જો સમય જૈસો પ્રાપ્ત હોઈ તૈસો ધરુંગો. તબ શ્રીમથુરાનાથજીને કહી– મોકોં તેરો કિયો ભાવત હૈ. તાતેં જો ધરેગો સો પ્રીતિતેં આરોગૂંગો.''

શ્રીઠાકોરજી ઉત્તમોત્તમ સામગ્રીના ભોક્તા છે પણ ઉત્તમોત્તમ તે તે સેવકની મર્યાદાને હિસાબે નક્કી થશે, સામગ્રીને હિસાબે નહીં.

''સો વહ બ્રાહ્મની નિષ્કપટ ભોલી બહોત હતી ઔર નિષ્કિંચન, દ્રવ્ય નાહીં. સો માટીકે કુંજા શ્રીઠાકુરજી આગે ભરિકે રાખે. રસોઈમેં હૂ માટીકે પાત્ર. ઔર ઘરહૂ નિપટ છોટો. વહી ઘરમેં રસોઈ, મંદિર, શ્રીઠાકોરજીકોં સામગ્રી. આચાર ક્રિયાહૂ બહોત સમઝે નાહીં ઔર નેત્રનસોં હૂ થોરો દીસે. સો પ્રીતિપૂર્વક સેવા કરે. . . પાછે એક દિન એક વૈષ્ણવનેં શ્રીઆચાર્યજીસોં વિનતી કરી.. શ્રીઠાકુરજી કાહૂ ઔર વૈષ્ણવકે માથે પધરાઈ દેઉ તો સેવા ભલીભાંતિસોં હોઈ. તબ શ્રીઆચાર્યજીને કહી— આચાર, ક્રિયા, દ્રવ્યસોં શ્રીઠાકુરજી પ્રસન્ન નાહીં, શ્રીઠાકુરજીમેં પ્રીતિ ચહિયે. સો ઉહ બ્રાહ્મનીકી પરમપ્રીતિ હૈ. જૈસે ઉહ બ્રાહ્મની કરત હૈ તૈસેહી શ્રીઠાકુરજી માની લેત હૈં.''

''તબ શ્રીનાથજીદ્વાર આઈ શ્રીગોવર્ધનધરકી પરચારગી કરન લાગે.



દોઊ સમયકે પાત્ર માંજે. રાત્રિ પહર દેઢ રહે પાછેલી, તબ ઉઠિ દેહકૃત્ય કરિ ન્હાઈકિ ગાગરિ લે મથુરા આઈ શ્રીયમુનાજલકી ગાગર ભરિ રાજભોગ પહલે આવતે. પાત્ર સબ માંજિ રસોઈ પોતિ અપને સબ સેવાસોં પહોંચિ.. પાછેં સેનભોગકે પાત્ર માંજતે. રસોઈ પોતિ સેવાસોં પહોંચિ સેન કરતે. યા પ્રકાર સેવા કરતે. પરંતુ શ્રીગોવર્ધનધરનાથજીકોં આછો ન લાગતો. તબ શ્રીગોવર્ધનધરને અડેલમેં શ્રીઆચાર્યજી મહાપ્રભુનસોં કહ્યો જો– તિહારે સેવક મોકોં બહુત ખિજાવત હૈ.

ભાવપ્રકાશ— તાકો કારન યહ જો– ભાવ પ્રીતિસોં ઐસી સેવા કરેં, તો શ્રીગોવર્ધનધર વાકે પાછે લગે ડોલતે. પરંતુ ગોવિન્દદાસ ભલ્લા તામસી હતે, સો અહંકારસોં કરતે.. સરીરકો કષ્ટ પાવતે.''

તમને પ્રાપ્ત સામર્થ્યથી જે કાંઈ ઉત્તમોત્તમ સહજતયા શક્ય હોય તે પ્રભુને ધરવું જ જોઈએ; તમે મલમલના ગાલીચા તમારા માટે વાપરો અને પ્રભુ માટે ખાદીના વાપરો તો પ્રભુનો અનાદર થાય. પણ તેનો અર્થ એવો નહીં કે પ્રભુને હીરાનો હાર ધરવા તમે ઘરબાર વેચી નાખો, ઉધાર લો, ચોરી કરો, ગામથી ભીખ માંગો. સેવા આજીવન પેઢી દર પેઢી કરવાની છે.

''સો વહ ક્ષત્રાનીકો દ્રવ્ય સબ નિવરિ ગયો, અકિંચન હતી. સો સેવાસોં પહોંચિકે સૂત કાંતતી. તામેં સેવા કરિ નિર્વાહ કરતી. . . તબ શ્રીઠાકુરજી કહેં— મા, ઉધારો કરજ કરિ પકવાન ક્યોં કિયો? મોકોં તો ચુપરી રોટી બહોત ભાવત હૈં. કરજ માથે ચઢિ જાય તો દિયો ન જાય. જબ વહ માંગે તબ ક્લેશ હોય સો ન કરિયે. આજુ પાછેં ઉધારો મતિ કરિયો. મોકોં રોટી રુચત હૈં, તાતેં રોટી ઘીસોં ચુપરિકેં ધરિ રાખિયો. તબ વહ બાઈ વૈસેહી કરતી. સૂતકે પૈસા બઢતે તામેં પકવાન કરતી. જો પૈસા ન હોય તો રોટી ચુપરિકે ધરતી.''

તે સિવાય આપણે સુખી રહીને ભગવત્સેવા કરી શકીએ તે માટે શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે આપણા ઘર-પરિવાર તથા આપણું ચિત્ત; બીજા શબ્દોમાં આપણું બાહ્ય અને આંતર, અવ્યાકુળ હોવા જોઈએ.

ઘરમાં જ્યાં શ્રીઠાકોરજીનું નિજમંદિર હોય તે સ્થાન સુશોભિત હોવું જોઈએ. તેને સુશોભિત કર્યા પછી જ પ્રેમપૂર્વક શ્રીઠાકોરજીના શૃંગાર વસ્ત્ર અને આભરણોથી કરવા જોઈએ.

જમાનો થ્રી-ઈન-વન કે ટુ-ઈન-વન નો છે. લોકોને દરેક ચીજના બે-ત્રણ ઉપયોગની અપેક્ષા રહે છે. બીજો ઉપયોગ ન હોય તો લોકો તેમના ફળદ્રૂપ ભેજા વડે શોધી કાઢે છે; ઍમ્બ્યુલન્સને ય સંચારબંધીમાં

યાતાયાત માટે વાપરે છે. ચિત્ત પરંતુ જમાના સાથે નથી ચાલતું. ચિત્તનો તો પોતાનો આગવો અંદાજ છે. તેને દેશકાળના સીમાડા નથી. બાળક ભારતનું હોય કે અમેરિકાનું, ઊડતી વસ્તુ પ્રત્યે તેને આકર્ષણ થાય જ છે. માણસને કાલિદાસના જમાનામાં ય ફૂલો ગમતાં ને આજે ય ગમે છે. પ્રેમીઓ સદીઓ પહેલાં ય સમાજમાં બદનામી થવા છતાં ય પ્રેમ કરતાં અને આજે ય બદનામ થવા છતાં પ્રેમ કરનારા છે જ. તેથી જ ચિત્તની બાબતમાં સદીઓ પહેલાં અપાયેલ ઉપદેશો આજે ય એટલા જ પ્રસ્તુત છે. પ્રવાહ ભલે એવો હોય કે ઘરમાં જ ઑફિસ કે કારખાનું કે દુકાન કે ક્લાસ ચાલતા હોય, ચિત્ત તે દરેકને સ્વીકારી નથી શકતું. ચિત્ત તેને વ્યાકુળ કરે તેવી પરિસ્થિતિમાં વ્યાકુળ થવાનું જ. તે આપણા વશમાં નથી. બહેતર એ છે કે ચિત્તના વશમાં તમે રહો. બુધ્ધિથી સાચી દિશાનો નિશ્ચય કરી ચિત્ત એ દિશામાં વળે તેવી અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરો. ચિત્ત ભગવત્સેવામાં લાગે તે માટે સેવાસ્થળને સુશોભિત કરો, પ્રભુમાં લાગે તે માટે પ્રભુને શણગારો. તેમાં ય વળી સાંગોપાંગ સુશોભનનો-પરફેક્શનનો આગ્રહ રાખી ટેન્શન ઊભું ન કરો, ઉદ્વેગ ન કરો; પ્રેમથી શણગારો. ઘરમાં તે ઘર લાગે તેવું વાતાવરણ રાખો, સેવાસ્થળ સેવાનું સ્થળ લાગે તેવું રાખો. ચિત્ત પોતાની મેળે ત્યાં લાગશે ને પોતે પ્રસન્ન થઈ તમને અને પ્રભુને બંનેને પ્રસન્ન કરશે.

પરિવારની અવ્યાકુળતા સિધ્ધ થાય તે માટે શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે સ્ત્રીપુત્રાદિ સેવામાં અનુકૂળ હોય, સેવા કરવા ઉત્સાહી હોય તો તેમને પણ સેવામાં સહભાગી બનાવવા. ઉદાસીન હોય તો પોતે એકલાએ સેવા કરવી. પણ જો પ્રતિકૂળ હોય, સેવામાં વિઘ્ન કરતા હોય તો તેમનો ત્યાગ કરવો. નવરત્નમાં સમજાવ્યું છે કે એવી ચિંતા ન કરવી કે મેં બ્રહ્મસંબંધ લેતી વખતે સ્ત્રીપુત્રાદિનું પણ નિવેદન કર્યું છે તો તેમનો સેવામાં વિનિયોગ કેમ નથી થતો. પ્રભુને જે રુચે તે ખરું. વળી આપણાથી તેઓ વધારે સેવાપરાયણ થઈ જાય તો ય ચિંતા ન કરવી!

*"..પાછેં જાયકે પુરુષોત્તમદાસકી માતાનેં પુરુષોત્તમદાસકી સ્ત્રીકી માતાસોં કહ્યો જો– તેરી બેટી ઔર મેરો બેટા દોઊ માલા પહિરી હૈં. દોઊ વૈરાગી ભયે, અબ કહા કરનો? તબ ઉનનેં કહી— ચલો ઈનકી માલા ઉતરાઉ, નાહીં તો દોઊ મરેંગે. સો દોઊ આયકે સ્ત્રી-પુરુષસોં કહેં— યાહિ છિન માલા દોઊ ઉતારો નાહીં તો દોઊનકી હત્યા લેઊગે. તબ પુરુષોત્તમદાસને દસ-બીસ ક્ષત્રી સગેસંબંધી બુલાયકેં સબકે આગેં માતાસોં કહી જો– યહ માલા હમારે સિરકે સાટે હૈં. માથો જાય તો ચિંતા*



*નાહીં પરંતુ માલા તો ન છોડેંગે. તાતેં તુમ્હારો માલાસોં કહા કામ હૈ? તુમ્હારો મન હોય તો હમારે ભેલે રહો, ચહિયે સો લેહુ. ઔર કહો તો તુમકોં ન્યારો ઘર કરિકેં દેય, મનુષ્ય ચાકર રહેગો. જો તુમકોં ચહિયે સો લેહુ. હમસોં બનેગી સો તુમ્હારી ટહલ કરેંગે. ચાહો તુમ યાહિ ઘરમેં રહો, હમ ન્યારો ઘર કરિકે રહેં. તુમ કહો તેસેં કરેં. ક્લેશ મતિ કરો. પરન્તુ હમ માલા સર્વથા ન છોડેંગે. ઔર તુમ્હારે હાથકો છુયો ખાનપાન ન કરેંગે. તુમ માલા પહિરો, વૈષ્ણવ હોઉ તબ તુમ્હારે હાથકો પાની કામ આવેં..પરંતુ દોઉ ન માને. સો રાત્રિકોં પુરુષોત્તમદાસ સ્ત્રી-પુરુષ સોય ગયે તબ દોઊકી માતા ઘરમેં કૂપ હતો તામેં ગિરિ પરી, સો દેહ છૂટિ ગઈ..તબ જ્ઞાતિકે સગરે કહન લાગેં જો– તુમ સ્ત્રી-પુરુષકોં હત્યા લાગી તાતેં ગંગાજી ન્હાય આવો તબ જ્ઞાતિમેં લેય..તબ દોઉ જનેં ઉહાંતેં ચલે. . . દંડવત્ કરી સબ બાત કહી— મહારાજ, આપુ કહે સોઈ ભયો. દોઊકી માતા મરી, અબ ક્લેશ મિટ્યો. અબ ભગવત્સેવા પધરાય દીજેં..તબ શ્રીઆચાર્યજી પંચામૃત સ્નાન કરાય પુરુષોત્તમદાસકે માથે પધરાયે. કછુક દિન અડેલમેં રહિ સેવાકી રીતિ સબ સીખિકેં પાછેં બિદા હોય આગરેમેં આયે. સગરી જ્ઞાતિકી રસોઈ બ્રાહ્મણ ભોજન કરાઈ લૌકિક અપવાદ હૂ મિટાય દોઊ સ્ત્રી-પુરુષ ભગવદ્‌સેવા કરન લાગેં."*

આપણું અંતર અવ્યાકુળ રહે તેમાટે શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે એક તો આપણને વાણી કે ક્રિયા દ્વારા દુઃખ આપનારાઓ આપણા હિતેચ્છુ છે અથવા તો પ્રભુ જ તેમના નિમિત્તથી આપણી બહિર્મુખતા છોડાવે છે, તેમનો સંગ છોડાવે છે —એમ જાણી તે દુઃખો સહન કરવા. બીજું વૈરાગ્ય અને પરિતોષ ક્યારે ય ન છોડવા.

આપણું સારું થાય તેને ભગવત્કૃપા માનવી સરળ છે પણ પ્રથમ દષ્ટિએ ખરાબ લાગતું હોય તેને ય ભગવત્કૃપા માનવી કઠણ છે. તેના માટે દરેક વાતમાં ગુણગ્રહણ કરવાની દૃષ્ટિ આવશ્યક છે. જગતમાત્રને ભગવદ્રૂપ માન્યા પછી તે હકીકત પચાવવા જીગર જોઈએ.

*"એકવાર શ્રીગોકુલેશને પંચોળીજીએ વિનંતી કરી કે રાજ, આપ ઈશ્વર છો, તો આ ભગવદીયોની નિંદા કરનારાના મોં બંધ કરી દો તો કેવું સારું! આ સાંભળી કૃપાસાગર બોલ્યા કે તમારા શરીરનો મળ સાફ કરનારાં સ્થળ તમે બંધ કરી દો; પછી શું થાય છે તે જુઓ એટલે મને કહેજો. આ સાંભળી પંચોળીજીએ કહ્યું– રાજ, એમ કરવાથી તો માંદા પડી મરી જવાય. એટલે શ્રીગોકુલેશ બોલ્યા કે ત્યારે એવા નિંદકો જો મળ સાફ કરવા ન મૂક્યા હોય તો ભગવદીયો શુધ્ધ ન*

*રહે. માટે પ્રભુ બહુ દયાળુ છે, તેથી ભગવદીયોના દોષરૂપી મેલ સાફ કરવા એવા દુષ્ટ નિંદકોને પ્રભુ જ મૂકે છે. માટે તેવા ઉપર કદી ગુસ્સે ન થવું. કોમળ કપડું ધોવા કોમળ ચીજ જોઈએ. તેમ ભગવદીયો કોમળ છે માટે તેમનો મેલ પ્રભુ નિંદકોની કોમળ જીભ વડે ધોવરાવે છે!''*

આવી બેમિસાલ ગુણદષ્ટિને કારણે પનપતો વૈરાગ્ય અને સંતોષ પણ જ્ઞાનમાર્ગીય સંન્યાસીના હોય તેવા નથી હોતા, ભગવદાશ્રય કે ભગવત્સ્નેહ તરફ લઈ જનારા જ હોય છે. વળી તે પ્રકટ પણ તેમાંના એકને કારણે જ થાય છે.

*"તબ ઉન બ્રાહ્મણને કહી— હમારે પાસ મણિ હૈ, તુમ લેઉગે? તબ વૈષ્ણવને કહી— મણિમેં કહા ગુણ હૈ? તબ ઉહ બ્રાહ્મણને કહી— જિતનો દ્રવ્ય ચાહિએ સો મણિસોં મિલે. તબ ઉહ વિરક્ત વૈષ્ણવને કહી જો મૈં કહા કરુંગો? જગદીશ સેર ચુન દેઈગો. તાતેં સેઠ પુરુષોત્તમદાસ ગૃહસ્થ હૈં, ઈનકોં બહોત ખરચ હૈં, ઈનકો દેઉ. . તબ સેઠ પુરુષોત્તમદાસને કહી જો હમારે તો મણિ નાહીં ચાહિએ. . તબ વૈષ્ણવને સેઠજીસોં કહ્યો— તુમ મણિ ક્યોં ન લિયે? . . તબ સેઠને કહીં— તોકોં સેર ચુન દેઈંગે તો મોકોં દસ સેર હૂ દેઈંગે. કહા જગદીશકે કછુ ટોટો હૈ? સો બ્રાહ્મણ બાવરે! મૈં શ્રીઠાકુરજીકો આશ્રય છોડિ મણિકો આશ્રય કરું?''*

આમ વૈરાગ્ય અને સંતોષ રાખી સહન કરતી વખતે મનમાં એવો નિશ્ચય કરવો જોઈએ કે આ બધું દેહ છે ત્યાં સુધી છે, દેહ છૂટતાં હું નિશ્ચિત કૃતાર્થ થવાનો જ છું. આવા આત્મવિશ્વાસ સાથે સેવા કરતાં ચિત્તને વ્યાકુળ ન થવા દેવું —એમ શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે.

થાય છે શું કે સહનશક્તિ, વૈરાગ્ય અને સંતોષ થોડા દિવસો સુધી તો કાચોપોચો માણસ પણ ટકાવી જાય, પણ જો કૃતાર્થ થવાનો વિશ્વાસ ન હોય તો લાંબે ગાળે તેનું વ્યાકુળ ચિત્ત સેવામાં તત્પરતા ખંડિત કરી અન્યાશ્રય તરફ તેને દોરે છે, પ્રભુને આર્તિ દૂર કરવાની પ્રાર્થના કરવા તરફ દોરે છે; નિષ્કામ સુખી ભક્ત રહેવા નથી દેતું.

શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે આ આધિ-વ્યાધિ-ઉપાધિઓ તો મર્યા કેડે જ કેડો મૂકવાની, તમે પ્રારબ્ધને નહીં બદલી શકો. માટે જેમ નોકરિયાત કામનો સમય પૂરો થવાની રાહ જોતા જોતા કમને કરવા પડતા કામ કરે જાય છે તેમ તમે આવરદા પૂરી થવાની રાહ જોતા જોતા દુ:ખો સહન કરે જાઓ અને નોકરિયાતની જેમ વિશ્વાસ રાખો કે કામેથી ઘરે જઈ સુખશાંતિ જ મળવાના છે. પડેલા દુ:ખનો કેડો મૂકી મળનારા સુખનું ચિંતન કરી ચિત્તને પ્રસન્ન રાખો તો સેવાનો કેડો



નહીં મૂકાઈ જાય.

*"પાછેં સંતદાસકી દેહ બહોત અસક્ત ભઈ. સો ભૂમિ-શયન કિયે. તબ આગરેકે સબ વૈષ્ણવ આઈ જુરેં. સો સંતદાસસોં કહેં જો તુમ કહો તો તુમકોં રેનુકા તીર્થ લે ચલેં. ઔર કહો તો મથુરા બડો છેત્ર હૈ તહાં લે ચલેં. તબ સંતદાસ કહેં— રેનુકા મથુરા મોકોં કહા કૃતાર્થ કરેગી? જન્મ ભરિ શ્રીઆચાર્યજીકો આશ્રય કિયો, અબ યા સમય તીર્થકો આશ્રય મૈં કહા કરૂં? ઔર કરૂં તો મહાબાધક હૈ. . .*
*ભાવપ્રકાશ— . . ઔર દેહકી કહા હૈ? ભગવદાશ્રય સર્વોપરિ પદાર્થ હૈ. દેહ કહૂં પરો –યહ જતાયે.''*

લૌકિક દુ:ખો કે આર્તિઓ ને કારણે ચિત્ત વ્યાકુળ થઈ જાય તે સિવાય લૌકિકમાં લાગવાને કારણે ચિત્ત ભટકતું થઈ જાય અને સેવાલાયક શુધ્ધ ન રહે તે ય સંભવ છે. તેના ય બંને– બાહ્ય અને આંતર– કારણો હોઈ શકે છે.

જો નિર્વાહ માટે કાંઈક ધંધો-રોજગાર કરવો અનિવાર્ય જ હોય તો ધાર્મિક તથા નૈતિક રીતે યોગ્ય ધંધો અપનાવવો જોઈએ. સેવામાં પહોંચી પછી જ રોજગાર કમાઈ, કમાવાના ચક્કરમાં ચિત્ત ચકરાવે ન ચડે તે માટે, રોજ નિયમપૂર્વક શ્રીભાગવતજી આદિનો પાઠ કે અનુસંધાન કરવું આવશ્યક છે —એમ શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે. ધુરંધર ભક્તો કમાતી વખતે ય અનુસંધાન રાખી શકે છે પણ ઓછામાં ઓછું ધંધાના સમય પછી તો મનજી મુસાફરને પાછા નિજદેશ ભણી વાળવા જ રહ્યા.

*"સો સંતદાસ બહુત સંપન્ન હુતે, લક્ષ રૂપૈયાકો વ્યોપાર હતો. સો વ્યોપારમેં દ્રવ્ય સબ ખોયે, કછુ ચોરનનેં લિયો, કછુ રાજા દંડ લિયો. પાછે નિષ્કિંચન ભયે, પરંતુ મનમેં આનંદ ભયો જો શ્રીઆચાર્યજી કહેં સો ભયો. પાછેં ચોબીસ ટકાકી પૂંજી રહી, તાકોં લે કૌડી સેઉકે બજારમેં બેચન લાગે. સો કૌડિનકી ઢેરી પૈસા પૈસાકી ન્યારી ન્યારી કરિકેં ધરતે. આપ કાહૂતેં બોલતે નાહીં. લોગ પૈસા ધરિકેં કોડીકી ઢેરી લે જાતે. સો અઢાઈ પૈસા નિત્ય કમાતે. આપ બૈઠે પોથી દેખતે. . આયે પૈસાકી ચબેની રાત્રિકો ઈનકે ઘર વૈષ્ણવમંડલી હોતી સો કીર્તન-વાર્તા ભયે ઉપરાંત બાંટતે. યા પ્રકાર નિર્વાહ કરતે.''*

ચિત્તને ભટકવાના આંતરિક કારણો દૂર કરવા શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે કોઈથી કાંઈ અપેક્ષા ન રાખતાં મન મક્કમ કરી તેને પ્રભુમાં

જ લગાડેલું રાખી પ્રભુ પર દઢ વિશ્વાસ રાખી જે પ્રકારે દેહનિર્વાહ થઈ રહે ને સંસારનું ગાડું ગબડે જાય તે પ્રકારે લૌકિક ઉપાયોથી ગબડાવે રાખવું. મન, વાણી અને ક્રિયા વ્યર્થ વિષયોમાં ન લાગવા દેવા.

*"સો પ્રથમ પદ્મનાભદાસ વ્યાસાસન બૈઠતે. સો કન્નૌજમેં આપ અપને ઘર કથા કહતે, ઊંચે આસન બૈઠતે. કાહૂકે ઘર જાનો ન પરતો; વૃત્તિ ઘર બૈઠે ચલી આવતી. . . તબ આચાર્યજીને નિબન્ધકો શ્લોક કહ્યો. . . પદ્મનાભદાસજીને અંજુલી ભરિકે સંકલ્પ કિયો જો કથા કહિકે વૃત્તિ ન કરુંગો. . . તબ શ્રીઆચાર્યજી કહેં જો શ્રીભાગવત વૃત્ત્યર્થ ન કહનો; ઔર તો તુમ્હારી વૃત્તિ હૈ, તુમ બ્રાહ્મન હો તાતેં ઔર મહાભારત ઈત્યાદિક તો કહનો. તબ પદ્મનાભદાસને કહ્યો જો મહારાજ, અબ તો સંકલ્પ કિયો તાતેં કછુ ન કહનોં. તબ શ્રીઆચાર્યજીને કહી જો તુમ તો ગૃહસ્થ હો, કૌન ભાંતિ નિર્વાહ કરોગે? તબ પદ્મનાભદાસને શ્રીઆચાર્યજીસોં કહ્યો જો શ્રીભાગવત વૃત્ત્યર્થ ન કહૂંગો. ઔર જિજમાનકે ઘર વૃત્તિ કર લાઉંગો તાતેં નિર્વાહ કરૂંગો. પાછેં જિજમાનકે ઘર વૃત્ત્યર્થ ગયે. તિનનેં આદર બહુત કિયો. તબ પદ્મનાભદાસકે મનમેં ગ્લાનિ આઈ, જો પહલે તો કબહૂ ભિક્ષા કરી નાહીં. અબ વૈષ્ણવ ભયે પાછે ભિક્ષા માંગન નિકસ્યો સો ઉચિત નાહીં. પહલે તો ઉપવીત ગરેમેં હતો તાકો તો ઉચિત હૈ જો ભિક્ષાવૃત્તિ કરેં પરિ અબ તો ગરેમેં માલા પહરી, તાકોં તો યહ ભિક્ષાવૃત્તિ ઉચિત નાહીં. તબ ફેરિ સંકલ્પ કિયો જો ભિક્ષાવૃત્તિ ન કરુંગો. તબ ફેરિ શ્રીઆચાર્યજીને પૂછી જો અબ નિર્વાહ કૈસે કરોગે? તબ પદ્મનાભદાસને કહી જો વૈશ્યવૃત્તિ કર નિર્વાહ કરૂંગો. પાછે કોડી બેચતે, લકડી લૈ આવતે, પરિ ઔર બાત ન વિચારી. દેહાદિપર્યંત સેવા કીની. ઐસે ટેકી."*

મનરૂપી દોરાને સેવારૂપી સોયના નાકામાં પરોવવા માટે તેને સ્થિર કરવું આવશ્યક છે. તે માટે સેવાથી ઈતર વિષયો અને તે વિષયોની અપેક્ષાઓને છોડવા જોઈએ. મનની ચંચલતા છોડાવવા માટે દઢ વિશ્વાસ આવશ્યક છે.

કોઈ જમાનામાં ધંધો વંશપરંપરાગત રહેતો. તેમાં શાખનું બહુ મહત્વ રહેતું. માણસને એવો વિશ્વાસ રહેતો કે જે ધંધા પર મારા પૂર્વજોએ નિર્વાહ કર્યો તેના પર હું અને મારા વંશજો પણ નિર્વાહ કરી શકીશું અને કરશું જ. માટે ધંધો ચેનથી થતો. રાજાને આજીવન વંશપરંપરાગત રાજા રહેવાનો વિશ્વાસ રહેતો હોવાથી તે પાંચ વર્ષમાં કાળાધોળા કરી બને એટલું ઘરભેગું કરવાની બેજવાબદારીપૂર્ણ ટૂંકી દષ્ટિ ન ધરાવતો. વેપારી દેવું થાય તો તેય પાઈ પાઈ ચૂકવતો પણ બાપદાદાનું નામ



બગડવા ન દેતો અને પુત્ર માનભેર જીવી શકે તે જોતોં. પોતાના વચન પર કાયમ રહેતો. ગ્રાહકોને આદર આપતો.

આજે તે વિશ્વાસ ખોવાઈ ગયો છે. ગામના પૈસા લઈ દુકાન સંકેલી લઈ વિદેશ કે પરગામ ભાગી જઈ લોકોને કે બેંકોને નવડાવનારાઓનો તોટો નથી. આમ કરનારો વખણાય ઔર છે. આખા સમાજની આ હાલત થતાં બધાને ધંધાનું ટેન્શન રહે છે. દરેક જણ આવનારા દિવસોના ભયના ઓછાયા હેઠળ જીવે છે. ઉઘાડી લૂંટ ચલાવી નફો ગાંઠે કરીને ય શાંતિ નથી થતી. પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ ને ખેલાડીઓ ને અભિનેતાઓ પણ ભવિષ્યના અંધારાને જોઈ છળી ઊઠે છે. આ તાણ હેઠળ મન ચંચળ થઈ જાય છે, સારાસારનો વિવેક ભૂલી જાય છે, ક્ષુબ્ધ કે મૂઢ થઈ જાય છે. આધુનિકતાનો આ સહુથી વરવો અભિશાપ છે.

આજકાલ ક્રિકેટમાં વનડે મેચોની બોલાબાલા છે. તેમાં સતત રનની તાણ રહે છે. બેટધરો રન બનાવવાની તાણમાં હોય છે તો બોલરો અને ફિલ્ડરો રન ન બનવા દેવાની. રન કેવી રીતે બને તેનું મહત્ત્વ નથી, કેવી રીતે ન બને તેનું મહત્ત્વ નથી; બસ બનવા જોઈએ ને ન બનવા દેવા જોઈએ. આ પ્રકારની અનેક મેચો રમતાં ખેલાડીઓની એકાગ્રતા અને ટેકનિક ને અક્ષમ્ય હાનિ પહોંચે છે એમ દરેક પીઢ ખેલાડી એકી અવાજે સ્વીકારે છે.

મંદિરોમાં સેવા પણ આ જ દુર્ઘટનાનો ભોગ બની છે. વૈષ્ણવોને મનોરથો કરી લેવાની તાણ હોય છે તો ટ્રસ્ટીઓ-ગો. બાળકોને કમાઈ લેવાની. કોઈને આવતી કાલનો ભરોસો નથી.

પુષ્ટિમાર્ગનું જહાજ ચાલશે તો દઢ વિશ્વાસથી જ. વિશ્વાસના પાયા પર જ સેવાની ઈમારત ટકી શકશે. ચંચલ મન તો રણની ધૂળની ટેકરી જેવું છે, ઘડીકમાં અહીં તો ઘડીકમાં ત્યાં.

શ્રીઆચાર્યચરણ લૌકિક આજીવિકાના ઉપાયોનો ત્યાગ કરવાનું નથી કહેતા પણ તેનો આશ્રય રાખી ધંધો ફૂલેફાલે તે માટે દોડધામ કરવાની મનોવૃત્તિનો ત્યાગ કરવાનું કહે છે. તમારો નિર્વાહ કરવા ભગવાનને શ્રમ ન કરાવો, તમે જાતે જ કમાઓ; પણ વિશ્વાસ એક પ્રભુનો દઢ રાખો. તાણમુક્ત થશો ને ચેનથી સેવા કરી શકશો. પાકો ખેડૂત એક દુકાળથી વરસાદનો વિશ્વાસ ન છોડી દે. "સંશયાત્મા વિનશ્યતિ".

સેવા કરવામાં સુખ ઉપજે તે માટે શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે અક્લિષ્ટ વસ્તુઓનો જ પ્રભુને ભોગ ધરવો જોઈએ. લોકમાં જે વસ્તુ ભાવતી ગણાતી હોય તેવી કેરી, દ્રાક્ષ વગેરે ભોગ ધરવી. પોતે

જે વસ્તુ પોતાના હકની કમાણીમાંથી સન્માર્ગે પ્રાપ્ત કરી હોય વળી જે પોતાને બહુ ભાવતી હોય એવી વસ્તુ ભોગ ધરવી. તથા જેના વિશે 'હું પ્રભુને ભોગ ધરીશ' એવી લાંબા કાળની ઈચ્છા હોય એવી પ્રિય વસ્તુ ભોગ ધરવી. આમ કરતાં ચિત્ત અને પ્રભુ પ્રસન્ન થાય છે. આ સિવાયની— પ્રાપ્તિમાં કે આરોગવામાં ક્લેશ ઉપજાવનારી બહુ મોંઘી, દુર્લભ કે તીખી-કડવી-ખારી ખાદ્યસામગ્રી કે ઘોંઘાટિયા કીર્તન કે ખૂંચે તેવા ભારે શૃંગાર, વગેરે વસ્તુઓ — ન ધરવી.

*"તબ વા દલાલને કહી..મેરી ગાંઠમેં નિન્યાનવે હજાર રૂપૈયા હૈં. સો લાખ હોઈ તો મૈં લખેશ્વરી હોઉં. સો ચાર આનામેં તો નિર્વાહ કરત હૂં ઔર આઠ આના જમા કરૂં હૂં..યામેંતેં કોઉ ખરચ હોઈ નાહીં ઐસી સેવા કૃપા કરિ બતાઈએ. તબ શ્રીગુસાંઈજી આપ કહે જો તૂ માનસી સેવા કરિ, તામેં તેરો કછૂ ખરચ ન હોયગો..તબ શ્રીગુસાંઈજી વાકોં નિત્યકી તથા ઉત્સવકી રીતિ સબ બતાય દીની. સો તાહી રીતિસોં વહ સેવા કરન લાગ્યો. સો એકાગ્ર ચિત્તસોં શ્રીઠાકુરજીકો હૃદયમેં પધરાયકે ભક્તિભાવસોં સેવા કરે. . . પાછેં વાને જાયકે શ્રીગુસાંઈજીસોં વિનતી કરિકે શ્રીઠાકુરજી પધરાયે. તબ વહ સબ દ્રવ્ય શ્રીઠાકુરજીકે વિનિયોગમેં આયો.*

*ભાવપ્રકાશ— ..પુષ્ટિમાર્ગમેં ઠાકુર જીવકો જૈસો સ્વભાવ હોત હૈ તા ભાંતિ વાકો અંગીકાર કરત હૈં..તાતેં જા પ્રકાર બનિ આવેં તા પ્રકાર વૈષ્ણવકોં ભગવદ્‌સેવા કરની. સેવાતેં વિમુખ રહનો નાહીં."*

સ્પષ્ટ છે કે સેવામાં સ્પર્ધા કે દેખાદેખી ને સ્થાન નથી. નહિ તો લાંબા સાથે ટૂંકો જાય મરે નહિ ને માંદો થાય. જેનું ચિત્ત જે ધરવાથી સેવામાં રમમાણ રહેતું હોય તેણે તે જ ધરવું જોઈએ. ન અણગમતી કે કષ્ટસાધ્ય વસ્તુ ધરી ચિત્તને ઠગવું જોઈએ કે ન તો ગમતી વસ્તુ ન ધરી પ્રભુને ઠગવા જોઈએ. નિબંધમાં જ અન્યત્ર શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે સેવા અલ્પ કે વધુ હોય એ મુખ્ય વાત નથી, મૂળ મુદ્દો છે પોતપોતાની યોગ્યતાપ્રમાણે સેવા કરવાનો. તો જ સેવા નિરંતર નભશે.

સેવા નામપૂરતી ન કરતાં સેવાસંબંધી વસ્ત્રો ધોવા, વગેરે નાની નાની સેવા પણ ભક્તિભાવપૂર્વક જાતે જ કરવી જોઈએ.

*"ઔર દામોદરદાસ શ્રીઠાકુરજીકો જલ આપ ભરતે. સો એક દિન દામોદરદાસકો સસુર દામોદરદાસકે ઘર આઈકે દામોદરદાસસોં કહન લાગે— જો તુમ જલ ભરિ લાવત હો સો હમકોં જાતિમેં લજ્જા આવત હૈ.*



*તાતેં તુમ મતિ ભરો. લોંડી (દાસી) પાસ જલ ભરાઓ. . . તબ દામોદરદાસને દૂસરે દિન એક ઘડા તો આપ લિયો, એક ઘડા સ્ત્રીકે હાથમેં દીનો. તબ સ્ત્રી ભગવદી સો ઘડી (ગાગરિ) લે સસુરકે હાટ આગેતેં ચલે, તબ દોઉ જને વાકી હાટકે નીચે હોય નિકસે. તબ જલ લૈકે આયે. તબ પાછે દામોદરદાસકો સસુર આયો સો આઈકે પાઈન પર્યો ઔર કહ્યો— જો મૈં ચુક્યો જો તુમસોં કહ્યૌ. અબતેં તુમહી જલ ભરો, પર સ્ત્રીજન પાસ જલ મત ભરાવો. આજ પાછેં હમ કછુ ન કહેંગે."*

*"બહુરિ એક દિન કાસીકે રાજાકે મનમેં આઈ જો સેઠ પુરુષોત્તમદાસસોં મિલિએ. સો રાજા ગંગાપાર રહત હતો. તહાંતેં પ્રાતઃકાલ આયો. તા સમય સેઠજી છોટી પરદની પહરે ગોબર સંકેલત હતે. તબ સેઠકે લોગનનેં સેઠસોં કહ્યો જો— તુમસેં મિલનકોં રાજા આવત હૈં. સો આછે વસ્ત્ર પહરિકેં ગાદી પર બૈઠો. તબ સેઠ કહે જો— આવન દે. રાજાકો કહા ડર હૈ? તબ રાજા આયો. તબ સેઠ ગોબર ભરે હાથ રાજાકે આગે આયે. તબ રાજા ચતુર હતો સો કહે— સેઠજી, તુમ ધન્ય હો. યા સંસારમેં માનબડાઈ એક તિહારી છૂટી હૈ. તબ સેઠનેં કહી— હમ ગૃહસ્થ હૈં, ઘરકો કામ કર્યો ચાહિયે."*

ચિત્તની લાક્ષણિકતા કે વિચિત્રતા એ છે કે તે પ્રિય વસ્તુમાં ય પરભાર્યું નથી લાગતું. જમાનાને ભલે રેડીમેડ ગમે પણ ચિત્તને ગમે જ એવું જરૂરી નથી. તૈયાર ખરીદેલા કપડા કરતાં કાપડ ખરીદી સારા દરજીને માપ આપી શિવડાવેલા કપડા ચિત્તને વધારે પ્રસન્નતા આપે છે. મહેનતના પસીનાની કમાણીનો રોટલો મફતની મિઠાઈ કરતા વધુ ભાવે છે. બે દિવસ અગાઉ ટિકીટની લાઈનમાં બે કલાક ઊભા રહી જોયેલું સુંદર પિક્ચર બે દિવસ સુધી ચિત્તને પ્રસન્ન રાખે છે. બે મહિના મહેનત કરી બનાવેલ ચિત્રમાં ચિત્રકાર એકાકાર થઈ ગયો હોય છે. કવિને પોતે રચેલી કવિતા ગોખવી નથી પડતી, સર્જનની પ્રક્રિયામાં જ તે યાદ રહી જાય છે. પોતે લડેલી લડાઈનું ચિત્ર એક સૈનિકના માનસપટ પર વર્ષો પછી ય હમણાં જ અંકાયું હોય એવું સ્પષ્ટ રહે છે. નવ માસ પેટમાં ગર્ભરૂપે રાખેલ શિશુ પ્રત્યે માતાને સહસા પ્રેમ ઉપજે છે, પછી તે અપંગ કે કદરૂપું કેમ ન હોય. માણસ જાણે અજાણે તે કામમાં મશગૂલ થઈ જાય છે જો એ રુચિપૂર્વક કરતો હોય અને ઈચ્છવા છતાંય એવા આનંદને માણી નથી શકતો જે સહસા આવી ચઢે અને જેના માટે એ તૈયાર ન હોય. વળી તે કામમાં મશગૂલ થવાથી મળેલો આનંદ તે કામ પ્રતિ એનામાં અનેરો આદર ઉપજાવે છે. તે કામ એને પોતીકું લાગે છે; તે સર્જનની પ્રશંસા-નિંદા એને પોતાના પ્રશંસા-નિંદા

લાગે છે. પોતાની રસોઈના વખાણ સ્ત્રીને પોતાના વખાણ લાગે છે અને તેના આત્મવિશ્વાસમાં વધારો કરે છે. રેડીમેડ વસ્તુ મળતાં કે છૂટતાં આટલી ઉત્કટ અનુભૂતિઓ નથી થતી.

તેથી જ શ્રીઆચાર્યચરણ મામૂલી લાગતી સેવા પણ જાતે જ કરવાનું કહે છે.

આ તબક્કે એ વાત પણ સમજી લેવી જરૂરી છે કે ભક્તિ ભાવપ્રધાન છે અને ક્રિયાપ્રધાન નથી તેથી ચિત્તનું પ્રાધાન્ય રહેવાનું જ, પણ તેથી એવું નથી કે ચિત્ત ન લાગે તો સેવા છોડી દેવી અથવા તો ચિત્ત ચોંટ્યા વિનાની સેવા બેકાર છે.

*"એક દિવસ કોઈએ કહ્યું કે મન વિનાનું લીધું કર્યું કાંઈ દોષ નહિ. ત્યારે શ્રીજીએ કહ્યું કે મન વિના વિષ ખાઓ જોઈએ, મરો છો કે નહિ. અને મન વિના ઘી ખાઓ છો તો પુષ્ટ થાઓ છો કે નહિ."*

મૂળ વાત એ છે કે આળસ, કંટાળો આવે છે, 'બોર' થઈ જવાય છે.

*"એકવાર આપશ્રી બોલ્યા કે એક જણને દમનો વ્યાધિ થયો હતો. તેને તેની સ્ત્રી ખવડાવતી હતી તે વખતે પણ તે હાંફતો હતો. એટલે સ્ત્રીએ કહ્યું— ખવરાવું છું તો હું ને તમે હાંફો છો શામાટે? આ સાંભળી પેલો પુરુષ બોલ્યો કે ચાવે છે કોણ તારો બાપ? મતલબ કહેવાની કે ચાવતાં પણ આને ભાર પડે છે."*

*"એકવાર એક શ્લોક કહીને તેનો ભાવ કહ્યો કે જીવને સાધન તો એક પણ નથી રહ્યું; શ્રીઠાકોરજીએ સર્વ કરી રાખ્યું છે. ત્યારે પંચોળીએ પૂછ્યું કે રાજ, જીવને કંઈ જ કરવું રહ્યું નથી? ત્યારે શ્રીમુખે કહ્યું કે શ્રીઠાકોરજીનું કૃત્ય તો શ્રીઠાકોરજી કરશે, પણ જીવના કૃત્ય જો જીવ નહિ કરે તો કોણ જીવનો બાપ કરશે?"*

'બોર' થઈને છોડી દેવાથી કામ નહિ ચાલે, કર્તવ્યો કરવા જ રહ્યા.

તેથી બાહ્યાભ્યંતર શુધ્ધિમાટે શાસ્ત્રના જે સામાન્ય ઉપદેશો છે તેને પણ આચરણમાં લાવવા જોઈએ. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે શક્તિ અનુસાર અગ્નિહોત્ર, વગેરે સ્વધર્મોનું આચરણ કરવું જોઈએ અને વિધર્મોનો સર્વથા ત્યાગ જ કરવો જોઈએ. વળી ઈન્દ્રિયોને વશમાં રાખવી જોઈએ. આ ત્રણ વાતોનો રમતમાં ય ત્યાગ ન કરવો; નહિ



તો ચિત્ત તમને રવાડે ચઢાવી લક્ષ્ય સુધી પહોંચવા નહિ દે.

એક ફિલોસોફરે કહ્યું છે કે પહાડ પરથી ગબડતા પથ્થરમાં પણ જો જીવ હોય તો તે એમ જ કહે કે પતનમાં કેવી મજા આવે છે! ખરેખર પરિસ્થિતિ એવી છે કે હિતની વાતો અણગમતી હોય છે અને અહિતની વાતો ગમતી. વેપારીને સંઘરાખોરી અને કાળાબજાર કરી કમાતી વખતે આનંદ જ આવે છે. વ્યભિચારી સ્ત્રીને વ્યભિચાર કરતી વખતે જરાય ક્ષોભ નથી થતો કે હું કાંઈક ખોટું કરી રહી છું. પશ્ચાત્તાપ ને પશ્ચાત્તાપ જ એટલા માટે કહેવાય છે કે તે હંમેશા પછીથી થાય છે; પાપ કરતી વખતે તો મજા જ આવે છે. એવી મજા કે જે વિવેક, લાજશરમ, મર્યાદા, સાનભાન બધું જ ભૂલાવી દે છે. નશામાં કોઈને કાંઈ દુઃખ થતું નથી. ચિત્ત પર બુધ્ધિ ને મક્કમ મનોબળની લગામ ન રાખીએ તો તે ઈન્દ્રિયોના વશમાં થઈ જઈ ખોટે રસ્તે ચડાવી દે. ભજનની આડ લઈ સ્વધર્માચરણ, વિધર્મનિવર્તન અને ઈન્દ્રિયનિગ્રહ છોડી દેવાની ગફેલિયત રાખવી ન પાલવે. આવી મૂર્ખામી કરનારાઓના ચરિત્રોથી ઈતિહાસ અને પુરાણો ભર્યા પડ્યા છે. આ ત્રણ ટકશે તો સેવા ટકી રહેશે. બાકી રવાડે ચઢેલા ચિત્તને તો પ્રભુ જ પાછું વાળી શકે.

*"તબ ગોવિંદસ્વામીને શ્રીગુસાંઈજીસોં વિનતી કીની જો મહારાજ, આપ તો કપટરૂપ દિખાવત હો. ઔર આપકે યહાં તો સાક્ષાત્ પ્રભુ બિરાજત હૈં (ઔર) બાહિર તો વેદોક્ત કર્મ કરત હો. તબ શ્રીગુસાંઈજીને ગોવિંદસ્વામીસોં કહ્યો જો– ભક્તિમાર્ગ હૈ સો તો ફૂલરૂપી હૈ ઔર કર્મમાર્ગ કાંટારૂપી હૈ.*

*ભાવપ્રકાશ— સો ફૂલ તો રક્ષા બિના ફૂલે ન રહે. તાતેં વેદોક્ત કર્મમાર્ગ હૈ સો ભક્તિરૂપી ફૂલનકોં કાંટેનકી વાડ હૈ. તાતેં કર્મમાર્ગકી વાડ બિના ભક્તિરૂપી ફૂલકો જતન ન હોય, તબ જતન બિના ફૂલવૂ ન રહે."*

અહીં સ્વધર્મોની યાદીમાં પરોપકાર, દેશસેવા, વગેરે પણ આજના પરિપ્રેક્ષ્યમાં સમજી લેવા જોઈએ.

આ પરંતુ દવા છે અને દવાને ખોરાકની માફક ન લેવાની હોય. આખી જમીન કાંટાની વાડથી જ ભરી દેશો તો ફૂલ ક્યાં ઊગશે? તેથી શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે આ ત્રણેનો સંગ બાધક છે. સેવાના વિરોધી ધર્માદિનો તુરત ત્યાગ જ કરવો જોઈએ. તે કરતી વખતે મનમાં આ ધર્માદિના ક્ષુદ્ર ફળનું અને ભજનના દિવ્ય ફળનું જમીન-આસમાનનું અંતર વિચારવું જોઈએ. આવો ત્યાગ નહિ કરો તો ચિત્ત શુધ્ધ નહિ

રહે.

*"સો એક સમય શ્રીગુસાંઈજી કાસી પધારે હૈં. સો તહાં સૂર્યગ્રહણ ભયો. તબ શ્રીગુસાંઈજી મણિકર્ણિકાઘાટ સ્નાનકોં પધારે. તબ રુકૃમિની શ્રીમદનમોહનજીકોં સ્નાન કરાઈકેં આપુ મણિકર્ણિકા સ્નાનકોં આઈ, સો શ્રીગુસાંઈજી પધારે જાનિકે..તબ શ્રીગુસાંઈજી પૂછે— તૂ કિતને દિનનમેં ગંગાસ્નાનકોં આઈ હે? તબ રુકૃમિનીને કહી— મહારાજ, ચૌબીસ બરસ પાછેં ગંગાસ્નાનકોં આઈ હોં. યહ રુકૃમિનીકે વચન સુનિકે શ્રીગુસાંઈજીકો હૃદય ભરિ આયો, જો ઐસી સેવામેં મગન હે જો ગંગાસ્નાનકોં અવકાશ નાહીં હે."*

*"સો તબ પરમાનંદસ્વામી સગરી રાત્રિકે શ્રમિત હતે, સો પેઢૂ સોયે.*

*ભાવપ્રકાશ— સો તહાં યહ સંદેહ હોય, જો પરમાનંદસ્વામી સગરી રાત્રિ જાગરન કરિકે ચાર ઘડી પિછલી રાત્રિ રહી તબ સોયે. સો સોયેતેં જાગરનકો ફલ જાત રહત હે. સો પરમાનંદસ્વામી તો સુજ્ઞાન હૈં ઔર ચતુર હૈં, તાસોં વે ક્યોં સોયે? તહાં કહત હે. સો પરમાનંદસ્વામી લીલાસંબંધી પુષ્ટિજીવ હૈં. સો એક શ્રીઠાકુરજીકોં ચાહત હૈં ઔર જાગરનકે ફલકોં ચાહત નાહીં હૈં. સો યે પરમાનંદસ્વામી એકાદસીકે જાગરનકો મિસમાત્ર લેકેં ભગવન્નામ અધિક લિયો જાય તાકે લિયે જાગરન કરત હતે. સો ઈનકોં વિધિ રીતિસોં કછુ જાગરન કરિવેકે ફલકો કારન નાહીં હૈં. તાસોં પરમાનંદદાસ ચાર ઘડી રાત્રિ પિછલી રહી તબ સોયે. સો યાતેં જો જાગરનકો ફલ જાયગો પરંતુ ભગવન્નામ લિયો સો ગુન તો કોઈ કાલમેં જાયગો નાહીં. તાસોં ભગવન્નામ લેયવેકે અર્થ ચાર ઘડી રાત્રિ પાછિલીકોં સોયે. સો કાહેતેં? જો— સોવે નાહીં તો દ્વાદશીકે દિન આલસ સરીરમેં રહે. ફેરિ દ્વાદશીકી રાત્રિકોં ડેઢ પહર રાત્રિ તાંઈ કીરતન કરને હૈં. તાસોં જાગરનકો આશ્રય છોડિકેં ભગવન્નામકો આશ્રય કરિકે સોયે."*

આપણે પ્રાયઃ અંતઃકરણપૂર્વક સહમત નથી હોતા કે સેવા આપણે માટે સર્વોત્તમ કર્તવ્ય છે. સેવા પ્રત્યે એટલો આદર ન હોવાથી લાભશંકરભાઈ કહે છે તેમ એકાગ્ર પ્રતીક્ષાનો અભાવ હોય છે. પરિણામે આપણી ધાર્મિક પ્રવૃત્તિ ને જીવન છૂંદેલા બટાટાના લુગદા જેવું થઈ જાય છે જેમાં સેવા, પરોપકાર, દેશસેવા, વગેરેના નાના ટુકડા રહી જાય છે. બે કલાક આ કર્યું ને બે કલાક આ કર્યું. આમાં બાવાના બે ય બગડશે. પાંચ વર્ષ કોમર્સનું જ ભણતા રહેશો તો ગ્રેજ્યુએટ થઈ જશો પણ બે બે વર્ષ અનુક્રમે આર્ટ્સ, સાયન્સ અને કોમર્સમાં કાઢશો તો કંઈ હાથમાં નહિ આવે. પૂરતો સમય લઈને નક્કી કરો કે તમારે કઈ લાઈન



લેવી છે, પણ એકવાર લીધા પછી તે જ લાઈનમાં આગળ વધો. બીજી પ્રવૃત્તિઓમાં દવાની માફક આવશ્યક હોય તેટલો જ રસ લો. પરણ્યા પછી લફરાં છોડી દો, નહિ તો જીવનસાથીને ગુમાવવાનો વારો આવશે.

એકવાર ખરા દિલથી તન, મન, પરિવાર, ધન બધાને સેવામાં લગાડી દો; પછી વાંધો નહિ આવે. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે જેમ જેમ પ્રભુ તમારા હૃદયમાં પ્રવેશતા જશે તેમ તેમ તમારી ભજનમાં નિષ્ઠા વધતી જશે, સેવા તમે સર્વથા નિભાવી શકશો. તમને સેવામાં સુખ જ સુખ અનુભવાશે.

*"ઔર પદ્મનાભદાસકે ઘર બેટી કુમારી હતી..તબ એક વૈષ્ણવને કહ્યો જો— એક વર શ્રીઆચાર્યજીકો સેવક હે પરિ સનોઢિયા બ્રાહ્મણ હે. સો પદ્મનાભદાસકોં સેવક સુનત હી લૌકિક વ્યવહારકી તો સુધિ નાહીં આઈ. વૈષ્ણવને કહ્યો— જો ભલો વૈષ્ણવ હે, યાકોં કન્યા દીજિયે. તબ પદ્મનાભદાસને કહ્યો— જો ભલો. . . તબ તુલસાંને કહ્યો— જો વહ તો સનોઢિયા બ્રાહ્મણ હે, હમ કન્નૌજિયા બ્રાહ્મણ હૈં. સો ઐસે કૈસે હોઈ? તબ પદ્મનાભદાસને કહ્યો— જો અબ તો ભઈ સો ભઈ. . . પાછેં પદ્મનાભદાસને વિવાહ કરિ દીનોં. જાતિકે સબ ઝખ મારિ રહે. . .*

*ભાવપ્રકાશ— જહાં તાંઈ દૃઢ સ્નેહ નાહીં તહાં તાંઈ લૌકિક વૈદિકકો ડર હે. જબ દૃઢ સ્નેહ પ્રભુસોં ભયો તબ સગરી ચિંતા મિટી. લૌકિક વૈદિક બાધાદૂ ન કરિ સકે."*

આ એક સહજ પ્રક્રિયા છે, કંઈ બહુ મોટી અલૌકિક વાત નથી. નાનું બાળક રમવામાં એવું મશગૂલ થઈ જાય છે કે તેને ખાવા-પીવાનું રાત-દિવસનું ભાન રહેતું નથી. જર્મન કવિ ગેટેને કાલિદાસનું શાકુંતલ વાંચી એટલો આનંદ આવ્યો કે તેને માથા પર મૂકી નાચ્યો. ઘણા વૈજ્ઞાનિકોનું જીવનચરિત્ર વાંચીએ તો તેમાં હોય છે કે તેઓ રાતદિવસ સંશોધન પાછળ લાગ્યા રહેતા. મૂળ વાત એ છે કે આપણને રુચે તે પ્રવૃત્તિને સહજતાથી લઈ તેની સામે ખોટા લક્ષ્યો ન રાખવા જોઈએ. ઘણી ગૃહિણીઓ અને વૃધ્ધો ક્યારેક રોજના ત્રણ-ચાર કલાક પણ 'બગાડી' જતનપૂર્વક સુંદર નાનો બગીચો પોતાના ઘરની આસપાસ રચતા હોય છે. આ બગીચાઉછેરમાં મળતો આનંદ જ લક્ષ્ય હોય તો જીવનભર આમાં લાગ્યા રહે તો ય કંટાળો નથી આવતો, સતત નવા છોડ લાવવાની અને ઉછેરવાની તમન્ના બની રહે છે. રમતગમત કે વાંચન ને શોખ તરીકે લઈએ તો આખી જિંદગી પણ તેમાં રસ બન્યો રહે છે. અને

અસહજતાથી પૈસા, પ્રસિધ્ધિ રળવા માટે કે પરીક્ષામાં પાસ થવા માટે તેની પાછળ પડી જઈએ તો જીવનના કોઈક તબક્કે તે દિવસના ૧૨-૧૪ કલાક ચાલે છે ને કોઈક તબક્કે ૧૨-૧૪ મિનિટ પણ ન ચાલે તેવું થઈ જાય છે. સેવા સામે ધર્મપ્રચાર કે ધર્મશિક્ષણ કે વૈકુંઠપ્રાપ્તિ જેવા લક્ષ્યો ન રાખો, સહજતાથી તેમાં લાગ્યા રહો. આનંદ મળશે જ.

આ તબક્કે એક બીજી દિશાએથી સેવા પર બાધકોનો હુમલો થવાની શક્યતા રહે છે. કામદેવે નારદજીનો તપોભંગ કરવાની અનેક નિષ્ફળ કોશિશો કરી. છેવટે તેમનાથી હાર સ્વીકારી તેમને શરણે ગયો અને તેમની પ્રશંસા કરી હાર પહેરાવ્યો કે મહાદેવે તો મારા પર ક્રોધ કર્યો જ્યારે તમે તેમનાથી ય મહાન છો. આ સન્માનપત્રથી નારદજી ભોળવાઈ ગયા ને પ્રભુ પર જ ક્રોધ કરી તેમને શ્રાપ આપી બેઠા. કામદેવ બાજી હારીને ય જીતી ગયા. કોઈક નબળી ક્ષણે મન પણ અસ્વસ્થ થઈ જાય છે અને સેવાકર્તામાં અહંકાર આવી જાય છે, પોતાને તે દુનિયાથી મૂઠી ઊંચેરો સમજવા મંડે છે. પ્રભુને આદર આપતા આપતા તે પ્રભુ પોતાનો આદર કરે તેવી અપેક્ષા રાખતો થઈ જાય છે. તો ક્યારેક સેવામાં પ્રવૃત્ત થયા પહેલાંના મનમાં જે અહંકારના જાળાં હોય છે તે બાઝેલાં જ રહી કે વધીને સેવામાં વિઘ્ન કરે છે. કીડી હાથીને મારી ન શકે પણ ચટકા તો ભરી જ શકે છે. ને કોઈ સાવધાની રાખવાની ક્ષણે ચટકાને કારણે હાથી ખીણમાં પણ ગબડી જઈ શકે છે.

જેમ માણસ ઊંચે ચઢતો જાય તેમ તેની જોરથી નીચે પટકાવાની શક્યતાઓ વધતી જાય છે. કોઈ પ્રારંભિક અવસ્થામાં જે વાત બાધક ન પણ હોય તે ઉચ્ચ અવસ્થામાં એટલી બાધક થઈ શકે છે કે જાન પર વીતે. નારદજીના ઉદાહરણમાં આ આપણે જોયું જ. સેવા કરવામાં આપણને કર્તવ્યબુધ્ધિ જાગે તે બહુ સારી વાત છે પણ તેનો અહંકાર કરવો અંતે સેવાની ભાવનાને જ હાનિકારક છે. જીવ સમજીને છોડી દે તો સારું જ છે નહિ તો નાહક પ્રભુને પરિશ્રમ લેવો પડે છે. તેથી શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે બધું જગત બ્રહ્માત્મક છે તેવી ભગવદ્બુધ્ધિથી સહુ પ્રત્યે આદર રાખો, પોતાનામાં દીનભાવ અને જગતના દુન્વી પદાર્થોમાં પણ અહોભાવ રાખો. તેમને ચાહવા નહિ મંડી પડતા પણ આદર તો રાખો જ. ક્યાં બાઇબલની જગત પ્રત્યેની દોષદૃષ્ટિ ને ક્યાં શ્રીઆચાર્યચરણની ભગવદ્દૃષ્ટિ! જમીન આસમાનનો ફરક છે.



તે સિવાય અહંકાર ન કરવો અને પ્રભુથી આદરની અપેક્ષા ન રાખવી.

"સો રામદાસજી અષ્ટપ્રહર અપરસમેં રહતે. જલપાન બીડા અપરસમેં લેતે. યા પ્રકાર ભગવત્સેવા કરતે. શ્રીઠાકુરજીકો નેગ બહોત હતો. દ્રવ્યહૂ બહોત હતો. સો કછુક દિનમેં દ્રવ્ય થોરોસો આઈ રહ્યો.

ભાવપ્રકાશ— તાકો અભિપ્રાય યહ જો રંચ દ્રવ્યકો અહંકાર હતો સો અન્યાશ્રય શ્રીઠાકુરજીકોં છુડાય દૈનો કરનો હૈ..

..તબ રામદાસજી એક બનિયાકે ઈહાં ઉધારે ઉચાપતિ કરન લાગે. તબ માથે રિન ભયો. . . તબ શ્રીઠાકુરજી રામદાસકો રૂપ કરિ ઉહ બનિયાકો કરજ સબ ચુકાઈ દિયે. . . તબ (રામદાસ) ઘરમેં આઈ બિચારે જો અબ ઘરમેં રહનો નાહીં. ચાકરી કરુંગો. તબ ઘોરા લિયે હથિયાર બાંધિ ચાકરિ કરન પ્રયાગમેં આયે. તબ જલપાન બીડા બિના અપરસમેં લેન લાગે.

ભાવપ્રકાશ— તાકો કારન યહ જો– કછુ અપરસકો અહંકાર હતો જો ઔરસોં ઐસી અપરસ નાહીં બનત સોઉ શ્રીઠાકુરજી છુડાઈ અહંકાર મિટાયે. ઔર યહ જતાયે જો ઐસી અપરસ કૌન કામકી જામેં શ્રીઠાકુરજીકોં શ્રમ કરનો પરૈ.

..તબ શ્રીઆચાર્યજી કહે— યહ ધન્ય હૈ. શ્રીઠાકુરજીકો શ્રમ નાહીં કરાવત હૈ. તાતેં યા સમાન ધીરજ કાહૂકોં નાહીં.

ભાવપ્રકાશ— તાકો કારન યહ જો કહા બહોત અપરસસોં કાર્ય હોત હૈ? પુષ્ટિમાર્ગીય ધર્મ બહોત કઠિન હૈ. દ્રવ્ય સગરો ગયો, રિન માથે ભયો, પરંતુ ધીરજ નાહીં છૂટ્યો. સો કહા? જો– મન શ્રીઠાકુરજીમેં રહ્યો. હૃદયકે ભીતર ચિંતારૂપ કષ્ટ નાહીં ભયો. પાછેં શ્રીઠાકુરજી રિન ચુકાયે સો મનમેં પ્રસન્ન ન ભયો. ચાકરીકો કાર્ય કિયો. અબ દીનતા યાકો ભઈ હૈ, મન શ્રીઠાકુરજીમેં હૈ. યા આસયતેં શ્રીઆચાર્યજી ધન્ય કહે."

"સો શ્રીગોવર્ધનનાથજીકે દરસન કરિકૈ ડેરાનમેં આઈકૈ વા રાજાનેં અપની રાનીસોં કહ્યો જો– શ્રીગોવર્ધનનાથજીકો દરસન બહુત સુંદર હૈ, સો તૂ ગિરિરાજ પર જાયકે શ્રીગોવર્ધનનાથજીકે દરસન કરિ આવ. તબ રાનીને રાજાસોં કહ્યો જો– જૈસે હમારી રીત હૈ તૈસે પરદાનમેં દરસન હોય તો મૈં કરું. . . તબ રાની પરદાનમેં આઈ ઔર શ્રીનાથજીકે દરસન કરન લાગી. તબ શ્રીનાથજી (ભક્તોધ્ધારક સ્વરૂપસોં) સિંહાસનસોં ઉઠિકે સિંહપૌરિકે કિંવાડ ખોલી દિયે સો ભીડ વા રાનીકે ઊપર પરી. સો વાકે દેહકે વસ્ત્ર નિકસી ગયે. તબ રાની બહોત લજ્જિત ભઈ. . . તબ

*રાજાને રાનીસોં કહી જો મૈં તોસોં પહલે હી કહ્યો હતો જો યે શ્રીનાથજી વ્રજકે ઠાકુર હૈં, સો ઈનને કાહૂકો પરદા રાખ્યો નાહીં હૈ. તા સમય પરમાનંદદાસ યહ પદ ગાવત હતે..કૌન યહ ખેલવેકી બાનિ..સો યહ સુનિકે શ્રીઆચાર્યજી પરમાનંદદાસકોં બરજે જો— ઐસે ન કહિયે. યાસોં ઐસે કહો જો ભલિ યહ ખેલવેકી બાનિ.''*

પ્રભુ ખરેખર અહંકાર છોડાવી જીવનું ભલું જ કરે છે. જીવબુધ્ધિથી આપણને ખરાબ લાગે પણ અંતે તેનું સારું પરિણામ પ્રભુએ વિચાર્યું હોય છે. પોતે દાસ હોવાના આત્મવિશ્વાસ અને પ્રભુ સ્વામી હોવાના વિશ્વાસને સહારે સેવક જીવનની નાની મોટી આપત્તિઓનો પણ સરળતાથી સામનો કરી શકે છે. ન સેવા પ્રત્યે આદર છૂટે છે ન પ્રભુ પ્રત્યે. ઘટના એની એ જ રહે પણ તેને ભગવલ્લીલાના પરિપ્રેક્ષ્યમાં નિહાળો અને પોતાના છિનાળાના પરિપ્રેક્ષ્યમાં નિહાળો તેમાં બહુ મોટું અંતર પડી જાય છે. વધુ વકરેલો અહંકાર તો વળી પોતાની કૃતિને લીલા માનવા જીવને પ્રેરે છે, અને તેમાં દૈવવશાત્ આવેલું વિઘ્ન છિનાળું લાગે છે! ખેર. આ બધું વિસ્તારથી શિક્ષાપત્રમાં છે.

અહીં હવે સૌપ્રથમ વાર શ્રીઆચાર્યચરણ બ્રહ્મવિદ્યાવિશારદતાને આપણા ધ્યાનમાં લાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે બીજા કોઈ પ્રયોજન વિના ને દંભ વિના પ્રયત્નપૂર્વક આદરથી શ્રીભાગવતજીનું પઠન દરેક સેવાકર્તાએ કરવું જોઈએ. તો જ દીનતા અને અહંકારાભાવ બન્યા રહેશે.

બ્રહ્મવિદ્યાવિશારદતાનો સરળ ભાષામાં અર્થ એ કે પ્રભુના સ્વરૂપ અને લીલા ને સરખી રીતે જાણવા. પ્રભુનું સ્વરૂપ એ છે કે જગતમાં જે કાંઈ છે તે પ્રભુ જ બન્યા છે. અને લીલા એ કે પ્રભુએ પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી જીવોની તથા જડ પદાર્થોની સૃષ્ટિ રચી છે જેમાં ભેદ જ ભેદ છે. એક રમતના નિયમો હોય તેવા લચીલા શાસ્ત્રોના નિયમો બનાવ્યા છે જે ડગલે ને પગલે જીવને પાળવા પડે છે; ને એક નટખટ બાળક જેવા પોતે છે જે ડગલે ને પગલે નિયમની ઉપરવટ ચાલી જીવને કૃપા કરી રમતમાં ખેંચી લે છે. નથી આપણે નિયમો તોડવાના ને નથી પ્રભુ નિયમો પાળવાના. પ્રભુથી અભિન્ન હોઈને પણ અંતે તો આપણે રમતના સાધન કે બહુ બહુ તો ખેલાડી જ છીએ. આ બંને વાતનો જીવનમાં સમન્વય કેવી રીતે સાધવો તે શ્રીભાગવતજીના નિયમિત અવગાહનથી સમજાય છે.

અને તેથી વધુ મહત્વનું તો એ કે આપણે સ્વરૂપ અને લીલા બંનેને માણી શકીએ એવા સક્ષમ થઈ શકીએ છીએ. પ્રભુનું તો સ્વરૂપ



એવું છે કે લીલાઓ ભૂલી જવાય અને લીલાઓ એવી છે કે સ્વરૂપને ભૂલી જવાય! અર્જુન વિરાટસ્વરૂપ જોઈને કાંપી ગયો ને શ્રીયશોદાજી મૃત્તિકાભક્ષણ અને માખણચોરીની લીલા જોઈ-સાંભળીને પ્રભુ પર કોપાયમાન થઈ ગયાં! શ્રીઆચાર્યચરણ બંને પર ભાર આપે છે, જીવનભર સેવા નભી શકે તે માટે. આપે તેથી જ શ્રીભાગવતજી પર શ્રીસુબોધિનીજી, ભાગવતાર્થનિબન્ધ, પુરુષોત્તમસહસ્રનામ, ત્રિવિધનામાવલી તથા શ્રીભાગવતાનુક્રમણિકા જેવા એકથી એક વિલક્ષણ ગ્રંથો રચ્યા છે. વળી સામાન્યજન માટે તેના જ અનુસંધાનમાં ઉપદેશની શૈલીમાં ષોડશગ્રંથો રચ્યા છે. જેઓ તે ય સમજી ન શકે તેને આપે સતત અષ્ટાક્ષરનું રટણ શરણભાવનાપૂર્વક નિર્ભય અને નિસ્પૃહ થઈને કરવાની છૂટ આપી છે.

તે સિવાય શ્રીઆચાર્યચરણ માલા-તિલક ધારણ કરવાની અને એકાદશી તથા જયંતીવ્રત કરવાની આદિ વૈષ્ણવધર્મની આજ્ઞાઓનું પાલન કરવાનું ભારપૂર્વક જણાવે છે. આમાં શ્રીગોકુલનાથજી કે સૂરદાસજી કે દયારામભાઈ કે નરસિંહ મહેતાએ પણ વર્ણવેલા વૈષ્ણવમાત્રના સામાન્ય લક્ષણો પણ આવરી લેવા જોઈએ. તે થકી સેવાલાયક શુધ્ધિ સંપાદન થાય છે.

આમ શુધ્ધ, સુખી અને બ્રહ્મવિદ્યાવિશારદ થઈને આનંદપૂર્વક કોઈ અનુયાયી જીવનભર ભગવત્સેવા કરતો રહે તો શ્રીઆચાર્યચરણ તેને બિરદાવે છે કે બ્રહ્મજ્ઞાનીને તો કેવળ પોતાના આત્મામાં જ બ્રહ્માનંદની અનુભૂતિ થાય છે, જ્યારે ભક્તને તો પોતાના દેહ, ઈન્દ્રિય, પરિવાર, ઘર, સંપત્તિ સર્વકાંઈમાં બ્રહ્માનંદ અનુભવાય છે.

આ પરંતુ તેને જ અનુભવાય છે જેના પર પ્રભુની કૃપા હોય; ''કૃપા વિના સિધ્ધિ નવ થાય.'' પ્રભુચરણ શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે જેમ આંધળાને સૂર્ય હોય કે ન હોય તેથી કાંઈ ફરક નથી પડતો તેમ જેના પર પ્રભુકૃપા નથી, જેને આ માર્ગમાં રુચિ નથી, તે સેવા કરે કે ન કરે બધું સરખું જ છે.

ક્યાં તો સેવાનું આ આદરણીય સ્વરૂપ અને ક્યાં આજે આપણે એને આપી દીધેલું ઘૃણાસ્પદ સ્વરૂપ! ગંગોત્રીના ને કાનપુરના ગંગાજળ જેટલો ફરક છે!

*

# ૪. સેવ્યસ્વરૂપ

શાળા-કોલેજમાં ગુજરાતી ભણનાર દરેક વિદ્યાર્થી પર કવિ કલાપીની કેકારવસમી કવિતાઓ તેમની હૃદયસ્પર્શિતા અને સંવેદના ને કારણે એક અવિસ્મરણીય છાપ મૂકી જાય છે. કવિનું સંવેદનશીલ હૃદય પ્રકૃતિના નાના સ્પંદનોના પણ પડઘા પાડે છે—

'રે પંખીડા! સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો,
શાને આવા મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો?
પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું,
ના ના કો'દિ' તમ શરીરને કાંઈ હાનિ કરું હું.''

કવિ પોતાની આ અમૂલ્ય અસ્ક્યામતથી પૂર્ણપણે વાકેફ છે. તેઓ પ્રભુથી પણ આ ગરાસ લૂંટાઈ ન જાય એ જ માંગે છે—

''પડ્યા જખમ સૌ સહ્યા, સહીશ હું હજુયે બહુ,
ગણ્યા નવ કદી, ગાયું નવ કદી, પડે છો હજુ;
અપાર પડશે અને જિગર હાય! આળું થયું,
કઠિન ન બનો છતાં હૃદય એ જ ઈચ્છું પ્રભુ!
બહુ ય રસ છે મને હૃદય છે હજુ તો, અહો!
અરે! હૃદય જો ગયું રસ ગયો પછી તો બધો;
ભલે મૃદુ રહી સહી જખમ છેક ચૂરો થતું,
કઠિન ન બનો કદી હૃદય એ જ ઈચ્છું, પ્રભુ!''

ખરેખર જો જીવનમાંથી સંવેદના જતી રહે તો બધો રસ ઊડી જાય છે.

''એક બાળકનો તમે ખેરીચો તપાસો તો એમાંથી કેટલી બધી વસ્તુઓ તમને મળી આવે છે! બાળકની સંપત્તિમાં તમને બસની ટિકિટો પણ મળે, પેનના ટુકડાઓ પણ મળે, પાંચીકાયે મળે, કાગળની ચબરખીઓ પણ મળી આવે અને પતંગનો ગૂંચવાયેલો દોર પણ મળે. . . દુનિયાની નજરે કાંકરાનો કોઈ અર્થ નથી, પણ એ કાંકરા બાળક પાસે જાય છે ત્યારે પાંચીકા બની જાય છે. ખાલી બાકસમાં કંઈ નથી છતાં ખાલી બાકસ બાળકના હાથમાં આવે ત્યારે ટેલિફોન બની જાય છે. . . આ સૃષ્ટિમાં બાળક જ એવું છે કે જે નિરર્થકતાનું આનંદમાં રૂપાંતર કરી શકે છે. ખાલી બાકસમાં બાળકનું ઈન્વોલ્વમૅન્ટ (તન્મયતા) એટલું બધું હોય છે કે એ બાકસ ભરેલી બાકસ લાગે છે.''

(—શ્રીઅનિલ જોશી લિખિત 'પવનની વ્યાસપીઠ'માંથી સાભાર).

ભકતની ભક્તિમાં તન્મયતા પણ આવી જ હોય છે કે એનું ધરેલું



જળ પ્રભુને યમુનાજળ લાગે છે ને છોલા છપ્પનભોગથી ય અધિક. ભક્તની ભાવમયી સંવેદના દુન્યવી વસ્તુઓને ય એવી દિવ્ય બનાવી દે છે કે વૈકુંઠનાયક લક્ષ્મીપતિ વાક્પતિ ગરુડાસન કૌસ્તુભધારી પ્રભુ પણ તેના પ્રત્યે આકર્ષિત થઈ જાય છે, તેનો ઉપભોગ કરવા દોડ્યા આવે છે. શબરીના એઠાં બોરની મજા જ કાંઈક ઓર છે!

કેટલાક મૂર્ખો ભક્તિને ખુદાની ખુશામત કહે છે પણ તેવું નથી. ખુશામત ને ભક્તિમાં આ સંવેદના અને તે થકી આવતી તન્મયતાનું તાત્ત્વિક અંતર રહેલું છે. ભક્ત પ્રભુને ગાળો આપે તો ય સંવેદનાપૂર્વક દિલથી ગાળો આપે છે; ને ચમચો પ્રશંસા કરે તો ય તે જીભ જેવી જ લૂલી હોય છે. પોતાની ચરણરજ પ્રભુને લેવડાવવાથી પોતાનો નરકવાસ થાય તે વ્રજભક્તોને સહ્ય છે પણ પ્રભુને પેટમાં પીડા થાય છે તે નથી સહેવાતું; આવી અદ્‌ભુત સંવેદના!

પુષ્ટિમાર્ગીએ ભગવત્સેવા કેવી રીતે કરવી એનો એક શબ્દમાં કોઈ જવાબ હોય તો તે છે સંવેદનાપૂર્વક. આપણે ત્યાંની સેવાપ્રણાલિકાને સમજવાની એકમાત્ર ચાવી છે સંવેદના. આ ઉત્સવના દિવસે આ શૃંગાર કેમ આવે, આ સામગ્રી કેમ ધરાય, આ જ વસ્ત્ર શામાટે, આ ભાવનું કીર્તન કેમ ગવાય, આ સાજ કેમ ધરાય, પહેલા આ કરવું કે તે, આ આગળ ધરવું કે તે, આ વહેલા કેમ કરવું ને આ મોડા શામાટે કરવું —બસ ભાવમયી સંવેદનાથી વિચારી જુઓ, સમજાઈ જશે.

એક સંવેદનશીલ માતા હતી. તેના પુત્રને કોઈ જન્મજાત એવી તકલીફ હતી કે જેના કારણે તે પકવાન નહોતો ખાઈ શકતો. તે દુઃખની સંવેદનાને કારણે માતાએ પણ પકવાન ખાવા છોડી દીધા. આવી માતા જો પુષ્ટિમાર્ગમાં આવી ઘરમાં સેવા પધરાવે તો તેને એટલું જ સમજાવવું પડે કે શ્રીઠાકોરજીને તારા પુત્રની જેમ સેવજે. તે પોતાની મેળે સમજી જાય કે ઠાકોરજીને આરોગાવ્યા સિવાય કાંઈ લેવાય નહીં, ઠાકોરજી ઉત્તમ વસ્તુના ભોકતા છે, ઠાકોરજીની સેવામાં જ જીવનની સાર્થકતા છે, ઠાકોરજીથી વહાલું કોઈ હોઈ ન શકે, ઠાકોરજીને પરિશ્રમ થઈ શકે, ઠાકોરજીને નજર ન લાગે તે માટે દર્શન ન કરાવવા, ઠાકોરજીની આરતી કરવી, ઠાકોરજીની પ્રસન્નતા જ સેવાનું ફળ છે, ઠાકોરજીની નાની-મોટી સેવા પોતે જાતે જ કરવી જોઈએ, પોતાની દિનચર્યા સેવાનો સમય સાચવીને તેને અનુકૂળ ઘડવી જોઈએ, શ્રીઠાકોરજીને ઋતુ અનુસાર વસ્ત્ર-શૃંગાર-સામગ્રી-કીર્તનાદિ ધરવા . . .

ને સાચું પૂછો તો સેવા કેવી રીતે છોડવી તેનો ય એ જ જવાબ છે કે સંવેદનાપૂર્વક. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે શરીરમાં બહુ અશક્તિ આવી ગઈ હોય કે તમારા સેવા કરવાથી પરિવાર કે પાડોશીઓ ને પીડા

થતી હોય કે ઈન્દ્રિયોને સેવામાં બળજબરીથી લગાડવા છતાં ય ઈન્દ્રિયો જવાબ દઈ જતી હોય કે તમને સેવાની કોઈ અપરસ કે નેગ જેવી બાબતનો બહુ હઠાગ્રહ થઈ જાય તો સેવા છોડી દેવી જોઈએ. અહીં જીવનું સેવા છોડી દેવાથી ભલું થશે કે બુરું તે ગૌણ બાબત છે, સુકોમળ સુકુમાર પ્રભુને પરિશ્રમ થશે તેની શ્રીઆચાર્યચરણને ઘેરી ફિકર છે. પ્રભુ પ્રત્યેની સંવેદના શ્રીઆચાર્યચરણને આવી આજ્ઞા આપવા વિવશ કરે છે. કાં તો આ બાધાઓ દૂર કરો કાં સેવા છોડી દો; બે સાથે નહીં ચાલે.

સ્નેહની ભક્તિમાર્ગમાં એ જ મહત્તા છે કે તે સંવેદનશીલતા પ્રકટ કરી આદરને અમરત્વ બક્ષે છે. સ્નેહીજને આપેલ આદરના ભારથી પ્રભુ વિવશ થઈ ઝુકી જાય છે; ગૂંગળાઈ નથી જતા, કચડાઈ નથી જતા. સ્નેહની કોઈ ઉત્કટ અવસ્થામાં ભક્ત પ્રભુ પ્રત્યે અસંવેદનશીલ થઈ માનભાવ ધારણ કરે કે રીસાઈ જાય તેની ભક્તિમાર્ગમાં તેથી જ પ્રશંસા નથી કરાતી. એવો દીનતાભર્યો સ્નેહ પ્રશંસનીય છે જે પ્રભુ પ્રત્યેની સંવેદના કાયમ રાખે. માહાત્મ્યજ્ઞાન પણ એટલું જ કામનું કે જે સંવેદના જગાવે ને જાળવે. વૈરાગ્ય ત્યારે જ લેખે લાગે જ્યારે અન્ય વિષયોનું ધ્યાન હટાવી સંવેદનાને પ્રભુમાં એકાગ્ર કરે. તાપક્લેશની એટલે જ મહત્તા છે કે તેઓ પ્રભુ પ્રત્યેની સંવેદનાને બળવત્તર બનાવે છે.

આજે ખબર નથી પડતી કે માણસની સંવેદના ક્યાં જતી રહી છે. રસ્તા પર અકસ્માતમાં ઘવાયેલા પ્રવાસી કે રાહદારીઓની ચીસો બહેરા કાનો પર અથડાય છે; તેઓ તરફડિયા મારતા હોય છે અને તેમને મદદ કરવાને બદલે તેમનો સામાન ને અલંકારો લોકો ચોરી જાય છે. માણસોને જીવતા સળગાવી નાખવા, છૂરી હુલાવવી, બળાત્કાર, વગેરે છાશવારે ઘટતી ઘટનાઓ છે આજકાલ. ચારે તરફ છેલ્લી પાયરીના કલહ-કંકાસ જોવા મળે છે; શું વિધાનસભા કે શું સંસ્થાઓની ચૂંટણી કે શું બિલ્ડીંગની કો-ઓપરેટિવ સોસાયટી કે શું સંયુક્ત/વિભક્ત પરિવાર.

"તમે જુઓ કે કાચી કેરીની લીલી છાલ કેરીથી અલગ નથી પણ કેરીમય છે. તમે નખ મારીને કાચી કેરીની છાલ ઉતરડી શકતા નથી . . . પણ કેરી પાકીને મૅચ્યૉર બની જાય ત્યારે પીળી છાલને સહેજ નખ મારીએ કે તરત છાલ ઉતરડાઈ જાય અને કેરીની ગોટલીને ઉખડતી છાલનો કે ધોળાતી કેરીનો સહેજ પણ રોમાંચ થતો નથી.

મને લાગે છે કે પરિપક્વતા સંવેદનને પકવી નાખે છે, થકવી નાખે છે. માણસ જેમ પરિપક્વ (મૅચ્યૉર) થાય એમ એની ચામડી નિંભર બનતી જાય. એ જાડી ચામડીનો થઈ જાય. કાચો માણસ સૌથી વધારે



સંવેદનશીલ અને જીવતી ચામડીનો માણસ હોય છે. માનવીમાં રહેલી કચાશ ખોટાં મૂલ્યો સાથે ક્યારેય સમાધાન કરતી નથી. કચાશનો સ્વભાવ જ કોઈના દાંત ખાટા કરી નાખવાનો છે. પરિપક્વતા કાયમ સમાધાન કરી લેતી હોય છે. એ 'મધુરેણ સમાપયેત્' જેવું વલણ ધરાવે છે. એ આંખ આડા કાન કરી શકે છે. મને લાગે છે કે પરિપક્વતા (મૅચ્યૉરિટી) એ સંસાર સાથે જખ મારીને કરેલા સમાધાનનું રૂપાળું નામ છે. . .

અહીં એવું લાગે છે કે કાચી કેરીને પકાવવા માટે જેમ ઘાસની જરૂર પડે છે તેમ માણસને પકાવવા માટે સંસારનું ઘાસ અનિવાર્ય છે. માણસ સંસારના ઘાસમાં પડ્યો પડ્યો પાકી જાય છે. માણસ સડી જાય એટલી હદ સુધી પાકી જાય છે ત્યારે એના અમૃત મહોત્સવો ઉજવાય છે, ષષ્ટીપૂર્તિ ઉજવાય છે. નરસિંહ અને મીરાં તો પોતાના યુગના સૌથી વધારે અપરિપક્વ (ઈમ્મૅચ્યૉર) જીવંત માણસો હતાં. એટલે જ એનો શબ્દ આટલા વરસો પછી પણ મૅચ્યૉર લાગે છે. મને લાગે છે કે પરિપક્વતા એ આત્માનો ડાયાબિટીસ છે. પરિપક્વતા એ રાજરોગ છે. . . માણસ ઉપર મૅચ્યૉરિટીનું એટલું મોટું આક્રમણ છે કે માણસ એમાંથી બચવા માટે શરાબ પીતો થઈ ગયો છે. . . આજે માણસ પરિપક્વતાથી થાકી ગયો છે. સભ્યતાના આતંકવાદે મનુષ્યના આત્માને શો-કેઈસમાં મૂકી દીધો છે."

(—'પવનની વ્યાસપીઠ'માંથી સાભાર).

"એક બાજુ વિજ્ઞાનનો અંચળો ઓઢીને તબીબીશાસ્ત્ર માનવજાત પર હિંસા કરે છે અને બીજી બાજુ માનવકેન્દ્રિત વિચારસરણી તબીબીશાસ્ત્રજ્ઞોને પ્રાણીજગત પર હિંસા આચરવા પ્રેરણા આપે છે. તબીબી અભ્યાસક્રમની શરૂઆતમાં જ વિદ્યાર્થી દેડકો, વાંદો કે કરચલા જેવાં નિર્દોષ જીવંત પ્રાણીને ચીરીને તેની શરીરરચના શીખે છે. આગળ જતાં કૂતરા અને બિલાડા પર દવાઓની શું અસર થાય છે એનો અભ્યાસ કરે છે. આવા પ્રયોગ પૂરા થતાં જ મરેલાં કૂતરાં બિલાડાં ને કચરાની ટોપલીમાં નિસંકોચ ફેંકી દેવામાં આવે છે. માનસશાસ્ત્ર જેવા વિષયોનો અભ્યાસ કરતી વખતે વાંદરાને પાંજરામાં પૂરી એના પર જાતજાતની ને ભાતભાતની પ્રક્રિયા કરવામાં આવે છે. આવી પ્રક્રિયાઓથી વાંદરાની વર્તણૂક કેવી રીતે બદલાય છે એનો નિષ્ઠુરતાથી અભ્યાસ કરે છે. તબીબી સંમેલનોમાં આવા નિર્દોષ પ્રાણીઓના જાનના ભોગે તૈયાર થયેલા લેખો વંચાય છે અને ચર્ચાય છે. . . માનવજાતનું ભલું કરવાના પ્રયત્નોથી માનવજાતને ખરેખર કેટલો ફાયદો થતો હશે એનો નિર્ણય કઠિન છે પણ પ્રાણીજાતને ચોક્કસ હાનિ પહોંચે છે એ વાસ્તવિકતા છે. તબીબી

સંશોધકો તડપતાં પ્રાણીઓની ચિચિયારી સાંભળી શકતા નથી. આવી રીતે મૂક પ્રાણીઓની યાતનાની પોક તરફ બધિર બનતા તબીબો માનવરોગીની યાતનાઓ તરફ પણ કાન ધરી શકતા નથી. તેઓ સર્વ સંવેદના ગુમાવી બેસે છે. . . આવાં (ઈન્ટેન્સીવ કેર) યુનિટોને અમેરિકામાં પ્રેસર કૂકર કહેવામાં આવે છે જ્યાં ઈલેક્ટ્રોનિક સાધનોની વચ્ચે ઠંડાગાર વાતાવરણમાં દર્દીને સગાસંબંધીની હૂંફથી વંચિત રાખી એક યંત્ર તરીકે રાખવામાં આવે છે.''

(—ડૉ.મનુ કોઠારી અને ડૉ.લોપા મહેતા લિખિત 'તબીબીક્ષેત્રે હિંસા'માંથી સાભાર).

ખરું જોતાં સંવેદના મરી નથી જતી પણ માણસની બુધ્ધિ કે અજ્ઞાન તેને ચાલાકી કે મૂર્ખતા પૂર્વક બીજા વિષયોમાં લગાડી દે છે.

શ્રીઅનિલ જોશી લખે છે— ''આંબા ઉપર ઝૂલતી કાચી કેરી પાસે લીલો પોપટ હળવેથી આવીને બેસી જાય છે. ડાળી થોડીક હલે છે. લીલાછમ રંગનો છાક એવો કે જોનારના ચશ્માના નંબર ઓછા થઈ જાય, આંખ ચોખ્ખી થઈ જાય. પણ કોઈ વેપારી કેરીલચેલા આંબા પાસે જાય તો એને આંબાના વૃક્ષમાં મુરબ્બો દેખાય, છૂંદો દેખાય, ગોળ કેરી દેખાય, મેથિયા કેરી દેખાય, કટકી કેરી દેખાય. કોઈ છોકરું આંબા પાસે જાય તો એ લટકતી કેરી પાડવા માટે હાથમાં પથરો ઊંચકે. કોઈ તડકાથી દાઝેલો મુસાફર આંબા પાસે જાય તો એને આમ્રવૃક્ષમાં છાંયડો દેખાય, ટાઢક દેખાય.''

સ્વીટ્ઝરલેન્ડમાં એક વૃધ્ધોની હોસ્પિટલમાં કામ કરતી એક નર્સને ગુનેગાર ઠેરવાઈ. એણે જાણીજોઈને એવી ગુનાહિત બેદરકારી સારવારમાં દાખવી હતી કે જેથી કરીને ૨૩ વૃધ્ધ સ્ત્રીપુરુષો મૃત્યુ પામ્યા હતા. તેણે સ્વબચાવમાં કહ્યું— એમે ય એ બધા મરવાને વાંકે જીવતા હતા. તેમના સગાસંબંધીઓ પણ તેમને અહીં છોડી પોતપોતાની દુનિયામાં મસ્ત હતા. નાહકમાં જ તેમની સારવાર પાછળ શક્તિ, સમય અને પૈસા શામાટે વેડફવા?!

ખબર જ નથી પડતી કે દર્દીઓ માટે હોસ્પિટલ છે કે હોસ્પિટલ માટે દર્દીઓ.

મુંબઈમાં સાર્વજનિક ગણેશોત્સવોનું મોટે પાયે આયોજન થાય છે. વિવિધ સાર્વજનિક મંડળો કદમાં એકબીજાની સ્પર્ધા કરે તેવી ગણપતિની મૂર્તિઓ પધરાવે છે. જે ૪-૭-૧૦ દિવસ ગણપતિ બિરાજે તે દિવસો દરમ્યાન ખૂબ ધમાલ રહે છે. ચારે તરફ લાઈટોની રોશની કરવામાં આવે છે. આજકાલ વળી સાંપ્રત પરિસ્થિતિનો ચિતાર આપતો એક સેટ પણ ગણપતિની બાજુમાં હોય છે. દિવસમાં ૧૪ કલાક લાઉડસ્પીકરો પર ફિલ્મી ગીતો વગાડાય છે તો વળી મોડી રાત્રે ફિલ્મ બતાવાય છે. વિસર્જનના



સરઘસમાં લોકો નશો કરી છાકટા બની નાચે છે. બે મંડળોની સરખામણી આ બધી બાબતોને આધારે જ થાય છે— કોણે ઉત્સવ વધુ ભવ્યતાથી કર્યો, કોણે સારી ફિલ્મો બતાડી, ક્યાં શું પ્રસાદ હતો, ક્યાં સજાવટ સારી હતી, કોના સરઘસમાં ભીડ વધારે હતી . . . ગણપતિ કરતા આ બધા વિષયોની સંવેદના વધારે હોય છે. નવરાત્રિની કથા પણ કાંઈક આવી જ છે.

પુષ્ટિમાર્ગની ય આજે મોટી એ જ મોકાણ છે કે કોઈ સેવ્યસ્વરૂપ શ્રીઠાકોરજી પ્રત્યે, તેમના સુખ-અસુખ પ્રત્યે સંવેદનશીલ નથી. કોઈ સેવાની સંપત્તિ વિશે સંવેદનશીલ છે તો કોઈ સેવામાં થતા ખર્ચ વિશે, કોઈ સેવાથી થતી આવક વિશે, કોઈ પોતાની લોકપ્રિયતા વિશે તો કોઈ દર્શનાર્થીઓની સંખ્યા વિશે, કોઈ દર્શન કરવા આવતી શેઠાણીઓ વિશે તો કોઈ અબળાઓ વિશે, કોઈ માજીઓ પ્રતિ તો કોઈ બહેનો પ્રતિ, કોઈ શેઠિયાઓ પ્રતિ તો કોઈ અધિકારી-ટ્રસ્ટીઓ પ્રતિ, કોઈ મુખિયા-ભીતરિયા પ્રતિ તો કોઈ મનોરથીઓ પ્રતિ, કોઈ સામગ્રી વિશે તો કોઈ પ્રસાદ વિશે, કોઈ દર્શનના ટાઈમટેબલ (સમયપત્રક) પ્રતિ તો કોઈ વિવિધ મનોરથોની ન્યોછાવર પ્રતિ, કોઈ પ્રતિવર્ષના મનોરથીઓની યાદીના બોર્ડ પ્રતિ તો કોઈ પિત્તળ કે આરસની તકતી પ્રતિ, કોઈ અપરસ પ્રતિ તો કોઈ છૂટછાટો પ્રતિ, કોઈ પાકકલા પ્રતિ તો કોઈ કીર્તનકલા પ્રતિ, કોઈ શૃંગાર પ્રતિ તો કોઈ સજાવટો પ્રતિ, કોઈ ભીડ પ્રતિ તો કોઈ શાંતિ પ્રતિ, કોઈ ગોલખ પ્રતિ તો કોઈ રસીદ પ્રતિ, કોઈ ઓળખાણ અને સંપર્કો વધારવા પ્રતિ તો કોઈ સંગઠન પ્રતિ, કોઈ પોતાના કુંવારા છોકરા-છોકરીઓનું ગોઠવવા પ્રતિ તો કોઈ કૂથલી કરી ગોઠવાયેલું બગાડવા પ્રતિ, કોઈ આજની તાજાખબર જાણવા પ્રતિ તો કોઈ બહુચર્ચિત વિષયોની નિંદા પ્રતિ, કોઈ ધર્મપ્રચાર પ્રતિ તો કોઈ ધર્મપ્રદર્શન પ્રતિ, કોઈ વિશ્વોધ્ધાર પ્રતિ તો કોઈ પોતાની સમૃધ્ધિ પ્રતિ, કોઈ ૬ પ્રતિ તો કોઈ ૫૬ પ્રતિ, કોઈ ૭ કે ૮ પ્રતિ તો કોઈ ૮૪ પ્રતિ, કોઈ મંદિર પર પોતાનું વર્ચસ્વ જમાવવા વિશે તો કોઈ વૈષ્ણવો પર, કોઈ પ.ભ. કે બાપા બનવા-કહેવડાવવા વિશે તો કોઈ પુષ્ટિપુરુષોત્તમ કે સાક્ષાત્ શ્રીવલ્લભ બનવા-કહેવડાવવા વિશે, કોઈ સમય પસાર કરવા પ્રતિ તો કોઈ તકનો લાભ લેવા પ્રતિ, કોઈ બહાર કાઢેલ ચપ્પલો પ્રતિ તો કોઈ ખીસામાં મૂકેલ પાકિટ પ્રતિ, . . બધા જ પોતપોતાના વિષયો પ્રત્યે તીવ્રતાથી સંવેદનશીલ છે તેનો ત્રિકાળમાં ઈન્કાર ન થઈ શકે; પણ કોઈ ઠાકોરજી પ્રત્યે સંવેદનશીલ રહી ગયું છે એમ ત્રિકાળમાં ન સ્વીકારાય. શ્રીનાથજીને ય થતું હશે કે મને ભોગ ધરાયેલ ઢોર વધુ કઠણ કે આ 'સેવકો'ના કાળજાં.

આજે આઠ-આઠ કલાક ભારે શૃંગાર સાથે ઠાકોરજીને ઉચ્છિષ્ટ ભોજન સામે ઠાડા રખાય છે લોકોના દર્શન માટે. તળેલી સામગ્રીઓ કઢાઈમાં જ ભોગ ધરાય છે. પચીસ વર્ષનો જોરાવર જુવાન પણ ખાઈ કે પચાવી ન શકે તેવી અતિહલકા કે અતિભારે સ્તરની સામગ્રી ઠાકોરજીને ધરાય છે. દોઢ દોઢ મહિના મનોરથોની હારમાળા ચાલે છે. કેટલું લખું?

આ 'પરિપક્વતા' કે અતિપરિચયને કારણે થતી ઠાકોરજીની સરાસર અવજ્ઞા છે. શું શ્રીઆચાર્યચરણે શ્રીઠાકોરજીનું સ્વરૂપ વિચાર્યું ને શું આપણે ઠોકી બેસાડ્યું?!

સંવેદના એકાગ્ર થઈ પ્રભુમાં ન રહે અને પ્રભુસંબંધી કે અસંબંધી ગૌણ વાતોમાં ફેલાઈ જાય તેનું જ બીજું નામ લૌકિક વધી જવું કે બહિર્મુખતા છે.

*"વીસમેં વચનામૃતમેં સાત સ્વરૂપ ઓર શ્રીનાથજી અન્નકૂટ ભેલો આરોગે તાકો પ્રસંગ હે. તહાં શ્રીગુસાંઈજીસોં શ્રીગિરિધરજીને શ્રીનાથજીનકે મનકે અભિપ્રાયસોં વિનતી કીની. તબ શ્રીગુસાંઈજીને જાન્યો જો ગામેં લૌકિક બઢી જાયગી. પરંતુ શ્રીનાથજીને આજ્ઞા કીની જો હમારી એસી આજ્ઞા હે. તબ સાતોં સ્વરૂપ શ્રીનાથજીકે યહાં પધરાયે. તબ શ્રીગુસાંઈજીકી બેટીજી ઓર ભટ્ટજી સેવાપરાયણ સો ઉહાંઈ રહત હતે. તિનકું એક ઠાકુરસેવા પધરાય દીની હતી. સો બેટીજી અપને ઘર શ્રીઠાકુરજીકો અન્નકૂટ ભોગ ધરિકે જાન્યો જો શ્રીજીકે યહાં સાતોં સ્વરૂપ પધારે હેં સો બહોત સુખ હોયગો; ચલો દર્શન કરિયે. સો બેટીજી દર્શનકો પધારે. તબ શ્રીગુસાંઈજીને દેખે. તબ પૂછી— તૂ સેવાસોં પહોંચકે આઈ, કહા? તબ બેટીજીને કહી જો ભોગ ધરિકે દર્શન કરિવેકોં આઈ હોં. તબ આપ ખીજીકેં ગારી દેયકે કહી જો શ્રીઠાકોરજીકી સેવા છોડિકે યહાં આઈ હે સો. કહા શ્રીઠાકોરજી ઓર હે?"*

હું ય ડો.કોઠારી અને ડો.મહેતા ના વિધાનોની માફક વિધાન કરી શકું છું કે માનવ અને સ્વકેન્દ્રિત વિચારસરણી પુષ્ટિમાર્ગીઓને ભગવલ્લીલાપરિકર પર હિંસા આચરવા જ પ્રેરણા આપી રહી છે ને આપશે. માનવજાતનું કે પોતાનું ભલું કરવાના પ્રયત્નોથી માનવજાતને કે પોતાને ખરેખર કેટલો ફાયદો થતો હશે એનો નિર્ણય કઠિન છે પણ ભગવલ્લીલાપરિકરને ચોક્કસ હાનિ પહોંચે છે એ વાસ્તવિકતા છે.

ખરેખર તો કોઈને કાંઈ લૌકિક કે અલૌકિક ફાયદો થતો નથી. શ્રીઆચાર્યચરણે શિક્ષાશ્લોકીમાં શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઈજીના નિમિત્તથી સર્વે આચાર્યોને તથા દામોદરદાસજીના નિમિત્તથી સર્વે અનુયાયીઓને સ્પષ્ટ ચેતવણી આપી છે



કે પ્રભુ લૌકિક વિષયોની માફક આદર-સંવેદનાહીન વર્તનનો વિષય છે નહીં અને તેમને તેમ માનવાની ભૂલ કરતા નહીં; નહીં તો તમે બહિર્મુખ થશો અને તમારા દેહાદિ સર્વ કાળનો કોળિયો બની જશે. સિદ્ધાંતમુક્તાવલીમાં પણ આપશ્રીએ સ્પષ્ટ નિર્દેશ કર્યો છે કે ભક્તિ વિના અન્ય પ્રયોજનોથી સેવા કરનાર પોતાના દુરાશયો ને દુષ્કર્મો ને કારણે અન્યથાભાવ અર્થાત્ બહિર્મુખતા પ્રાપ્ત કરી પ્રભુની નિકટ રહેતો હોવાના કારણે જ નાશ પામે છે.

પુષ્ટિમાર્ગમાં સ્વસેવ્ય પ્રભુથી પર કંઈ જ નથી. એવી જ સેવાની કાંઈ કિંમત છે જે સ્વસેવ્યસ્વરૂપ પ્રત્યે આદર ને સંવેદના વધારતી હોય કે ઓછામાં ઓછું જાળવતી હોય. આદર ન હોય તો પેદા થાય તેની રાહ જુઓ અને તે દિશામાં પ્રયત્ન કરો પણ સેવા કરવા નહીં મંડી પડો. નાહક પોતે દુઃખી થશો અને પ્રભુને ય દુઃખી કરશો. સેવા કરી જ રહ્યા હો અને એવું લાગતું હોય કે જેટલી સેવા કરીએ છીએ તેટલો આદર ઘટતો જાય છે તો ય બહુ મોડું નથી થઈ ગયું. આત્મમંથન કરી જુઓ. બચી જશો. દવાથી મટતું હોય તો દવા કરો ને ઑપરેશન કરવું પડે તો તે ય કરો, પણ સ્વસેવ્યપ્રભુનો આદર જાળવો, સંવેદના જાળવો. આદર જળવાયો ને સેવા ન જળવાઈ તો ય ભક્તિમાર્ગમાં રહી શકશો પણ આદર ન જળવાયો તો સેવા જળવાઈ તો ય ભક્તિમાર્ગમાં નહીં રહી જાઓ. અન્ય પ્રયોજનો અને ગણતરીઓથી સેવા નહીં કરો, પ્રભુને નજરઅંદાજ ન કરો.

આ તો આજે દુર્ગતિ થઈ ગઈ બાકી પુષ્ટિમાર્ગીઓ સકારણ એવો વટ રાખતા હતા કે અમે જે રીતે ભાવપૂર્વક– આદર ને સંવેદનાપૂર્વક– ભગવત્સેવા કરીએ છીએ તેનો છાંટો પણ મર્યાદામાર્ગીય પૂજાપ્રણાલીમાં નથી. રીંગણાના મોટા ટૂક પ્રભુને ભોગ ધરાઈ ગયા તે બદલ શ્રીગુસાંઈજીને એટલો ખેદ થયો કે સંન્યાસ લેવાની પ્રબળ ઈચ્છા થઈ ગઈ; એવો ગૃહસ્થાશ્રમ શા કામનો જેમાં પ્રભુનું સુખ ન જળવાય?!

*"સો નારાયનદાસ શ્રીગોકુલચંદ્રમાજીકી સેવા ભલીભાંતિસોં કરતે. ગાયકોં ઘાસ ધોઈકેં ખવાવતે, જો– મતિ કહૂં દૂધમેં રજ આવે; શ્રીઠાકુરજી અત્યંત સુકુમાર હેં! . . . યા પ્રકાર નારાયનદાસ સેવા બહોત કરી. પાછેં ઈનકી દેહ થકી. તબ એક દિન નારાયનદાસસોં શ્રીઠાકુરજીનેં કહી— કછુ માંગિ. તબ નારાયનદાસને શ્રીગોકુલચંદ્રમાજીસોં કહ્યો— મેં યહ તુમસોં માંગત હોં, શ્રીગુસાંઈજીકે ઘર પધારિકે સેવા કરાઈયો. તબ શ્રીગોકુલચંદ્રમાજી બહોત પ્રસન્ન ભયે, જો– તૂ મેરો સુખ માંગ્યો, અપુનો સુખ કછુ ન માંગ્યો."*

*"નારાયનદાસ બ્રહ્મચારી ગાયના પેટમાં પણ રજ ન જાય એવી સાવધાની રાખતા. જ્યારે અત્યારે શ્રીઠાકુરજીના પેટમાં રજ જાય એનો પણ વૈષ્ણવોને વાંધો નથી. ભાજી ત્રણ વાર ધોવી જોઈએ તેને બદલે એકવાર પણ નથી ધોતા. ધર્મ દેખાડવાનો છે, અંતરનો નથી."*

આજે જાણ્યે-અજાણ્યે દર્શનકર્તાઓમાં ઠાકોરજીના-શૃંગારના-સજાવટના-દર્શનના સ્વાદનો ચસકો તો લાગ્યો છે પણ આદર કે સંવેદના પ્રાયઃ નથી હોતી (બહુ ચીલાચાલુ ફિલ્મો જોવાથી સ્ત્રીઓ પ્રત્યે પણ કાંઈક આવો જ દૃષ્ટિકોણ થઈ જાય છે). આનો ફાયદો લઈ ભગવદ્‌વિષયક ચિત્રો કે સ્ટીકરોનું વેચાણ થાય છે. કેટલાક પોતાના દુકાન-મકાનને ભગવાનના નામ આપે છે. કોઈ વળી કંકોત્રી કે જાહેરખબરો માં પણ આવા ચિત્ર કે આકૃતિ છાપે છે. આવા ચિત્રો કે સ્ટીકરો ની તો અવદશા થાય જ છે પણ તેથી પ્રભુ પ્રત્યેનો આદર પણ ખંડિત થાય છે. ફેલિની કહે છે તેમ મોજમજાહ માટેના ફર્નિચરપીસમાંથી એ પ્રતિમાઓ પ્રકટ થાય છે. ખુરશીમાં બેઠાં બેઠાં, મિત્રો સાથે વાતો કરતા, દારૂ પીતા, ખાતા, ટેલિફોન પર જવાબ આપતા, અને ક્યારેક 'પ્રેમ' કરતાં કરતાં દર્શકો તેને જોતા હોય છે. ધેર ઈઝ નો રિસ્પૅક્ટ. ઠાકોરજીના દર્શનાદિ આપણા નિરંકુશ ઉપભોગ માટે નથી, નથી ને નથી જ.

ફેલિની જૂના ચલચિત્રોના અનાદર માટે ઘરમાંના ટી.વી.ના નાના સ્ક્રીનને નથી વગોવતા પણ ધ્યાનથી જુઓ તો એ માહોલને વખોડે છે જેમાં રહીને ચલચિત્ર જોવાય છે. થિયેટરમાં મોટા સ્ક્રીન પર ચલચિત્ર જોવા જઈએ ત્યારે પારિવારિક જંજાળ ઓછી હોય છે. વળી અંધારું અનાયાસે એ બાહ્ય અને આંતરિક એકાંત પ્રાપ્ત કરાવે છે જે આદરપૂર્વક ચલચિત્ર જોવા માટે અપેક્ષિત છે. બાહ્ય– ટેલિફોન કે મહેમાનો જેવા– વિઘ્ન આવતા નથી. મન ફાવે તેમ બેસી શકાતું નથી, પહેરી ઓઢી શકાતું નથી. માણસ સતત એ સભાનતાપૂર્વક વર્તે છે કે એ, પૈસા ખર્ચીને પણ, સભ્ય લોકો વચ્ચે બેસીને ચલચિત્ર જોઈ રહ્યો છે.

ચલચિત્ર માટે જાહેર થિયેટર નિશ્ચિત સારું હોઈ શકે પણ સાધનાપ્રણાલીમાં તે વ્યવહારૂ નથી. સાધના જીવનભર રોજ કરવાની હોય છે, મહિને દહાડે ત્રણેક કલાક નહીં. બીજાએ બનાવેલ ચલચિત્રને ત્રીજાના થિયેટરમાં ભાડેથી બેસી માણી શકાય છે. પણ સાધનામાં, જો કહેવું જ હોય તો, પોતે પોતાનું ચલચિત્ર બનાવવાનું હોય છે, પોતે જ તેને પ્રભુ સાથે માણવાનું હોય છે. થિયેટરમાં જવાબદારી અને સ્વાતંત્ર્ય બંને નહીંવત્ હોય છે જે સાધનાના પાયા છે. સાધનામાં કોઈ દિવસ સમાજને ન વગોવાય.



તેથી ઘરમાં જ સેવાલાયક માહોલ જતનથી જાળવવો જોઈએ અને સેવા કરતી વખતે શ્રીઠાકોરજી સન્મુખ બિરાજે છે એવી સતત સભાનતા રાખવી જોઈએ, ભયસંયુત સેવા કરવી જોઈએ.

*"વળી આપણા ઘરમાં જે ભગવદ્દસ્વરૂપ બિરાજે છે તેની કાનિ આપણને આવતી નથી. કેમકે શ્રીઠાકોરજીના મંદિર આગળ સ્ત્રી પુરુષ બેઠ જણા હાસ્યવિનોદ કરે છે અને તે વખત જો માણસ આવી જાય છે તો તેની કાનિએ કરીને બોલતા ચાલતા રહી જાય છે, અને લજ્જા પામે છે. એ રીતે એટલી શરમ માણસની આવે છે તેટલી શરમ પ્રભુની આવતી નથી. ત્યારે પ્રભુનું સ્વરૂપ ક્યાંથી જણાય? માટે જ્યાં સુધી ભગવદ્દસ્વરૂપ નથી જાણ્યું ત્યાં સુધી ગમે એટલા દિવસ સેવા કરે તો પણ સેવા ફલરૂપ થતી નથી. માટે પ્રથમ પ્રભુનું સ્વરૂપ જાણીને પછી સેવા કરશે તો સેવા ફલરૂપ છે."*

તેથી શ્રીઆચાર્યચરણે ભક્તિવર્ધિનીમાં ઘરમાં રહી કૃષ્ણભજન કરી ભક્તિના બીજભાવને દૃઢ કરવાનો જે ઉપદેશ આપ્યો છે તેની વ્યાખ્યા કરતાં વ્યાખ્યાકારો કહે છે કે ઘરમાં રહી = અનુકૂળ ઘરમાં રહી. ઘરને કૃષ્ણભજનને અનુકૂળ બનાવી કૃષ્ણભજન કરશો તો જ બીજભાવ દૃઢ થશે.

*"શ્રીમદાચાર્યજીકી કૃપાતેં એસે હરિ અપને ગૃહમેં બિરાજત હેં સો જેસે યોગિજનકે હસ્તમેં પારદ સાવધાનતાસોં રહે તો કલ્પતરુ સમાન ફલ દેય ઓર સાવધાન ન હોય તો હસ્તસોં નિકસી જાય ઓર ફલહૂ નાંહી દેય."*

*"ઓર જા ગામમેં માધવભટ્ટ રહતે તા ગામમેં એક બડો ગૃહસ્થ રહતો. સો વાકો એક બેટા હતો સો મરિ ગયો..સો..ઉહ ગૃહસ્થ..માધવભટ્ટ પાસ દોર્યો આયો. દંડોત કરિકે બહોત વિલાપ કરન લાગ્યો..યા પ્રકાર બહોત દુઃખી દેખિકે માધવભટ્ટકોં દયા આઈ. . . તબ વહ દોરિકે ઘરમેં જાઈ દેખેં તો બેટા જીયો, બધાઈ કરી. કહ્યો— માધવભટ્ટ બડે ભગવદીય હેં જિનકે વચન એસે હેં જો જીયો કહતમાત્ર બેટા જીયો. પાછેં રાત્રિકોં માધવભટ્ટ અપને મનમેં વિચાર કિયો જો યહ કાર્ય મેં બહોત અનુચિત કિયો. સંસારમેં અનેક દુઃખી સુખી લોગ હેં. તાતેં અબ યા ગામમેં રહિવેકો ધર્મ નાહીં હે. સો અર્ધરાત્રિ સમય શ્રીઠાકુરજીકોં સંપુટમેં પધરાયકેં ચલે. . . તાતેં વૈષ્ણવકોં દયાલૂ વિચારિકેં કરનો. લૌકિકમેં માહાત્મ્ય પ્રગટ કરેતેં ગામ છોડે તો ધર્મ રહ્યો, નાહીં તો પાછેં બહોત દુઃખ હોતો. તાતેં લૌકિકમેં લૌકિકકી નાંઈ રહે તો ધર્મ રહે. શ્રીઠાકુરજીકોં દુઃખ ન હોઈ. વૈષ્ણવકોં હૂ દુઃખ ન હોઈ. માધવભટ્ટ સર્વસામર્થવાન હતે પરંતુ તોઊ ભાજનો પર્યો. તાતેં વૈષ્ણવકોં વિચારિકેં કામ કરનો."*

પ્રભુ પ્રત્યે આદર અને સંવેદના જ પુષ્ટિજીવની ખરી મૂડી છે. શ્રીઆચાર્યચરણ શિક્ષાશ્લોકીમાં આજ્ઞા કરે છે કે પ્રભુ પ્રત્યેનો ભાવ જ આપણું સર્વસ્વ છે. ભાવ છે તો આપણે આલોક અને પરલોક માં સ્વસ્થ રહી શકીશું. તેથી ભાવપૂર્વક હંમેશા તે અ-લૌકિક પ્રભુની જ સેવા કરતા રહેવું જોઈએ. પ્રભુ આપણું હિત જ કરશે.

હકીકત તો એ છે કે પ્રભુ સાથેના જ નહીં, બે માનવ વચ્ચેના સંબંધોને પણ સ્વસ્થ અને ટકાઉ રહેવું હોય તો એકબીજા પ્રત્યે આદર ને સંવેદના હોવા અનિવાર્ય છે:

“દાદાજી ઘોડો બનીને પૌત્રને પોતાની પીઠ પર સવારી કરાવે ત્યારે એ પેલા બાળકને મન દાદાજી ને ઘોડો બંને હોય છે, ને દાદાજીને મન પેલો બાળક પોતાનો પૌત્ર તેમ જ પોતાના પર સવારી કરનાર ઘોડેસવાર બંને હોય છે. હાથમાં ચાબુક રાખી ઘોડા બનેલા દાદાજી પર સવારી કરનાર બાળક ‘હત ઘોડા, ચાલ’ કરીને ધીમે રહીને એને ચાબુક ફટકારે છે ત્યારે એને એ ઘોડા તરીકે સ્વીકારી લે છે. પણ કદાચ ચાબુક જોરમાં લાગી જાય તો ‘વાગ્યું દાદાજી?’ કહીને એ તરત આ ઘોડો નથી, દાદાજી છે એવા પોતાના જ્ઞાનની પણ અભિવ્યક્તિ કરે છે. દાદાજી પણ તે જ પ્રમાણે પીઠ પર બેસેલા અસવારના હુકમનું પાલન કરવા પ્રવૃત્ત થાય છે. પણ પેલો અસવાર સમતુલા ચૂકી જઈ ભૂમિ પર ગબડી પડે છે ત્યારે ‘વાગ્યું તો નથી ને દીકરા?’ કહીને એના પૌત્રત્વને યાદ કરે છે. બાળક ઘોડાને ભૂલી જાય તેયે ન ચાલે ને દાદાજીને વિસારે પાડે તે પણ ન ચાલે. અને દાદાજી પણ પેલા અસવારની આમન્યા ન સાચવે તો રમતમાં ભંગ પડે, તેમ જ એ પૌત્ર છે એ વાતનું સર્વથા વિસ્મરણ કરે તો એ રમતમાં ભંગ પડવાનો પૂરેપૂરો સંભવ ઊભો થાય.”

(—શ્રીજ્યોતીન્દ્ર દવેના ‘વાઙ્મયચિંતન’માંથી સાભાર).

બંને પક્ષ સજ્જર હોય તો રાણા પ્રતાપ અને ચેતક વચ્ચે ય આવો આદર ને સંવેદનાભર્યો સંબંધ જીવનભર બન્યો રહે છે, અને ન હોય તો પતિ-પત્ની કે પિતા-પુત્રને ય એકબીજા સાથે નથી બનતું. પ્રભુ સાથે કેવો સંબંધ બાંધવો તે આપણે નક્કી કરવાનું છે.

*



# ૫. સત્સંગ

એક સર્વેક્ષણ મુજબ સરેરાશ અમેરિકન બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધીમાં ટી.વી.-થિયેટરમાં ૨૫,૦૦૦ હત્યાઓ પડદા પર થતી નિહાળે છે. તેઓ શાળા-કોલેજોમાં અને દિવસભર શસ્ત્રો સાથે રાખે છે વાતવાતમાં તેને વાપરે છે. બાળગુનેગારોનું પ્રમાણ વધતું જ જાય છે. શિક્ષકો, મા-બાપ, સગાસંબંધીઓ બધા આતંકના ઓછાયા હેઠળ જીવે છે અને તેમને સલાહ કે ઠપકો આપતા પહેલાં સો વાર વિચાર કરે છે.

લાભશંકરભાઈ કહે છે તેમ આ અજનબી રાક્ષસી શોધનું પ્રયોજન તો છે માહિતી આપવી, અજ્ઞાનને જ્ઞાનમંડિત કરવું, પ્રસન્નતા-સ્વસ્થતા આપવી અને ભાન કરાવવું; પણ કંઈક ન સમજાય તેવા કારણોથી, અથવા ચાલાકીથી, માહિતી આપવાનું અને સંસ્કૃતિના નિદર્શનનું પ્રયોજન અળપાઈ ગયું છે. પૂરની જેમ એ બધાનો નાશ જ કરે છે. ટી.વી. મનુષ્યની અત્યંત નિકટ પહોંચેલી ગૂઢ અને ભયાનક વસ્તુ છે. આ નાની ચીજ શુંનું શું સરજશે તે વિશે ભવિષ્ય ભાખવું લગભગ અશક્ય છે.

લંડનમાં ૧૨ વર્ષની નીચેના નિયમિત દૂધ પીતા શાળાએ જતાં બાળકોનું એક સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું તેનું ૧૦૦ ટકા પરિણામ એક પક્ષમાં આવ્યું કે તેમાંના એકે ય બાળકે ગાય કે ભેંસ જોઈ નહોતી અને તેનો આકાર કેવો હોય એની કલ્પના પણ તેઓને નહોતી. મોટે ભાગે તેઓ ય ટી.વી. જોતાં જ હશે.

પ્રસાર માધ્યમો માટે માણસ કૂતરાને કરડે એ જ સમાચાર છે; કૂતરા માણસને કરડે એમાં નવાઈ શું? વ્યસ્ત મા-બાપ ઘરમાં ટી.વી.-છાપાં-સામાયિકો લાવી સંતાનોને આ વાત સમજાવવાની જવાબદારીમાંથી છૂટા થઈ જાય છે અને આ માધ્યમો દૈનિક વ્યવહાર કે પ્રેક્ષક/વાચકની વિવેકબુધ્ધિને ભરોસે જવાબદારીમાંથી છૂટા થઈ જાય છે. સરવાળે અસ્વાભાવિક જ સ્વાભાવિક ઘટના હોય એવી છાપ પડે છે. પોલીસઆલમની કાળી બાજુ દર્શાવતી પોતાની ફિલ્મને ‘અર્ધસત્ય’ કહેવાની નિખાલસતા ધરાવતા જવાબદાર નિર્માતાઓ જૂજ જ હોય છે.

“મનુષ્યજીવન જ કંઈક એવી રીતે ઉછરતું રહ્યું છે કે માણસ ઉત્તેજનાનો હેવાયો થઈ ગયો છે. સવારનું અખબાર જુએ અને એમાં કોઈ ઉત્તેજક સમાચાર ન હોય તો એ માણસ છાપાની ગડી વાળીને બાજુ પર મૂકી દેશે અને પાડોશીને કહેશે— આજના છાપામાં કાંઈ નથી. .આપણી મનોદશા જ કંઈક એવી થઈ ગઈ છે કે નરી સરળતા કોઈને ગમતી નથી. શાંતિ કોઈને ખપતી નથી. આપણી આંખ સતત

ઉત્તેજનાને શોધતી રહે છે. .આ બધાં જ સામાયિકો અને અખબારો જેમાં 'ઍક્સાઇટમૅન્ટ' હોય એવા સમાચારો અને વાર્તાઓ ના શિકારમાં બહારવટિયાની જેમ નીકળી પડે છે. .માણસ ઉત્તેજિત થઈને આવી વાચનસામગ્રીને ભૂખી નજરે ચાટી જાય છે. આપણા સિનેમાવાળાઓ પણ મનુષ્યની આ નબળાઈઓ પારખી ગયા છે એટલે ખૂનામરકી, મારામારી અને ઉત્તેજક મસાલાવાળી ફિલ્મોનું નિર્માણ કરતા રહે છે."

(—'પવનની વ્યાસપીઠ'માંથી સાભાર).

શ્રીજ્યોતીન્દ્ર દવે 'વાઙ્મયચિંતન'માં કહે છે—

"લોકો એટલે પ્રાકૃતજનો અને પ્રાકૃતજનોની રુચિ પણ પ્રાકૃત જ હોય એમ માની મનુષ્યના અધમ ભાવોને ઉશ્કેરે એવી રચના કરનારાઓ ઘણીવાર પોતાના બચાવમાં કહે છે— 'અમે શું કરીએ? અમે તો લોકોને જે ગમે તે આપીએ છીએ. સારી વસ્તુ આપવા જઈએ છીએ તો લોકોને તે રુચતી નથી. ઊંચા પ્રકારના નાટકો ઊપડતાં નથી. અમારે પણ પેટ સામું જોવું જોઈએ કે નહીં?'

માત્ર પેટ સામું જોનારા આવા લોકો હૃદય સામું જોતા નથી. મગજ સામું ન જુએ તો કંઈ વાંધો નહીં, પણ પેટની ઉપર જ આવેલા હૃદય તરફ એમનું લક્ષ કેમ નહીં ખેંચાતું હોય એવો પ્રશ્ન થાય છે. . .

આમ અધમ કૃતિઓના બચાવમાં લોકરુચિને આગળ કરવી એ તદ્દન ખોટું છે. બીજી રીતે જોતાં કલામાત્રનો ધર્મ રુચિને કેવળ ઉદ્દીપ્ત કરવાનો નથી પરંતુ તેને સંસ્કારી બનાવવાંનો પણ છે. ઈન્દ્રિયગ્રાહ્ય વિષયસુખને અતીન્દ્રિય બનાવી અને રસાસ્વાદ સૂક્ષ્મ રીતે ભોક્તાને કરાવવો એ કલાનો ધર્મવિશેષ છે. કલાકૃતિના રસાસ્વાદને અંતે ભોક્તાને તૃપ્તિ જ નહીં, શાંતિ પણ મળવી જોઈએ. હલકા ભાવો આલેખનારી કૃતિ નથી આપી શકતી તૃપ્તિ કે નથી આપી શકતી શાંતિ. એ તો માત્ર ઉશ્કેરાટ જ ઉત્પન્ન કરે છે. તંગ થયેલી નસોને શાંત કરી નિદ્રા પ્રેરનાર ઔષધિ અને નશો ચડાવી બેભાન બનાવનાર માદક પદાર્થો વચ્ચે જે પ્રકારનો ભેદ હોય છે તેવો તફાવત આ પ્રકારની કૃતિ અને ઉત્તમ કલાકૃતિ વચ્ચે રહેલો હોય છે."

શ્રીઅનિલ જોશી આગળ લખે છે— "આજે એક પણ એવું ક્ષેત્ર નથી કે જ્યાં ઉત્તેજનાની અપેક્ષા ન રખાતી હોય. દરેક માણસ સમથિંગ ઍક્સાઈટીંગની શોધમાં ફરતો રહે છે. એ લોટરીની ટિકિટો ખરીદે છે, ડિટેક્ટીવ કથાઓ વાંચે છે, બીભત્સ ફિલ્મો જુએ છે. . . કોઈ ઉત્તમ કવિતા કે ઉત્તમ નિબંધ કે સારો લેખ આજે કોઈને આકર્ષી



શકતા નથી. શેક્સપિયર, કાલિદાસ, શેલી, બાયરન —આ બધા જ સર્જકો મ્યુઝિયમમાં ગોઠવાઈ ગયા છે. કોઈને લાંબું વાંચવાનો સમય નથી. વાંચવાનો જ સમય ન હોય તો ચિંતન-મનનની વાતો જ ક્યાં કરવી?

. . આ મનોદશાને કારણે આપણે આલ્બર્ટ આઈન્સ્ટાઈન કે આઈઝેક ન્યૂટન પેદા કરી શક્યા નથી. રવીન્દ્રનાથ કે ગાલિબ જન્માવી શક્યા નથી. પણ મારુતિ કારથી આપણે આપણા રસ્તાઓનો ટ્રાફિક જામ કરી દીધો છે. સફારીસૂટનું અને બ્રિફકેસનું કલ્ચર એટલી હદે વિકસ્યું છે કે બ્રહ્માંડમાં થતા ફેરફારની ઉત્તેજના આપણને થતી નથી."

માણસ ભલે રીઢો થઈ ગયો છે પણ તેનું સંવેદનાતંત્ર હજી નાજુક જ છે.

આજકાલ એક જેટલેગ નામનો રોગ થાય છે. જેટ વિમાનોને કારણે જગત એટલું નાનું થઈ ગયું છે કે માણસ સવારે મુંબઈમાં જમે તો બપોરનો નાસ્તો દુબઈમાં કરી રાતના યુરોપમાં જમી શકે છે. પણ દરેક દેશનો સ્થાનિક સમય અલગ અલગ હોય છે; મુંબઈમાં રાત થઈ હોય ત્યારે અમેરિકામાં સવાર થઈ હોય છે. દરેક પ્રાણીના શરીરની એક પોતાની આગવી ઘડિયાળ હોય છે— સમય પર જાગવાનું, ખાવાનું, સૂવાનું. જે સ્થળે લાંબો વખત રહીએ ત્યાંના સૂર્યોદય-સૂર્યાસ્તને હિસાબે ગોઠવાયેલી આ ઘડિયાળ નવા સ્થળે જતાં ખોરવાઈ જાય છે. શરીરના વિવિધ તંત્રોને આની અસર થાય છે. પૂર્ણ રીતે નવા સ્થળને અનુરૂપ થતાં લગભગ એક મહિનો જાય છે. આ મહિના દરમ્યાન માણસને શરદી, તાવ, અનિદ્રા જેવા ઉપદ્રવો તો થાય જ છે પણ સંવેદનાતંત્ર ખોરવાવાને કારણે તેની વર્તણૂક પણ વિચિત્ર થઈ જાય છે. કહેવાય છે કે રશિયાના વડા ક્રુશ્ચોવે આ જેટલેગની અસર હેઠળ જ અમેરિકામાં આવેલ યુનોના વડામથકમાં ચાલુ સભામાં પોતાનો જોડો કાઢી ટેબલ પર પછાડ્યો હતો.

સંવેદનાતંત્રમાં નાનીશી ખલેલ માણસને આ હદે ઉત્તેજિત કરી મૂકે છે. શરીર કે મનના સ્વભાવ સાથે ચેડાં કરવા ખતરનાક છે.

સરળતાથી સમજવું હોય તો દુઃસંગ એ બીજું કાંઈ નથી પણ જેટલેગ જ છે. પણ જેટલેગથી વધુ ખતરનાક, કેમકે એક મહિને એ નિવૃત્ત થાય એવી માયા નથી— "ધ્યાયતે વિષયાન્ પુંસઃ સંગસ્તેષૂપજાયતે, સંગાત્ સંજાયતે કામઃ કામાત્ ક્રોધોભિજાયતે, ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સંમોહાત્ સ્મૃતિવિભ્રમઃ, સ્મૃતિભ્રંશાદ્ બુધ્ધિનાશો બુધ્ધિનાશાત્ પ્રણશ્યતિ." જીવલેણ

બિમારી છે આ દુઃસંગ.

બ્રહ્મસંબંધ દીક્ષા લીધા પછી પ્રભુને સમર્પિત દાસ હોવાપણું જીવનો સ્વભાવ છે અને આ સ્વભાવમાં ખલેલ પહોંચાડનાર સર્વ કાંઈ દુઃસંગ છે.

શ્રીઆચાર્યચરણ તેથી આજ્ઞા કરે છે કે હંમેશા બધી રીતે આત્મનિવેદન જેમણે કર્યું હોય તેવા ભગવદીયો જોડે નિવેદનના ભાવનું અહર્નિશ ચિંતન કરતા રહેવું. આ જ સત્સંગ છે.

:

આ સત્સંગ પણ બે સ્તરે ચાલે છે: *"અત્યારે જે ચાલી રહી છે તે તો શિક્ષા છે, ભગવદ્વાર્તા નથી. અત્યારે આ સારું ને આ ખરાબ, આપણામાં આ ન્યૂનતા, આપણે આમ કરવું જોઈએ —તેની જ વાતો ચાલે છે. ભગવદ્વાર્તા તો તેનું નામ કે જેમ શ્રીમહાપ્રભુજી દામોદરદાસને આજ્ઞા કરતા કે 'આજ કઈવારસૂં ભગવદ્વાર્તા ન ભઈ.' કેવલ લીલાસંબંધી વાત તે જ ભગવદ્વાર્તા. . . શિક્ષા માટે ચોર્યાસી-બસોબાવન અને શિક્ષાપત્રો, લીલા માટે કીર્તનો."*

આ પૈકી શિક્ષા સ્વસેવ્યપ્રભુ પ્રત્યે આપણો આદર જળવાઈ રહે તે માટે છે અને ભગવદ્વાર્તા સંવેદના જળવાઈ રહે તે માટે.

સ્વસેવ્યપ્રભુ પ્રત્યે ચિરંતન આદર ત્યારે જ બન્યો રહે જ્યારે આપણે આપણા અને પ્રભુના સ્વરૂપને આપણી સ્વભાવમર્યાદામાં સમજી અહોભાવપૂર્વક આપણા ભેદ કે તારતમ્યને નભાવીએ; અર્થાત્ સ્વભાવમર્યાદા, ભેદબુધ્ધિ, અહોભાવ અને આપણા તથા પ્રભુના સ્વરૂપની સમજ દૃઢ બન્યા રહે.

ઉત્તેજિત થવાથી માણસની સ્વભાવમર્યાદાનું ક્યારેક અતિક્રમણ થઈ જાય છે. કાચી ઉંમરે અશ્લીલ ફિલ્મો-ચોપડીઓ જોવા-વાંચવાથી કિશોર અવસ્થામાં ય બાળક પોતાની આસપાસની સ્ત્રીઓ– શિક્ષિકાઓ, કે પછી કાકી-માસી-મામીઓ કે પાડોશણો– ને ભોગ્ય સ્ત્રીઓ તરીકે અને પોતાની જાતને ભોક્તા પુરુષ તરીકે જોતો થઈ જાય છે એમ માનસશાસ્ત્રીઓ કહે છે. હિંસાના અતિરેકવાળી ફિલ્મો-ચોપડીઓની અસર હેઠળ પોતાને જરા પણ તંગ કરનાર વ્યક્તિઓ પ્રત્યે ક્રોધ અને ઈજા પહોંચાડવાના ભાવ જાગે છે. "અંતે તો દરેક બાળક એક પુરુષ છે અને પુખ્ત થવાનો જ છે ને? અને તેના સંપર્કમાં આવનારી સ્ત્રીઓ પણ સ્ત્રી તો છે જ ને? અંતે તો આખો સમાજ જ સડેલો છે ને? બધા ચોર અને દંડ દેવા લાયક જ છે ને?"! મેં કોઈ તોફાનીને પોલીસ પકડી જતી હોય ત્યારે એવી દલીલ કરતો સાંભળ્યો નથી કે અંતે તો આપણે બધા



વાંદરામાંથી જ ઉત્ક્રાંત થઈ ઉદ્ભવ્યા છીએ ને! સભ્યતા અને સંસ્કૃતિ જેવું કાંઈક છે જ જે વકરેલી મનોવૃત્તિને લગામમાં રાખે. જે અંતે સાચું હોય તે જ સાચું એમ માનવું મૂર્ખતાભર્યું છે.

જ્ઞાન મેળવવું બહુ સહેલું છે આજે, બંદૂક બનાવવાનું કે બેન્ક લૂંટવાનું ય જ્ઞાન અને પ્રશિક્ષણ સરળતાથી મળી રહે છે; પણ મહત્ત્વ તેને પચાવવાનું છે. આજે કિશોરોને પ્રસૂતિનું ય જ્ઞાન આપવાની વાતો થાય છે પણ તેનાથી તેઓનો સ્વભાવ પ્રભાવિત થયા વગર નહીં રહે તે કોઈ વિચારતું નથી. ખેર.

સૃષ્ટિમાં જે ભેદ પ્રકટ થયા છે તે પોતપોતાનો સ્વભાવ લઈને પ્રકટ થયા છે. કમલ દિવસે ખીલે તો કુમુદિની રાતે. આંબા ઉનાળે પાકે તો અનાર ચોમાસે. મનુષ્યો સાત્ત્વિક-રાજસ-તામસ પ્રકૃતિના પણ પાકે તો બ્રાહ્મણ-ક્ષત્રિય પણ હોય તો સ્ત્રી-પુરુષ પણ હોય તો બાલ-વૃધ્ધ પણ હોય તો ગરીબ-અમીર કે મૂર્ખ-ચતુર પણ હોય. સુબલ-તોક પણ કૃષ્ણના સખા છે તો અર્જુન પણ સખા છે, સુદામા ય સખા છે ને ઉધ્ધવ પણ સખા છે; છતાં ય તેમના સ્વભાવમાં બહુ અંતર છે.

પ્રભુ એટલા સમર્થ છે કે જેવા સાથે તેવા થઈ શકે છે: "યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્." જીવને તેથી પોતાની સ્વભાવમર્યાદાનું અતિક્રમણ કરવાની કોઈ આવશ્યકતા નથી. કેવળ ઉપનિષદોમાં જ બત્રીસ બ્રહ્મવિદ્યાઓ બતાવાઈ છે અને તે પૈકી કોઈ પણ એક થકી બ્રહ્મજ્ઞાન થઈ શકે છે: "વેદૈશ્ચ સર્વૈઃ અહમેવ વેદ્યઃ." વ્રજભક્તો તામસ સ્વભાવના હતા તો પ્રભુએ તેમની સાથે તામસલીલા કરી અને યાદવો સાથે રાજસલીલા. કંસને ડરાવી નાખ્યો તો યશોદાજીથી પોતે બી ગયા! પ્રભુચરણ શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે પ્રભુ જીવના સ્વભાવાનુસાર લીલા કરી ધીરેધીરે તેનું ચિત્ત ન ચોરે અને એક ઝાટકે જ ચિત્ત ખેંચી લે તો જીવને ક્લેશ થાય, પ્રભુની દયાલુતા સિધ્ધ ન થાય અને તેવી લીલા રસાળ ન બને. અર્જુન વિરાટ સ્વરૂપ જોઈને કાંપવા માંડ્યો ને છેવટે તેણે પ્રભુને વીનવ્યા કે આ રૂપ પરિહરી સારથિ થઈ જાઓ પાછા. ગોપીજનોને ઉધ્ધવજીની જ્ઞાનની વાતો ક્યાંથી પચે? જો ઉધ્ધવજીના મુખેથી કહેલી ય ન પચે તો પ્રભુ સ્વયં તેવી વાતો કરે તો પચે ખરી?

સ્વભાવમર્યાદા જાળવી તો રસ જળવાશે, ભાવ જળવાશે, આનંદ જળવાશે, સેવા જળવાશે. તેથી જ શ્રીઆચાર્યચરણે જલભેદ ગ્રંથ પ્રકટ કર્યો છે. તેમાં સંક્ષેપમાં સમજાવ્યું છે કે સંસારી, મુમુક્ષુ કે મુક્ત એવા વિવિધ માર્ગોના વક્તાઓના પ્રવચનાદિથી આત્મનિવેદન કરનારા ભક્તને કેટલો લાભ અને કેટલી હાનિ થશે. લાભદાયક વક્તાઓની યાદી બહુ

ટૂંકી છે અને તેમનો ય મોટો અવગુણ એ છે કે તેઓ દુર્લભ હોય છે, છાશવારે સાત દિવસ માટે જામી નથી પડતા. સત્સંગ હંમેશા સ્વમાર્ગીય વૈષ્ણવો; તે ય પાછા નિરપેક્ષ-સાત્ત્વિક-કૃષ્ણરતિનું ઉદ્‌બોધન કરનારા હોય તેમનો જ, કરવો. નહીં તો ગ્રંથોનો સ્વાધ્યાય કરવો.

વળી આવા વૈષ્ણવ/ગ્રંથ પણ સમાનશીલવ્યસન હોવા જોઈએ. આપણને સ્વસેવ્યપ્રભુ પ્રત્યે બાળભાવ કે સખાભાવ હોય અને સત્સંગી ભાઈ કિશોરભાવ કે પછી જગદ્‌ગુરુભાવ જ કેળવવાની શીખ આપતા રહેતા હોય તો ભાવની કળી કુમળાઈ જશે. બહુ વિરહની કાગારોળથી પાકેલા કાન સંયોગ વખતે ય ખંજવાળવા પ્રેરશે. તેથી શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પોતાના અને બીજાના ભાવને ચકાસીને પછી જ તેઓનો સંગ કરવો, બીજો ગમે એટલો પ્રખ્યાત કે મહાન ખાનદાનનો કેમ ન હોય. સ્વાભાવિક છે, કેમ કે એક તો સેવામાં સેવ્યપ્રભુનો આદર જળવાય તે માટે આપણી સ્વભાવમર્યાદા જળવાય તે માટે સત્સંગ કરો ને તે એવો કરો કે સ્વભાવમર્યાદા જ રોળાઈ જાય તો તેવા સત્સંગનો ફાયદો શું?

કોઈને ભલે લાગે કે આ સંકુચિત મનોવૃત્તિ કે વાડાબંધી છે, શ્રીઆચાર્યચરણો સાચી આજ્ઞા કરવામાં કોઈની સાડીબાર નથી રાખતા. તેમને જગદ્‌ગુરુ બનવાની કોઈ ઘેલછા નથી. તેઓ તો વૈષ્ણવોના હૃદયમાં રહેલ ભગવદ્‌ભાવના સગાં છે, પ્રસિધ્ધિના નહીં. તેઓ આ પ્રભુ પ્રત્યેના આદર ને સંવેદના ને પણ નિધિ જ માને છે અને સેવ્યપ્રભુથી તેને જરા ય ન્યૂન નથી ગણતા. તેથી જ તેના પોષણ માટે આળસ, પ્રમાદ ને મોભો છોડી સત્સંગ કરવાની આગ્રહપૂર્વક આજ્ઞા કરે છે.

*"સો એક દિન વૈષ્ણવકે ઘરતેં અર્ધરાત્રિ સમેં સેઠ પુરુષોત્તમદાસ આવત હૈ. . .*

*ભાવપ્રકાશ— યહ કહિકે યહ જતાયે, જો– સેઠ એસે કૃપાપાત્ર ભગવદીય હતે. પરંતુ વૈષ્ણવકે સંગ અર્થ આપુ ચલાઈકિ જાતે. તાતેં વૈષ્ણવકો સંગ અવશ્ય કરનોં. કાહેતેં? શ્રીઆચાર્યજી લિખે હૈં– "પોષકાભાવે તુ શિથિલમ્", પોષકકો અભાવ હોઈ તબ મન સિથિલ વ્હૈ જાઈ, ભક્તિ ઘટિ જાઈ. સો પોષણ સત્સંગતેં હોઈ."*

તેથી નસીબમાં જે ભાવ ને સ્વભાવ મળ્યા છે તેને જાળવવા અને પોષવા જોઈએ, વ્યર્થમાં કર્મ-જ્ઞાન-ભક્તિના ત્રિવેણીસંગમની ખીચડી પકાવવા કરતાં.

આ ભાવ ને સ્વભાવને જાળવી રાખવા પ્રભુ અને આપણામાં ભેદ છે એવી બુધ્ધિ પણ જળવાઈ રહેવી જોઈએ. જ્ઞાનમાર્ગી અભેદબુધ્ધિ



કેળવે એ ઈષ્ટ છે પણ ભક્તિમાર્ગીને તે રસાનુભૂતિમાં બાધક થશે. તેથી જ્ઞાનમાર્ગીનો સંગ આપણે માટે દુઃસંગ છે ને વર્જિત છે.

આ ભેદબુધ્ધિ પર રામાનુજ અને માધ્વ સંપ્રદાયો માં ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે અને ખ્રિસ્તી તથા મુસલમાન ધર્મમાં પણ. અતિરેક પરંતુ અહીં પણ નુકસાનકારક છે. આદર તે સ્થિતિમાં જીવંત અને ચિરંતન નથી રહી જતો. આવશ્યકતા સમતુલાની છે; પ્રભુ આત્મીય લાગે તે પણ એટલું જ જરૂરી છે પુષ્ટિમાર્ગમાં જેટલું કે સ્વામી લાગે તે. શ્રીઆચાર્યચરણ તેથી તાત્ત્વિક રીતે અર્થાત્ સ્વરૂપતઃ જીવનો અભેદ માને છે અને આ બ્રહ્મવિદ્યાવિશારદતાને પણ સેવકની એક લાયકાત બતાવે છે, પરંતુ સાધનામાં આ ભાવનું પોષણ ન કરતાં સાવધાનીપૂર્વક લીલાનુસારી ભેદબુધ્ધિને જ પ્રવૃધ્ધ કરે છે.

અહોભાવ જળવાઈ રહે તે માટે દૈન્ય તથા નિઃસાધનતાનું આપણામાં ભાવન અને કૃપાળુતાનું પ્રભુમાં ભાવન કરેવું જોઈએ.

આજે તો આપણને સેવામાં કર્તવ્યબુધ્ધિ પણ નથી થતી, પણ તો ય એ સમજી શકાય એવી વાત છે કે રોજ ૨-૪-૬-૮ કલાક સેવા કરીએ તો સેવા કર્યાનો અહંકાર પણ થઈ શકે. છે. બહુ ઓછા કસરતબાજોને પોતાના દેહસૌષ્ઠવનો ગર્વ નથી હોતો; છાશવારે વાતવાતમાં તેનું પ્રદર્શન કર્યા કરે છે. ભગવત્સેવકને ય સૌભાગ્યમદ થઈ શકે છે અને ક્યારેક અન્ય સેવા ન કરનારા જીવો સામે તો ક્યારેક સ્વયં પ્રભુ સામે તેને પ્રદર્શિત કરવાની મનોવૃત્તિ જાગી શકે છે.

દૈન્ય અને નિઃસાધનતા નું ભાવન મનને ઠેકાણે લાવે છે કે ચાંડાલી હતા ને આપણે રાણી બન્યા તે રાજાની કૃપાદૃષ્ટિથી, નહીં કે આપણી લાયકાતથી. રાજાને પ્રસન્ન કરી શક્યો તે જ જીવની એકમાત્ર લાયકાત છે અને તે થકી જ સેવા મળતી રહી છે ને મળતી રહેશે; સેવાનો કાંઈ અમરપટ્ટો નથી મળ્યો. બહુ નસીબ અને કૃપા હોય તો સેવા મળે છે: "નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન, યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ્."

આવા ભાવનથી અહોભાવ અને તે થકી આદર સ્થાયી રહે છે.

પ્રભુના, મહાન ભક્તોના અને આપણા સ્વરૂપની સમજ હોવી પણ આદર જાળવવા આવશ્યક છે.

*"શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીમેં કહે હૈં— શ્રીઠાકુરજીકી લીલામેં શ્રીઠાકુરજીકે સ્વરૂપમેં દોઈ ભાવના કરેં તબ શ્રીઠાકુરજી અપ્રસન્ન હોઈ;*

*એક અસંભાવના, એક વિપરીતભાવના. અસંભાવના યહ, જો– શ્રીઠાકુરજી પરાયેસોં વિહાર કિયે. ઠાકુરજી હીન જાતિકે ઘર કૈસે આરોગત હોઈંગે? શ્રીઠાકુરજીકે છુવેતેં યહ વસ્તુ છૂઈ જાયગી. અહીર જ્ઞાતિકે બિના ન્હાયે ક્યોં ભોજન કિયે? શ્રીઠાકુરજીકોં ફલાનો રોગ ભયો. શ્રીઠાકુરજી નિત્ય તો પ્રમાન અરોગત હૈં, અન્નકૂટમેં ઈતનો સબ કૈસે અરોગેંગે? શ્રીઠાકુરજી અબ વૃધ્ધ ભયે. શ્રીઠાકુરજી યહ લીલા ક્યોં કિયે? —યહ નાના પ્રકારકે કુતર્ક પ્રભુમેં કરનો નાહીં. કાહેતેં, 'પુરુષોત્તમ્સહસ્રનામ'મેં કહે હૈં– 'તર્કાગોચરકાર્યકૃત્'. ઐસો કાર્ય હૈ. પ્રભુકો કાર્ય તર્કતેં અગોચર હૈ. કોઈક બુધ્ધિમેં તર્કમેં આવે નાહીં. કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સર્વસામર્થ્યયુક્ત હૈં. યહ અસંભાવના, ઔર વિપરીતભાવના યહ, જો– શ્રીઠાકુરજીકે શ્રીમુખમેં વાસ આવેગી, તાતેં દાતન કરાવનો. એક ઠિકાને ખરચૂકી ભાવના કરની. ચૌરાસી કોસ વ્રજ હૈં; એક દિનમેં સગરે કૈસે ફિરે? ઈતની ગાઈ હૈં; સબ કૈસે દુહત હોઈંગે? આગે વ્રજમેં પ્રકટે, અબ વ્રજમેં કહાં હૈં? ક્યૂં વ્રજમેં દીસત નાહીં. હીન વસ્તુ ગાજર, મૂરિ, કલિંગડા આદિ સબ ઠાકુરજીને પ્રકટ કિયો હૈ, યાકો ભોગ ધરિવેમેં કહા બાધક હૈ? શ્રીઠાકુરજી એક, સગરી ગોપિકાનસોં કૈસે વિહાર કરત હોઈંગે? ઈત્યાદિક વિપરીતભાવના ભઈ. યા પ્રકાર અસંભાવના-વિપરીતભાવનાતેં શ્રીઠાકુરજી અપ્રસન્ન હોઈ —યહ જતાયે. સો ન કરનો."*

ભાવની ઉત્કટતામાં વ્રજભક્તોએ જે કર્યું તે ભાવ ન હોય તો ય કરવું આપણને ન છાજે. આપણાથી કાત્યાયનીવ્રત કે પછી ઈન્દ્રની પૂજા આદિ ન થાય.

*"સ્વરૂપનું અનુસંધાન નથી એને લઈને બધી મુંઝવણ છે. હું કોણ છું? મારે ક્યાં જવાનું છે? મારું શું કર્તવ્ય છે? —એનું જીવને ભાન નથી એટલે ગોથાં ખાય છે."*

શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે જીવ સ્વરૂપસ્થ થાય ત્યારે તેને કૃતાર્થ થયો સમજવો. પણ પોતાનું સ્વરૂપ શું છે તે નકકી કરવામાં જ ઘણી વખત જીવનો જન્મારો નિકળી જાય છે. પોતે મનુષ્ય છે, પુરુષ છે, ભારતીય છે, હિંદુ છે, બ્રાહ્મણ છે, ગૃહસ્થ છે, પિતા છે, પતિ છે, વૈષ્ણવ છે . . . શું છે અને શું નથી તે ખબર પડે ત્યારે બધો ખુલાસો થાય. શાસ્ત્ર બહુ પ્રેક્ટિકલ છે તેથી આમાંનું કોઈ પણ દેહાભિમાન/સ્વાભિમાન હોય તેને લક્ષમાં રાખી ઉપદેશ આપી દે છે, કોઈ એક ઉચ્ચ કક્ષાનું દેહાભિમાન થાય તે દિવસની રાહ નથી જોતું. તે દેહાભિમાન હોય ત્યાં સુધી તે ઉપદેશને અનુસરવું તમારો સ્વધર્મ છે જ. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે તમને તમારા વર્ણ કે આશ્રમ



નું અભિમાન (પ્રબળ અનુભૂતિના અર્થમાં) હોય તો વર્ણાશ્રમધર્મ જ તમારો સ્વધર્મ છે, ભગવદ્ધર્મ પણ વિધર્મ કે પરધર્મ છે.

પરંતુ આત્મનિવેદન કર્યા પછી પરિસ્થિતિ બદલાઈ જાય છે. શ્રીઆચાર્યચરણ અને શ્રીહરિરાયચરણ આ પ્રક્રિયાને એક કન્યાના જીવનમાં વિવાહ કરવાથી આવતા પલટા સાથે સરખાવે છે: "જેમ વિવાહ થતાં સ્ત્રીને આ પુરુષ મારો પતિ છે એવો ભાવ થાય છે તેમ અહીં બ્રહ્મસંબંધ થતાં શ્રીકૃષ્ણ મારા સ્વામી છે એવો ભાવ જાગે છે. જેમ વિવાહ પહેલાં સ્ત્રીમાં રહેલા કોઈક દોષો વિવાહ થતાં નિવૃત્ત થાય છે અને દામ્પત્યમાં પ્રતિબંધક નથી રહી જતા તેમ અહીં પણ બ્રહ્મસંબંધ થતાં જીવમાં સેવામાં પ્રતિબંધક હોય એવા કોઈ દોષો નથી રહી જતા. જેમ વિવાહિતાને અન્યસંબંધ કરતાં, પતિનું અનુચ્છિષ્ટ ખાતાં, પતિને પોતાનું ઉચ્છિષ્ટ ખવડાવતાં અને પોતાનો અન્યત્ર વિનિયોગ કરવાથી દોષ લાગે છે તેમ નિવેદી જીવને અન્યાશ્રય, અસમર્પિતગ્રહણ થકી દોષ લાગે છે. જેમ વિવાહિતા દૂતીદ્વારા પોતાના ઉત્તમ દેહાદિ પતિને અર્પે છે તેમ નિવેદી જીવે મોટાઓની કાનિથી સર્વ ઉત્તમ વસ્તુઓ પ્રભુને સમર્પવી જોઈએ. જેમ પોતાની અનન્યતાના અનુસંધાનનો અભાવ વિવાહિતાને બાધક છે તેમ નિવેદી જીવને પણ બાધક છે. તેથી જેમ સ્વજનોની સહાયથી સ્ત્રી પોતાના પાતિવ્રત્યની રક્ષા કરે છે તેમ નિવેદી જીવે તાદશી જનો સાથે નિરંતર બ્રહ્મસંબંધનું ચિંતન કરતાં રહેવું જોઈએ."

સંવેદના આ બધાની શિરમોર સમી છે.

કોઈપણ સાધના કરવામાં ચાર પ્રકારે વિદ્રોહ કરી મન કે શરીર સાધકને સાધનાવિરત કરી શકે છે— લય, વિક્ષેપ, કષાય અને રસાસ્વાદ. સેવા કરવામાં મનના સંકલ્પને કોઈ સાથ જ ન આપે તે લય. જેમ કે સેવા કરતાં કે સત્સંગ કરતાં ઊંઘ જ આવવા મંડે! મન સાધનામાં ન લાગે ને સાધના કરતી વખતે દુકાન ને મકાન ને ચપ્પલ ખરીદવા ને ઘોડા ખરીદવામાં જ રમમાણ રહે તે વિક્ષેપ. મન સાધનામાં ન લાગી ઈલેક્ટ્રિક શૉક લાગ્યો હોય તેમ સ્તબ્ધ જ થઈ જાય તે કષાય, જાણે પૂતળું ન હોય! વળી સાધનામાં ન લાગી મન સાધનાસંબંધી ગૌણ વાતોમાં જ આસ્વાદ લઈ સંતુષ્ટ થઈ જાય તે રસાસ્વાદ— ફૂલના હિંડોળા ને કેસરના હિંડોળા ને બુંદી ને મોહનથાળ! આહાહા!

સાધના પ્રાયઃ પરિશ્રમસાધ્ય હોય છે અને તેમાં આનંદ સ્વાતિ નક્ષત્રના મેઘના જળ જેવો દુર્લભ હોય છે. તે મેળવવા તેથી જ ચાતક જેવી આર્તિ હૃદયમાં જોઈએ, સંવેદના હૃદયમાં જોઈએ, તૃષા હૃદયમાં

જોઈએ. શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રભુ આપણે ઘેરે જ બિરાજતા હોવાથી આટલા દુર્લભ નથી છતાં ય ભાવની નિકટતા ન હોય તો પાસે બિરાજીને પણ દૂર જ રહી જાય છે.

આજે 'જનરેશન ગૅપ'ને કારણે એક પરિવારના સભ્યો એક ઘરમાં રહીને પણ એકસાથે નથી રહેતા હોતા, બે અલગ અલગ યુગમાં જીવતા હોય છે. અસલમાં એકબીજાની સંવેદના, સહાનુભૂતિ નથી રહેતી.

ઘણાને પ્રશ્ન થતો હોય છે કે ઈતિહાસકારોના હિસાબે ૫૦૦૦ વર્ષ પહેલાં તો શાસ્ત્રકારોના મતે છેક કલ્પાંતરમાં થઈ ગયેલ કૃષ્ણની ભક્તિ આપણે આજે કરીએ તે કેવી રીતે પ્રેક્ટિકલ ને બુધ્ધિગમ્ય છે?

સંવેદના દેશ-કાળ-સ્વરૂપના સીમાડાથી અતીત થઈ શકે છે. સંવેદના હોય તો આપણે અર્જુનની વ્યથાને સમજી શકીએ છીએ, રામલીલા જોતા જોતા તન્મય થઈ જઈએ છીએ. સંવેદનશીલ ઋષિ વાલ્મીકિ ક્રૌંચ પક્ષીનો શિકાર જોઈ સ્વયં વ્યાકુળ થઈ ઊઠે છે તો જડભરત ઋષિનો જીવ હરણના બચ્ચામાં રહી જાય છે. બંગાળી ભાષા-માહોલ-કથાનકમાં સત્યજિત રાયે સર્જેલ ફિલ્મોને ફ્રેન્ચ રસિકો પણ માણી શકે છે. સંવેદના હોય તો દૂર રહે ય સ્નેહ વધે છે અને ન હોય તો સાથે રહેનારાને ય છૂટાછેડા લેવા પડે છે.

સંવેદના કોઈ ભૌતિક પ્રક્રિયાથી છૂટક કે જથ્થાબંધ પેદા નથી કરી શકાતી. પણ જે પ્રક્રિયા દુઃસંગની છે તે જ સત્સંગની છે કે "સંગાત્ સંજાયતે કામઃ". સંગ કરતા રહેશો, ભગવદ્‌સ્વરૂપ અને લીલાનું તથા ભગવદ્‌ગુણોનું ચિંતન કરતા રહેશો તો ભગવત્સેવાની કામના થશે, આર્તિ થશે, તરસ લાગશે. ત્યારે સેવા કરતાં ચિત્ત તન્મય થઈ જશે; ન લય થશે ન વિક્ષેપ ન કષાય ન રસાસ્વાદ. તેથી સંગ નિરંતર કરતા રહેવું.

*"એકવાર શ્રીપાતે પૂછ્યું કે મહારાજ, મન ચરણારવિંદમાં શી રીતે રહે? ત્યારે આપે આજ્ઞા કરી કે સુરત કરી કરી ચિત્તમાં ય લાવે અને અભ્યાસ કરતો રહે તો આવે. જેમ કૂવાની પર પાષાણના થાળાને દોરીના કાપા પડે છે, તેમ મન પર પણ અભ્યાસથી અસર થાય છે. જો પથ્થર પર અભ્યાસથી ઘસારો પડે તો મન પર પણ અભ્યાસથી ચરણારવિંદની અસર કેમ ન પડે."*

ભગવદ્‌વાર્તા કરતી વખતે ય સાવધાની રાખવી જરૂરી છે. તે માટે શ્રીઆચાર્યચરણે 'પંચપદ્યાનિ' ગ્રંથ રચ્યો છે જેમાં કેવા શ્રોતા સામે શેનું વર્ણન કરવું ને શેનું છુપાવવું તે સંક્ષેપમાં સમજાવ્યું છે. "ઔર



*ભગવદીય વૈષ્ણવકે આગે લીલાકો ગાન કરનોં. સાધારણ કોઈ બૈઠો હોય તો શિક્ષાકી બાત કહેની, શિક્ષાકે કીર્તન ગાન કરને. જો ભક્તિમાર્ગકો દ્વેષી બહિરમુખ બૈઠ્યો હોય તો અપને મનમેં ગુનગાંન ભગવદ્‌સ્મરણ કરનોં; બાહિર અપને ધર્મકો પ્રકાશ કરે નહીં."* બાવડાં ઝલાઈ જાય એટલી રસ્સીખેંચ કરીએ ત્યારે છેક જઈને કૂવાની થાળ પર કાપા પડે છે! ખરેખર તો એ કોતરણી છે, કાપા નથી. મન પર પ્રભુ કોતરાઈ જાય એ જ તો જીવનની સિધ્ધિ છે. એને જીરવવી જોઈએ.

ભગવત્સેવકના જીવનમાં સત્સંગની ખોરાક કે વિટામિન જેટલી જરૂર છે પણ આજે આપણે મુખવાસ તરીકે ય સત્સંગ નથી કરતા. અઠવાડિયે એકાદ વાર 'ચેન્જ' તરીકે કરીએ છીએ. પહેલાં તો કોઈકોઈને ગામમાં સત્સંગી ન હોય તો છ-આઠ ગાઉ ચાલીને બીજા વૈષ્ણવોને ઘેર જવું પડતું, તો ય તેઓ આગ્રહપૂર્વક નિયમથી રોજ જતાં. આજે એમ તો આપણે દુનિયાને કોઈ પણ ખૂણે રહેતા હોવા છતાં માર્ગના પુસ્તકો, સામાયિકો, કેસેટો વગેરે પ્રાપ્ત કરી શકીએ છીએ ને કરતાં પણ હોઈએ છીએ; છતાં ય આપણે આળસ કે પ્રમાદમાંથી ઊંચા નથી આવતા.

*"દામોદરદાસજીએ કહ્યું કે 'સુન્યો પર કછુ સમજ્યો નાહીં'. જે નહોતા સમજતા એને સમજવાનું ઘણું હતું, પરંતુ આપણે બધા સમજીએ છીએ એટલે આપણે સમજવાનું કાંઈ બાકી નથી! . . . હવે આ માણસ આટલું તો કરે છે, બીજા તો આટલું પણ નથી કરતા —એવી દષ્ટિ લોકોમાં આવેલી છે. પહેલાં આવી દષ્ટિ નહોતી. આ રીતે આગળ વધવાની આશા છોડી દેવી."*

જરૂર સત્સંગનું પુનર્મૂલ્યાંકન કરવાની છે, તેની દુર્લભતા સમજવાની છે. તે નિત્યનિયમપૂર્વક જાતે કરવો અને વકતા-શ્રોતાની ચકાસણી કર્યા પછી જ કરવો. કાંઈ વિષય ન સમજાય તો ગુરુ કે અન્ય વિશ્વાસપાત્ર જાણકાર વૈષ્ણવવર્યોથી તે સમજવો, પણ પ્રમાદ ન કરવો. વળી દુઃસંગથી ચેતી તેનાથી છેટા રહેવું. વિશેષ ત્રીજા શિક્ષાપત્રમાંથી સમજવું.

જમાનો ભલે જેટ વિમાનોનો હોય, આપણે તો ખરબચડે રસ્તે થઈ કેવળ સન્મુખ જ થવાનું છે. મંજિલ દૂર નથી; પણ તેથી જ તો સસલાની માફક પ્રમાદ સેવી સૂઈ જવાનું મન થાય છે. આવશ્યકતા કાચબાની માફક સતત ધીમી પણ મકકમ ગતિ કર્યે રાખવાની છે.

*

# ક. ભગવત્સેવક

આજે ગૃહિણીઓના મનમાં એવું ઠસી ગયું છે અથવા તો ઠસાવી દેવામાં આવ્યું છે કે જે ધોવાનો સાબુ ફીણ વધારે પેદા કરે તે વધુ સારો. હકીકતે તેમ ન હોવા છતાં ય કેમકે ચાલી નીકળ્યું છે તેથી સાબુના દરેક ઉત્પાદકો બિનજરૂરી ફીણ વધારનારાં તત્ત્વોનું પ્રમાણ સાબુમાં વધારતા જ જાય છે. પાણીમાં ન ઓગળે તેવા આ તત્ત્વો શહેરોમાં ખાળ, મોરી કે ગટરો ને જામ કરી નાખે છે. જે ગામડાંમાં ગટરવ્યવસ્થા નથી હોતી ત્યાં આ તત્ત્વો નદી કે તળાવ માં ભળી તેની સપાટી પર એક એવું આવરણ બનાવી લે છે કે જેથી કરીને વાતાવરણમાંનો પ્રાણવાયુ નદી-તળાવના જળમાં ઓગળી શકતો નથી અને પરિણામે ત્યાં વસનારા જળચરો, કે જે આવા ઓગળેલા પ્રાણવાયુને આધારે જ જીવવા સર્જાયા છે, તેઓનો નાશ થાય છે; તેઓ ગૂંગળાઈ મરે છે આ આવરણથી.

કહે છે કે આજકાલની હિન્દી મસાલા ફિલ્મોમાં કથા ગમે તે હોય, ફિલ્મની દરેક રીલનો મસાલો તો પહેલેથી નક્કી જ હોય છે: એક ગીત હિરો હિરોઈનને પટાવવા ગાય, એક ગીત બન્ને એકબીજાના ગળાડૂબ પ્રેમમાં પડ્યા પછી સાથે– પ્રાયઃ ફરવાના સ્થળોએ– ગાય, એક ગીત કાંઈ અણબનાવ થતાં વિરહમાં ગાય, એક ગીત ખલનાયકના અડ્ડા પર ગાય, ત્યાર બાદ એક રીલ જેટલી મારામારી, તે સિવાય એકાદ રીલ કોમેડી, એકાદ રીલ સંજોગવશાત્ છૂટા પડે અને અંતે ભેગા થાય તેની, વગેરે. મૂળ કથાને અનુરૂપ હોય કે નહીં, આટલો મસાલો તો હોય જ. પ્રસંગ મૂળ કથામાં ન હોય તો ઊભો કરી દેવાય. સારા સારા દિગ્દર્શકો ય આ પ્રવાહમાં ઘસડાય છે.

ધરમના ય આજે કાંઈક આવા જ હાલ છે: શાંતિ ને સદ્ભાવના, સહિષ્ણુતા ને ભાઈચારો, "મઝહબ નહીં સિખાતા આપસમેં બૈર રખના", "ધર્મ ને રાજકારણ ની ભેળસેળ ન થવી જોઈએ" . . . બે રીલ રાજકારણીઓ મારી મચડીને ઠોકી બેસાડે તો અખબારી આલમ બીજી ચાર રીલનો ફાળો આપે: "ધર્મ તો બસ એવો હોવો જોઈએ જે તેના અનુયાયીઓને પુરુષાર્થવાદી બનાવે, ડોક્ટરને રાતદિવસ ડોક્ટરી કરવાની અને વિદ્યાર્થીને રાતદિવસ અભ્યાસ કરવાની પ્રેરણા આપે, ઊંચનીચના ભેદ મિટાવે, આભડછેટ મિટાવે, ગેરમાર્ગે દોરવાયેલી યુવાપેઢીને માદક દ્રવ્યોનું વ્યસન છોડાવે, વૃધ્ધ પેઢીને બીડી-દારૂ છોડાવે, રીઢા ગુનેગારોને સારા નાગરિક બનાવે, આતંકવાદીઓને દેશના મુખ્ય પ્રવાહમાં જોડાવા પ્રેરે, દુકાળ-સુકાળમાં સમાજસેવા કરવા પ્રેરે, કળાઓને પ્રોત્સાહન આપે, ખેલાડીઓને પ્રોત્સાહન આપે, સાહસવીરોને પ્રોત્સાહન આપે,



અમલદારોને લાંચ ન લેવા પ્રેરે . . . ." સરવાળે બધા ધર્મો તેમની મૌલિકતા નેવે મૂકી મસાલા ધર્મો થઈ ગયા છે, બિનસાંપ્રદાયિક ધર્મો થઈ ગયા છે. અનેક ધાર્મિક સંપ્રદાયોમાં ટોચના સ્થાનોપર આવું બધું માનતા અધકચરા અનુયાયીઓ બેસી ગયા છે અને એક આવરણ જેવું બનાવી નાખ્યું છે. જેમને શાંતિથી નિષ્ઠાથી પોતાનો ધર્મ જીવવો છે તેમને જીવવા નથી દેતા. કોઈ એ વિચારતું જ નથી કે ધર્મની કેડ આટલો બધો બોજો વેંઢારી શકે ખરી? આટલો મેલ ધોતાં ધોતાં આ પાવનકારી નદીઓ શું મેલી નહીં થઈ જાય? ધરમને શું પાપીઓથી જ પનારો પાડવાનો હોય છે? પુણ્યશાળી જીવો કોઈ દિવસ ધર્માચરણ કરશે કે બસ અખબારોમાં ને ભાષણોમાં ઉપદેશ જ આપ્યા કરશે!

ખ્રિસ્તી મિશનરીઓના વાદે સૌપ્રથમ સ્વામી વિવેકાનંદ ચડ્યા, ને હવે તો લગભગ દરેક હિન્દુ સંપ્રદાય તથા જૈનો પણ ધર્મના ઝંડા હેઠળ આવું બધું કરે છે. ધર્મના અનુયાયીઓ અનુયાયી ઓછા ને સ્વયંસેવક વધારે થઈ ગયા છે.

"સમકાલીન મૂડીવાદી સમાજરચનામાં સમાનતાનો અર્થ બદલાયો છે. સમાનતા એટલે સ્વયંસંચાલિતતાનું સરખાપણું. માણસોએ પોતાનું વ્યક્તિત્વ ગુમાવી દીધું છે. આજે સમાનતાનો અર્થ સરખાપણું થાય છે; એકતા નહીં. બધા માણસો એકસરખું કામ કરે છે, બધાને સમાન પ્રકારનું મનોરંજન મળે છે, બધા અમુક વર્તમાનપત્રો વાંચે છે, બધાનાં વૃત્તિલક્ષણો સરખાં છે, બધાનાં વિચારો સરખાં છે. . .

સમકાલીન સમાજ આ સમાનતાનો સિધ્ધાંત એટલા માટે રજૂ કરે છે કે તેને કારખાનામાં કામ કરવા માટે માનવશક્તિ જોઈએ છીએ. બધા સમૂહગત રીતે, શાંતિથી, ઘર્ષણ વિના કામ કરે. બધા એકસરખા હુકમનું પાલન કરે, અને છતાં બધા એમ માને કે પોતે સ્વતંત્ર રીતે પોતાની ઈચ્છામુજબ વર્તી શકે છે. જેમ કારખાનામાં માલના ઉત્પાદનનું ધોરણ સરખું હોવું જોઈએ એવી રીતે સમાજમાં પણ માણસનું ધોરણ સરખું હોવું જોઈએ. આ વસ્તુને 'સમાનતા' કહેવામાં આવે છે. . .

પરિણામ શું આવ્યું? માનવી સ્વયંસંચાલિત યંત્ર જેવો બની ગયો છે. દરેકને પોતાની સલામતીનો ભય છે તેથી ટોળામાં રહેવા મથે છે અને ટોળાના વિચારો, લાગણી અને કાર્ય પ્રમાણે અનુકૂળ થવા પ્રયત્નશીલ રહે છે. દરેકે પોતાના સ્વતંત્ર વિચારો અને લાગણી ગુમાવી દીધાં છે. . ."

(— 'પ્રેમની કળા'માંથી સાભાર; મૂળ લેખક: ઍરિક ફ્રૉમ, ભાવાનુવાદક: પ્રો. અમૃત રાણિંગા).

સાચા સાધકોને ગૂંગળાવી નાખે છે આ મસાલો.

શ્રીઆચાર્યચરણે પ્રકટ કરેલા માર્ગની ખાસિયત એ છે કે તેમાં દીક્ષિત

થવાથી વ્યક્તિ ચેલો કે શિષ્ય કે સ્વયંસેવક સમાજસેવક ન બનતાં ભગવત્સેવક બને છે. શ્રીઆચાર્યચરણનું હિંદુ ધર્મમાં કોઈ મૌલિક પ્રદાન હોય તો તે પૈકી એક એ પણ છે કે જીવ ભગવત્સેવક હોવાના પાસાંને આપે ઉજાગર કર્યો. તત્ત્વાર્થદીપનિબન્ધ ને ષોડશગ્રન્થો માં આપશ્રી જોરશોરથી આ વાતનો ઉદ્‌ઘોષ કરે છે: "સાત્ત્વિક ભગવદ્‌ભક્તો માટે જ હું નિબંધ લખી રહ્યો છું. . . જીવનું એકમાત્ર કર્મ દેવકીપુત્ર ભગવાનની સેવા જ છે. . . આ જ મહામોહ અને પ્રતારણા છે કે વિદ્વાન અને શાસ્ત્રાભ્યાસપરાયણ કર્મિષ્ઠ હોવા છતાં ય લોકો કૃષ્ણભજન નથી કરતા. તેમને ભવબંધન જ પ્રાપ્ત થાય છે. . . આ કલિકાલમાં કર્મ-જ્ઞાન-ભક્તિના અધિકાર જ લુપ્ત થઈ ગયા છે. છતાં ય ભક્તિપૂર્વક કૃષ્ણસેવા કરી તો કલિયુગ ફલદાયક છે. . . શાસ્ત્રોના આ મતને ન જાણી મતાન્તરોથી પ્રભાવિત થઈ સાત્ત્વિકો પણ ભગવત્સેવા નથી કરતા તેથી મેં આ નિબંધ લખવાનો ઉદ્યમ શરૂ કર્યો છે. . . જીવો સ્વભાવતઃ ભગવાનના દાસ છે. . . કૃષ્ણસેવા સદા કરવી એ મારા સિધ્ધાંતનો વિનિશ્ચય છે. . . પુષ્ટિસૃષ્ટિ ભગવત્સેવાર્થ જ છે, અન્ય કશા પ્રયોજનથી નથી સર્જાઈ. . . લોકમાં જેમ સેવકો સ્વામીને સમર્પિત થઈને રહે તેવો વ્યવહાર પ્રસિધ્ધ છે તેમ પ્રભુને સમર્પિત થઈને રહેવું. . . સર્વદા સર્વભાવથી વ્રજાધિપ શ્રીકૃષ્ણનું ભજન કરવું એ જ સ્વધર્મ છે, બીજું કાંઈ પણ ક્યારે પણ નહીં. . ."

કદાચ પ્રભુ આપણા સ્વામી છે તેનું ભાન થાય તેના કરતાં આપણે આપણી જાતને ભગવત્સેવક તરીકે નિહાળીએ તે એક ભક્તિમાર્ગીના જીવનમાં મોટી સિધ્ધિ છે.

આ દૃષ્ટિ પરંતુ સહસા પ્રાપ્ત નથી થતી. વળી વ્યક્તિનું શુધ્ધ અને સુખી હોવું તેમાં બાધક જ થાય છે, સાધક નહીં. શ્રીઆચાર્યચરણ તેથી જીવના ભગવત્સેવક હોવાના ભાવનું ઉદ્‌બોધન બ્રહ્મવિદ્યાવિશારદતાના ઉપદેશરૂપ વિવેકથી કરે છે.

વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં સંક્ષેપમાં અને અન્યત્ર – નિબંધ, ભાષ્ય, સુબોધિનીમાં – આપશ્રીએ વિસ્તારથી સમજાવ્યું છે કે જગતમાં જે કાંઈ થાય છે તે ભગવદિચ્છાથી થાય છે એ વિવેકબુધ્ધિ સાધકને માટે આવશ્યક છે. આ જગત પ્રભુએં સ્વક્રીડાર્થે સ્વભોગાર્થે સર્જ્યું છે. એમાં આપણે આપણું કોઈ વસ્તુ પર સ્વામિત્વ છે એવી ભાવના કરીએ તે કુબુધ્ધિ છે. જ્યારે જગત આખું ભગવત્ક્રીડાર્થ છે તો આપણે પણ ભગવત્સેવાર્થ સર્જાયા છીએ. વૈચારિક સ્તરે આ ભાવ કેળવી વ્યાવહારિક સ્તરે કોઈ પણ દુન્યવી કે દિવ્ય વસ્તુ માટે પ્રભુથી પ્રાર્થના કરવાની મનોવૃત્તિ, અહંકાર-અભિમાન, હઠવૃત્તિ અને



દુરાગ્રહોની મનોવૃત્તિઓનો ત્યાગ કરવો જોઈએ.

'વિદેશી હાથ' પરંતુ આધ્યાત્મિક 'વિકાસ અને ઉન્નતિ ને અવરોધવાના' કાળા કરતૂતો સતત કરતો રહે છે. ભગવત્સેવકને સુખી ન રહેવા દેવા પાછળ અનેક 'સ્થાપિત હિતોની સાજિશ અને સાંઠગાંઠ' હોય છે. તેનો 'પ્રતીકાર' કરવાની પરંતુ શ્રીઆચાર્યચરણ આજ્ઞા નથી આપતા, આપશ્રી ધૈર્યનો ઉપદેશ આપે છે.

ભગવત્સેવકે ધીરજ રાખી દુઃખો આવી પડે તેને સહન કરવા જોઈએ. દુઃખોને પોતાના પ્રારબ્ધભોગ કે ભગવદિચ્છા માની મનને વિચલિત કે દુઃખી ન થવા દેવું જોઈએ. જીવ કેટલો, તેના પ્રતીકારના પ્રયાસો કેટલા, દુઃખ કેટલું અને ભગવદિચ્છા કેટલી! તેથી આપશ્રીએ આ સ્થળે બતાવેલ તથા શ્રીહરિરાયચરણે દસમા શિક્ષાપત્રમાં બતાવેલ ભાવનાઓ પોતાના દેહાદિમાં તથા પ્રભુમાં કરી ભાર્યાદિ સગાસંબંધી અને દુર્જનો તથા 'અસામાજિક તત્ત્વો' ની મહેરબાનીથી આવી પડતા આધિભૌતિક-આધ્યાત્મિક-આધિદૈવિક દુઃખોને મરતા દમ સુધી સહન કરવા; મર્યા કેડે જાન છૂટી. ભગવદિચ્છાથી તેનો પ્રતીકાર અનાયાસે સિધ્ધ થઈ જતો હોય તો સહન કર્યે રાખવાનો દુરાગ્રહ પણ ન રાખવો. વળી ઈન્દ્રિયોની વિષય તરફની દોટને કાયા-વાણી-મનના નિગ્રહથી અટકાવવી જોઈએ કે જેથી કરીને આનંદદાયક ભગવત્સેવા છોડીને નવું દુઃખનું પોટલું ન પકડી લઈએ ને અંતે પ્રભુને જીવના લૌકિક વૈદિક વિષયો છોડાવવાનો પરિશ્રમ અને આપણને તે અજ્ઞાનજન્ય દુઃખને સહન કરવાનો પરિશ્રમ ન કરવો પડે. આ નભે તો આપણે આર્તભક્ત નહીં થઈ જઈએ; સ્વયં પ્રસન્નતાને, સ્વસ્થતાને પ્રાપ્ત કરી શકશું ને તે થકી પ્રભુને પ્રસન્ન કરી શકશું. ન નભે તો તે ય ભગવદિચ્છા માની ભગવદાશ્રયનું ભાવન કરવું.

ક્યારેક વળી 'દેશી હાથ' પણ 'ઉન્નતિ અને વિકાસને અવરોધે' છે. આપણે એવો ફાંકો રાખતા હોઈએ કે હું બધા ઘરનાંનું પોષણ કરું છું, હું બધા શિષ્યોનો ઉધ્ધાર કરું છું; ને તે આપણી દયા પર નભનારા જ કાળે કરીને બહુ કમાવા કે સિધ્ધાંત ભણવા ના અભિમાનની અસર હેઠળ આપણું અપમાન કરી નાખે, તોછડાઈથી વર્તન કરે! ક્યારેક વળી આપણને ઐહિક-પારલૌકિક સિધ્ધિઓને કે પદવીઓને પ્રાપ્ત કરવાની પ્રબળ ઈચ્છા થઈ જાય, સન્માનપત્રો મેળવવાની ઈચ્છા થઈ જાય; ને મળે કેવળ ભક્તોની ગાળો ને અપમાન! આપણે દુઃખી દુઃખી થઈ જઈએ ને દુઃખ કોઈ હિસાબે જાય જ નહીં. ક્યારેક વળી આપણે પાપ કરી બેસીએ, કોઈ ભક્તનો દ્રોહ કરી બેસીએ. આપણને ભય લાગતો હોય કે કોઈ જાહેરમાં પ્રશ્નો પૂછી લેશે તો! ભક્તિ કોઈ હિસાબે વધતી જ ન હોય.

આ બધી અંતે લૌકિક મનોવૃત્તિઓ છે, અર્થાર્થી હોવાપણું છે, સકામતા છે. તે સર્વ છૂટે અને મન ભક્તિને લાયક અલૌકિક થાય તે માટે સર્વથા મન-વાણી-કાયાથી હરિને શરણે જવાનો શ્રીઆચાર્યચરણ ઉપદેશ આપે છે. આશ્રય મનને શુદ્ધ સેવાલાયક કરી દેશે, તારી દેશે.

તે માટે પરંતુ અચળ વિશ્વાસ જોઈએ, બેબાકળા થઈ સાંતાકુકડીના ચક્કર મારવાથી કામ ન ચાલે. અન્ય સર્વ દેવો અને ઉપાયો તથા તેમાં શ્રદ્ધાનો ત્યાગ કરી ચાતકની માફક એક કેવળ શ્રીહરિનો આશ્રય કરી હરિ જ મને તારશે એવો અનન્ય વિશ્વાસ રાખવો જોઈએ.

અંતે જે કાંઈ જેટલા વોલ્ટેજનું આચાર્યત્વ કે અનુયાયીત્વ આપણને પ્રાપ્ત થયું છે તેનાથી સંતોષ માની અપ્રાપ્ત પદવીઓ કે સિદ્ધિઓનો મોહ તથા પ્રાપ્ત અનુપયોગી દ્રવ્યાદિની મમતા છોડી ભગવત્સેવાપરાયણ થવું જોઈએ ને ભગવદાશ્રયનું ભાવન કરતાં કરતાં જેમ બને તેમ સ્તોત્ર-કાવ્યાદિ રચના કે સોમયાગાદિ કે સંગઠનાદિ યથાયથ કાર્યો કરતા રહેવા જોઈએ.

કૃપા ન હોય તો ભક્તિમાર્ગ દુર્લભ છે જ, ખાસ કરીને કળિયુગમાં. નસીબ હોય તો ચાર સોનાની બંગડી ય મળે પણ ન હોય તો એકે ય નથી મળતી. આપણે શુદ્ધ, સુખી અને બ્રહ્મવિદ્યાવિશારદ હોઈશું તો પ્રભુને ય સેવા લેવાની ઈચ્છા થશે, અને એકવાર સેવા લેતા હોય તો ય આપણે આર્ત અર્થાર્થી કે જિજ્ઞાસુ જ રહ્યા તો પ્રભુ ય કંટાળીને સેવા છોડાવી દેશે. કાં ચાર બંગડી મળશે કાં એકે ય પાસે નહીં રહે. લક્ષ્ય અને પ્રયાસ ચારના માટે રાખો, બેથી સંતુષ્ટ થઈ અટકી ન જાઓ. તેથી વિવેક, ધૈર્ય અને આશ્રય થી વિચલિત ન થતાં ભગવત્સેવક હોવાનો ભાવ જાળવી રાખવો જોઈએ.

આજે કેટલાક નવી પેઢીનાને જીવનભર ભગવત્સેવા સિવાય કાંઈ ન કરનારા વૃદ્ધો નિષ્ક્રિય, નકામા અને ઘેલા લાગે છે. તેના કરતાં સમાજને તેઓએ કાંઈ પ્રદાન કર્યું હોત તો સારું એમ તેઓ માને છે. સરવાળે આ વૃદ્ધો સરેરાશ 'સમાજરત્નો' કરતાં ઓછા ઉપદ્રવી, શાંત અને નિરોગી તથા ચિંતામુક્ત જીવન જીવનારા હોય છે; પણ આ તેમની કાળી બાજુ ગણાય છે, માઈનસ પોઈન્ટ ગણાય છે. વાસ્તવિકતા પરંતુ કાંઈ જુદી જ છે.

"આજે ઈશ્વરભક્તિને નામે અનેક ઢોંગધતિંગ ચાલે છે. માણસ ઈશ્વરને પ્રાપ્ત કરવા ઈચ્છે છે પણ પોતાના કૂડ અને કપટ ભરેલા જીવનવ્યવહારમાં જરાય ફેરફાર કરવા નથી ઈચ્છતા. મધ્યકાળમાં ઈશ્વરપ્રાપ્તિ માટે લોકો આકરી તપશ્ચર્યા કરતા, આજે કોઈ એવો પ્રયત્ન નથી કરતું. રોજબરોજની જીંદગીને



અને ધાર્મિક મૂલ્યોને હજાર ગાઉનું છેટું છે. માણસને ભગવાનની ભક્તિ કરવી છે પણ એની પાછળનો હેતુ ભૌતિક સુખસમૃદ્ધિ પ્રાપ્ત કરવાનો છે. એને તો ભગવાનની મદદ લઈને સમૃદ્ધિની ટોચે પહોંચવું છે! . . .

પ્રવૃત્તિનો આધુનિક ખ્યાલ એવો છે કે શક્તિનો ઉપયોગ કરીને કોઈક બાહ્ય ઉદ્દેશ સિદ્ધ કરવો; જ્યારે બીજો ખ્યાલ જે પ્રમાણમાં પ્રાચીન છે તેમાં માનવીની આંતરિક શક્તિ લક્ષમાં લેવામાં આવે છે; કોઈ બાહ્ય ફેરફાર થાય છે કે નહીં તે લક્ષમાં લેવામાં આવતું નથી. . .

(બાહ્ય) પ્રવૃત્તિમાં માણસ સ્વતંત્ર નથી, એ કોઈકનો દોરવાયો દોરવાય છે. ઘણીવાર તો કયા ઉદ્દેશથી પોતે દોટ મૂકે છે તેનો ખ્યાલ પણ તેને નથી હોતો. ઈર્ષા, મહત્ત્વાકાંક્ષા, લોભ —આ બધા એ પ્રકારના આવેગો છે. .ઉદાહરણ તરીકે એક માણસ બિનસલામતી અને એકલતા ને કારણે રાતદિવસ કામમાં મંડ્યો રહે છે. અથવા બીજો માણસ લોભવશ ધન ભેગું કરવા અથવા મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાઈને સખત પરિશ્રમ કરે છે. .તેમાં માણસ સક્રિય દેખાતો હોવા છતાં હકીકતે નિષ્ક્રિય છે. .જ્યારે આથી ઉલટું પ્રેમ એ પ્રવૃત્તિ છે. તેમાં માણસ આંતરિક શક્તિ યોજે છે. આ શક્તિ સ્વતંત્ર વાતાવરણમાં યોજી શકાય છે. તેમાં ધાકધમકી કે બળજબરીને અવકાશ નથી. . .

. . એક માણસ ઘરના એક ખૂણામાં કે પર્વતની ગુફામાં શાંતિથી બેસીને સમાધિ લગાવે છે. તેનો હેતુ ઈશ્વરપ્રાપ્તિ સિવાય બીજો કોઈ નથી. દુન્યવી દૃષ્ટિએ આ માણસ 'નિષ્ક્રિય' ગણાશે કારણકે તે કંઈ 'કરતો' નથી. વાસ્તવમાં સમાધિની પ્રક્રિયા જગતની તમામ પ્રવૃત્તિઓમાં સર્વશ્રેષ્ઠ છે કારણકે તે આત્માને પરમાત્મા સાથે જોડે છે."

(—'પ્રેમની કળા'માંથી સાભાર).

ભગવત્સેવા બેશક સર્વશ્રેષ્ઠ છે. મજનૂ દુનિયાના ચશ્માથી નકામો માણસ જ લાગે, તેને જોવા પ્રેમના ચશ્મા જોઈએ, દૃષ્ટિ જોઈએ.

મજનૂને નકામો માનો કે કામનો, સક્રિય માનો કે નિષ્ક્રિય; એક વાત નક્કી છે કે લેલાની ગલીમાં કૂતરાની માફક ભૂખ્યા તરસ્યા ફરવાની મજનૂને છાજે તેવી તૈયારી હોય તો જ પ્રેમ કરો. નહીં તો નાહકમાં 'પડી'ને પસ્તાશો. જીવન ભગવત્સેવામય બની જાય તેની તૈયારી હોય તો જ બ્રહ્મસંબંધ લઈ માર્ગમાં આવો. નહીં તો તમે ભલા ને તમારો ધંધો ભલો.

મને તો ઘરમાં સંતાનોના ઉછેર પાછળ લાગી રહેતી કોઈ માતા નિષ્ક્રિય નથી લાગતી, ભલે આધુનિક ગ્રેજ્યુએટ નારીઓને લાગતી હોય.

ભગવત્સેવક હોવાપણું ગળથૂથીમાં જ મળવું જોઈએ, વિવેકધૈર્યાશ્રય તો

વ્યક્તિ છેક સમજણો થાય ત્યારે સિધ્ધ થાય. આ માટે બાળકનો ઉછેર સેવામય વાતાવરણમાં થાય તે અનિવાર્ય છે. આજે બાળકોને માબાપો પ્રસાર માધ્યમો ને શાળાઓ ને ભરોસે છોડી સ્વયં સંસ્કાર આપવા 'સક્રિય' નથી થતાં. સરવાળે નાની ઉંમરમાં જ વિકૃત ભોક્તા હોવાનો ભાવ એવો પ્રબળ થઈ જાય છે કે પોતે કોઈના ભોગ્ય કે દાસ કે સેવક હોઈ શકે એવી તેઓને કલ્પના પણ નથી થતી. "દર્શકના હાથમાં સ્વિચ છે; કોઈ પણ ક્ષણે એ ઑફ કરી શકે છે. પોપ કે કવિ કશું કહી રહ્યા હોય અને દર્શક કંટાળે તો તત્ક્ષણ એમને, ચાંપ દાબીને, ચૂપ કરી શકે છે, અને ફૂટબોલની રમત જોઈ શકે છે. દર્શક પોતે વધારે શક્તિમાન છે એવું અનુભવે છે." પરિણામે તેઓ ભક્ત કે ભગવત્સેવક તો શું પણ સુપુત્રો-સુપુત્રીઓ કે સારા વિદ્યાર્થી કે જીવનસાથી કે મિત્રો કે મા-બાપ, દાદા-દાદી પણ નથી બની શકતા. માબાપની માફક તેઓ ય સ્વાર્થમાં ને ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહે છે. શ્રીઆચાર્યચરણની એ વાણીથી તેમનું અંતઃકરણ પ્રબુધ્ધ થવા લાયક નથી રહી જતું કે મોટી થયેલ છોકરીને મમતાને કારણે આપણે તેનું આણું ન વળાવીએ તેમ દેહને સેવામાં ન લગાવીએ તો સ્વામી પ્રસન્ન થતા નથી. દરેક પુષ્ટિમાર્ગીએ આ વાણી સાવધાનીથી સાંભળી તેને અમલમાં લાવી ભગવત્સેવાપરાયણ થવું જોઈએ, બ્રહ્મસંબંધદીક્ષાને સાર્થક કરવી જોઈએ.

રહી વાત ફીણની ને સામાજિક પ્રદાનની. ફીણ તો ભગવત્સેવા સ્વયં દરિયાની માફક પ્રકટ કરી દેશે. છાપાઓમાં વિવાદ ન ચગાવવાની બન્ને પક્ષોને જાહેર અપીલો કરવાથી કંઈ વિવાદ શમી જઈ શાંતિ અને સદ્ભાવના સ્થાપિત નથી થઈ જતા. ધર્માચરણથી સંતુષ્ટ, શુધ્ધ અને સુખી થયેલ વ્યક્તિમાં સ્વભાવવશાત્ જ ઉત્તેજિત થઈ હિંસક બની જવાની શક્યતાઓ ઓછી થઈ જાય છે.

સામાજિક પ્રદાન પણ વિવિધ રીતે થઈ શકે છે, કેવળ કાર્યો થકી નહીં. કોઈ ઉપદેશ થકી તો કોઈ પોતાના જીવનચરિત્રો થકી સમાજને પ્રેરણાદાયક બની રહે છે. કોઈ વળી સમાજને કોઈ રીતે નુકસાન ન પહોંચાડીને પણ સમાજને મદદ કરી શકે છે.

ભગવત્સેવાની પ્રતિજ્ઞારૂપ બ્રહ્મસંબંધદીક્ષા તો અનેકો લે છે પરંતુ લેતાંની સાથે તે પ્રમાણે જીવવાનું શરૂ કરી દેનારા તો કરોડમાં ૮૪ કે ૨૫૨ જ હોય છે. શ્રીઆચાર્યચરણ તો દરેકને બ્રહ્મસંબંધ આપતા પહેલા પૂછતાં કે જ્ઞાતિમાં ખાનપાન, વગેરે છોડી દાસ થઈને રહેવું પડશે; ચાલશે? જો ચાલશે તો લો નહિતર ચાલતા થાઓ. તમે ભલા ને તમારો સમાજ ભલો.

*



# ૭. આચાર

આજે ચારે તરફ યોગાભ્યાસની બોલાબાલા છે. રેડિયો, ટીવી., છાપાં, આશ્રમો, હોટલો, ખેલાડીઓના તાલીમવર્ગો —સર્વત્ર આસનોની માહિતી અપાય છે, પ્રશિક્ષણ અપાય છે. ડૉક્ટરો યોગાસનોથી કેસ સુધારવાના દાવા કરે છે. કલાકારો, ખેલાડીઓ અને અવકાશયાત્રીઓ પણ પોતાને યોગાસનોથી લાભ થયો હોવાનું જાહેર કરે છે. યોગાસનોનું શિક્ષણ યોગીઓ જ નહીં, સામાન્ય વ્યક્તિઓ પણ આપવા મંડી છે. સામાજિક મંડળો અને ક્લબો આ વિષયપર વ્યાખ્યાનો, પ્રદર્શનો કે તાલીમશિબિરોનું આયોજન કરે છે. વક્તાઓ ઋષિઓની 'વૈજ્ઞાનિક દૃષ્ટિ' પ્રતિ આપણું ધ્યાન ખેંચે છે કે શારીરિક સ્વાસ્થ્ય જાળવવાનો કેવો સચોટ, સરળ અને સસ્તો ઉપાય એમણે ચીંધ્યો. સ્વામીજીઓ હિમાલય છોડી શહેરીજનોને તારવા અહીં ધામા નાખે છે અને કયા આસનથી કયા રોગમાં રાહત રહે તે સમજાવે છે.

પાતંજલયોગશાસ્ત્ર પરંતુ કાંઈક જુદું જ વિચારે છે. તદનુસાર યોગસાધના એ ચિત્તવૃત્તિઓને એકાગ્ર કરવાની સાધના છે, શારીરિક સ્વાસ્થ્ય જાળવવાની નહીં. તેમાં પહેલે પગથિયે યમ= અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ અને પછી નિયમ= શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન આવે છે. આ રીતે મન તથા દેહની શુધ્ધિ થઈ જાય ત્યાર બાદ આસનો શિખવાડાય છે જેથી કરીને આગળના તબક્કાઓને અનુકૂળ શારીરિક અનુશાસન પ્રાપ્ત થાય. ત્યાર બાદ ખરો જંગ આરંભાય છે. પ્રથમ પ્રાણાયામદ્વારા નિરંકુશતયા ચાલતાં શ્વાસોચ્છ્વાસને મરજી પ્રમાણે ચલાવવા કેળવવાની કસોટી આવે છે. આમાંથી પાર ઉતરતાં એટલું મનોબળ પ્રાપ્ત થઈ જાય છે કે સાધક પ્રત્યાહાર કરી શકે, વિષયોમાંથી મન અને ઈન્દ્રિયોને પાછાં વાળી શકે. તે મનને એકાગ્ર કરવા હવે તેને ધારણાના તબક્કામાં આંખો બંધ કરી એક માનસમૂર્તિની રચના કરવા તરફ દોરવામાં આવે છે. ધ્યાનના તબક્કે તે માનસમૂર્તિનું ધ્યાન કરવા ચિત્તને કેળવણી અપાય છે જેથી કરીને અંતે સમાધિ– અખંડ અવિચલ ધ્યાન– ની ચરમ કક્ષા સુધી પહોંચી શકાય. ક્યાંય શારીરિક રોગોનો અણસાર સરખો ય આ ઉપદેશોમાં નથી કળાતો.

સાધનાને સાંગોપાંગ ન સમજવાથી આવા છબરડા થઈ જાય છે કે ગૌણ વાતો બહુ મહત્ત્વની અને મહત્ત્વની વાતો ગૌણ લાગે છે. અજાણતામાં સાધનાનો અનાદર થઈ જાય છે.

યોગસાધનામાં જે સ્થાન આસનનું છે તે જ આપણે ત્યાં આચાર-અપરસનું છે.

*"લૌકિકમેં બૂ પનારો (મોરી) હૈ સો તાસોં ન્હાયો હોઈ સો બચિકે ચલે. તાસોં ઉત્તમ જનકોં સબ પ્રકારસોં બચનો પરે. જૈસે ઉત્તમ સામગ્રી હૈ તાકોં અનેક જતનસોં બચાવે તબ શ્રીઠાકુરજીકે ભોગ જોગ રહે. તૈસે હી વૈષ્ણવધર્મ હૈ. તાસોં યા ધર્મકી રક્ષા રાખે તો રહે."*

*"સો ફૂલ તો રક્ષા બિના ન રહે. તાતેં વેદોક્ત કર્મમાર્ગ હૈ સો ભક્તિરૂપી ફૂલનકોં કાંટેનકી વાડ હૈ. તાતેં કર્મમાર્ગકી વાડ બિના ભક્તિરૂપી ફૂલકો જતન ન હોય. તબ જતન બિના ફૂલ બૂ ન રહે."*

આવા આચાર-અપરસ યોગ કે ભક્તિની સાધનામાં જ જરૂરી છે એવું નથી, ટી.વી. જોવામાં કે કારખાનામાં પણ જરૂરી છે:"દર્શકોએ જાતે કોઈ ખાસ મુવમેન્ટ કરવી પડતી નથી...ખાસ વસ્ત્રપરિધાન પણ કરતા નથી. ક્યારેક તો ટૂંકી ચડ્ડી પહેરીને, ઈવન નાગા, બાથરૂમમાંથી, શયનમાંથી ટી.વી. જોતા હોય છે...મોજમજાહ માટેના ફર્નિચરપીસમાંથી એ પ્રતિમાઓ (ટી.વી.ના સ્ક્રીનપર) પ્રકટ થાય છે. ખુરશીમાં બેઠાં બેઠાં, મિત્રો સાથે વાતો કરતા, દારૂ પીતા, ખાતા, ટેલિફોન પર જવાબ આપતા, અને ક્યારેક 'પ્રેમ' કરતાં કરતાં દર્શકો ટી.વી. જોતા હોય છે. એમાં ફેલિની કહે છે— ધેર ઈઝ નો રિસ્પેક્ટ."

બેશક આચાર હોવો જ જોઈએ; પણ તેને સાંગોપાંગ સાધનાના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં મૂલવવો જોઈએ. અત્યાદર પણ અનાદર જેટલો જ ઘાતક છે— "અતિ સર્વત્ર વર્જયેત્." સાધનાના ફૂલને ભોગે આચારની વાડને ન વિકસાવવી જોઈએ.

આચાર-અપરસ મૂળભૂત રીતે સાધનામાં સંભવિત વિઘ્નો કે પ્રતિબંધો ની નિવૃત્તિ માટે પ્રયોજાયા છે:

*"તનને અને મનને કાંઈ કરવા તો જોઈએ. આચારનું પાલન કરતો હોય તેને તો પૂરતું કામ મળી રહે. પરંતુ આચારનું પાલન ન કરતો હોય તો તેની વૃત્તિ દુરાચાર તરફ જાય જ."*

*"...જો જપ ઐસે કરનોં જો હોઠ રંચકહુ ખુલે નહીં; યા ભાંતિ ભીતર અનુભવ કરતહીં જપ કરનો. ઔર ગૌમુખીકી માલા બહાર કાઢનોં નહીં... ઔર જપમેં બોલનો નાહીં; દેહ મનકો ચંચલ ન કરનો. નેત્ર મુંદે રહે, સો લૌકિકમેં દૃષ્ટિ ન જાય. જપકી સેવાકી સાધારણ લૌકિક ક્રિયા ન જાને. જો લૌકિક જાને તો વાસોં પ્રભુ જપ ન કરાવે ઓર પ્રતિબંધ હોય. તાતેં સેવા જપકો માહાત્મ્ય ભુલે નાહીં. માહાત્મ્ય*



*ભુલે ઓર યાકો સાધારન જાનેં તબ આલસ્ય હોય, આલસ્યતેં અજ્ઞાન હોય, અજ્ઞાનતેં દુર્બુધ્ધિ સંસારાસક્તિ હોય, સંસારાસક્તિમેં શ્રીઠાકુરજીતેં બહિર્મુખતા હોય."*

વાડ રહેશે તો ફૂલનું માહાત્મ્ય– સૌંદર્ય અને સૌરભ– જળવાઈ રહેશે, મનમર્કટથી આંચ નહીં આવે.

વાડથી અધિક પરંતુ આચાર-અપરસની કોઇ મહત્તા નથી. ફૂલ જો ન ખીલવવું હોય તો વાડ બાંધવાની કોઈ જ જરૂર નથી, કોઇ આવશ્યકતા નથી.

આજે આપણે ઘરમાં કે મંદિરોમાં સેવાર્થે પગારદાર કર્મચારીઓ રાખીએ છીએ. હોય તેઓ બિચારા વખાના માર્યા દેવીભક્ત કે શિવભક્ત ને આપણે તેમનાથી આપણી આચાર-અપરસ પળાવીએ ફરજિયાત બ્રહ્મસંબંધ અપાવીને! યમનિયમસ્થાનીય અન્યાશ્રયત્યાગાદિ કાંઈક ખરા કે નહીં આપણે ત્યાં? કે સીધો યોગાભ્યાસ શરૂ? કોને પૂછીને આવી અપરસ પાળીએ-પળાવીએ છીએ? વરુને કૂતરાનું ચામડું પહેરાવવવાથી કાંઈ તે ઘરના ઘેટાંનો રક્ષક થઈ જશે? ફૂલનો નાશ/હરણ થયા પછી જ શું આપણી સાન ઠેકાણે આવશે?

આચાર-અપરસ પાછળ કોઈ દૃષ્ટિ હોય તો તે આ જ ફૂલને ઊગાડતા પહેલાં વાડ બાંધી લેવાની દૂરંદેશી. કહેવા ખાતર તેને ભલે કોઈ વૈજ્ઞાનિક દૃષ્ટિ કહે, છે મૂળમાં નિપુણતા.

આજકાલ નવરા વિજ્ઞાનઘેલા આધેડ વક્તાઓ-લેખકોનો એક ફાલ ઉતર્યો છે જે 'ગેરમાર્ગે દોરવાયેલી યુવાપેઢીને સન્માર્ગે વાળવાના ઉદાત્ત ઉદ્દેશ્યથી' એક બીજી 'વૈજ્ઞાનિક દૃષ્ટિ' પ્રતિ આપણું ધ્યાન આકર્ષિત કરે છે:

"તિલક કરવાથી મુખ્ય બે નાડીઓ, જે કપાળે છે, તેની એક્યુપ્રેશર ચિકિત્સા થાય છે. તુલસીનો છોડ હોય ત્યાં મચ્છરો નથી આવતા. તુલસીના પાનને ... કરવાથી ... રોગ મટી જાય છે. સવારના પહોરમાં દૂધગરનો પ્રસાદ લેવાથી ... રોગમાં રાહત રહે છે. શાસ્ત્રોમાં સ્ત્રીઓને માસિકધર્મ પાળવાનું લખ્યું છે અને તે દરમ્યાન ખાદ્યસામગ્રીને સ્પર્શ ન કરવાનું લખ્યું છે, તે આજે વૈજ્ઞાનિકોએ પુરવાર કર્યું છે. અમેરિકામાં દારૂ બનાવતી એક કંપનીનો દારૂ રજસ્વલા સ્ત્રીઓના સ્પર્શથી બગડી જતો હતો એમ સંશોધનના અંતે પુરવાર થયું."!

એક દિવસે આ લોકો કહેવા માંડશે કે શાસ્ત્રોમાં વ્યભિચાર ન કરવાનું કહ્યું છે, તે વૈજ્ઞાનિકોએ પુરવાર કર્યું છે કે વ્યભિચાર કરવાથી

એઈડ્સ નામનો રોગ થાય છે; તેથી વ્યભિચાર ન કરવો! ક્યાં જઈને અટકશે આ આચારનું પોસ્ટમોર્ટમ! શેને શેને નહીં ચૂંથે!

મુસ્લિમ સ્ત્રીસંત રાબિયા પાસે બે ભૂખ્યા ફકીર આવ્યા. તેઓ માટે તેણીએ બે, સમજી લો કે રોટલા બનાવ્યા. ત્યાં એક ભૂખ્યો કૂતરો આવ્યો. તેણીએ બંને રોટલા તેને ખવડાવી દીધા. થોડીવારે એક દાસી તેને આપવા રોટલા લઈ આવી. તેણીએ ગણ્યા તો અઢાર હતા. રાબિયાએ દાસીને કહ્યું— કાં ભૂલથી તું ઓછા રોટલા લાવી છે કાં આ મને આપવા નથી. દાસી રોટલા પાછા લઈ ગઈ અને થોડીવારે પાછી આવી. પોતાની ભૂલ કબૂલી તેણીએ વીસ રોટલા રાબિયાને આપ્યા. ફકીરો કાંઈ સમજ્યા નહીં. રાબિયા કહે— કુરાનમાં કહ્યું છે કે ભૂખ્યા પ્રાણીને ખવડાવનારને ખુદા દસગણું ખાવાનું આપે છે. તેથી મેં પહેલીવાર દાસીને પાછી વાળી.

કેમ આપણામાં આવી અડગ શ્રધ્ધા પેદા નથી થતી? શાસ્ત્રપ્રવર્તિત માર્ગ પર ચાલવામાં વિજ્ઞાનની કાખઘોડી શામાટે સાથે રાખવી પડે છે? આચાર્યવચનોમાં વિશ્વાસ નથી? વિકલતા અને અસ્વાસ્થ્ય ને ભક્તની પ્રકૃતિ તરીકે બિરદાવનારા શ્રીઆચાર્યચરણને ફિઝિયોથેરાપિસ્ટ કે વૈદ ઠેરવવા તેમનો અનાદર નથી? સેવારહિત જીવનને વ્યર્થ માનનારા સેવાને નિરોગી જીવન સિધ્ધ કરવાનું સાધન માને? બેહોશ છે આ એક્સપોર્ટ ક્વૉલિટીના મહાશયો. લંગડો ધર્મ નથી, તેમની માર્ગનિષ્ઠા જ ખોડંગાય છે.

પોતાની અધકચરી શ્રધ્ધાનો વારસો યુવાપેઢીને શામાટે આપવો જોઈએ? યુવાપેઢીએ કંઈ વિજ્ઞાનની કંઠી બાંધી છે કે તેને વટલાવવામાટે આવા ટાઢા પહોરના ગપગોળા હંકે રાખવામાં આવે છે? એક તો માઈનો લાલ મને કોઈ દેખાડે જે ઘઉંને બદલે તેના વિટામિનસભર ફોતરાંને કોઈ પ્રક્રિયા કર્યા વિના ખાતો હોય! કોઈની માએ સવાશેર વૈજ્ઞાનિક સૂંઠ ખાધી નથી.

સાધનામાં શ્રધ્ધાથી સબળ કોઈ પુરાવો નથી. વૈજ્ઞાનિક પુરાવાઓની સાધકને કોઈ જરૂર નથી. વિજ્ઞાનની જરૂર લોચાવાળા કામમાં પડે છે:

"તબીબીશાસ્ત્ર પાછળ વિજ્ઞાનનું પીઠબળ નથી. વિજ્ઞાન અને તબીબીશાસ્ત્રનો સંયોગ અને સાદ્રશતા દેખાવ પૂરતાં છે. તબીબીશાસ્ત્રજ્ઞોને વિજ્ઞાનની છત્રછાયા નીચે આશરો લેવામાં પોતાનો સ્વાર્થ સમાયેલો દેખાય છે. વિજ્ઞાન તબીબીશાસ્ત્ર પર યોગ્યતાનો સિક્કો મારીને પરોપકારવૃત્તિનું મહોરું પહેરાવે છે. માનવજાતને લાગુ પડતા ઉંમરસહજ રોગોમાં તબીબીશાસ્ત્ર કંઈ પણ કરવા અસમર્થ છે એ હકીકત સામે તબીબી વિદ્યાર્થી, સંશોધક



અને ડૉક્ટર ને વિજ્ઞાનનો આશરો..આંખો મીંચીને ઊંધું ઘાલીને રહેવાની છૂટ આપે છે.

સાધનો અને દવાઓ પાછળની પોતાની આંધળી દોટને કારણે ડૉક્ટરોની કામગીરી પોલીસના કારોબાર જેવી થઈ ગઈ છે. ક્યાંય પણ રોગનું એકાદ ચિહ્ન પણ દેખાય. એટલે ડૉક્ટર એને તરત ડફણું મારીને દબાવી દે છે. . . હૃષ્ટપુષ્ટ નિરોગી આનંદપૂર્વક જીવન જીવનાર એકાએક ચિંતાતુર મને ઢીલોઢસ રોગી બની જાય છે. કારણ? ડૉક્ટરે એનું રક્તદબાણ માપીને જાહેર કર્યું હોય કે રક્તદબાણ વધી ગયું છે. તબીબીશાસ્ત્રે ભલેને હજી ખરેખર કયા આંકડાને હાનિકારક રક્તદબાણ સમજવું એ નક્કી જ ન કર્યું હોય! . . તબીબીશાસ્ત્રનું એક પણ એવું પાસું નથી જ્યાં આવી પોલીસ-રાજનીતિ અપનાવવામાં ન આવી હોય અને જેને કારણે વ્યક્તિને શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક હાનિ ન પહોંચી હોય. . .

ઉપરોક્ત પરિસ્થિતિનું પેદા થવાનું બીજું પણ એક કારણ છે. ડૉક્ટરો છાશવારે મોટી મોટી કોન્ફરન્સ સંમેલન કૉંગ્રેસ વર્કશોપ વગેરે યોજ્યા કરે છે. આનો હેતુ બહુ સ્પષ્ટ છે— આવા મેળાવડાથી આમજનતા, અન્ય તબીબો અને પોતાના અંતઃકરણ સામે પુરવાર કરવું કે તબીબીશાસ્ત્ર કૂદકે ને ભૂસકે આગળ ધપી રહ્યું છે. આવા મેળાવડામાં કોઈ દિવસે એવી ચર્ચા નથી કરવામાં આવતી કે તબીબીશાસ્ત્રે કેટલી ભૂલો કરી છે, કે કોઈ જ લાભદાયક સંશોધન આગલા વર્ષમાં થયું નથી. નામાંકિત વ્યક્તિઓ આવા સંમેલનનું ઉદ્ઘાટન કરે છે...એમાં ય જો એકાદ બે વિદેશી ડૉક્ટરો વિદેશથી આવે તો પ્રસારણ માધ્યમ એને છાપરે ચડાવે છે. . . પૈસા ખર્ચો એટલે રોગ ગાયબ એ ભ્રમ ભાંગવા કોઈ તૈયાર નથી."

(—'તબીબીક્ષેત્રે હિંસા'માંથી સાભાર).

પેટને ખાતર આવા નાટકો ને છલ કોઈ કરે તે સમજી શકાય, પણ સાધનામાં આવા નાટકો કરવાની શું જરૂર છે? યુવાપેઢીને શ્રધ્ધા હશે તો સ્વતઃ સાધનામાં પ્રવૃત્ત થશે. આખરે આચારને ફૂલની વાડ તરીકે પાળવો જોઈએ એ વાતમાં ન સમજાય કે તર્કહીન હોય એવું શું છે? યુવાપેઢી શું યુનિફોર્મ– ગણવેશ– નથી પહેરતી? તો પછી માલા-તિલક શામાટે ધારણ ન કરે?

શું શ્રીગોકુલનાથજીએ એટલામાટે જીવસટોસટની બાજી લગાવી માલા-તિલકનું રક્ષણ કર્યું કે તેના થકી મચ્છરો દૂર રહે છે અને એક્યુપ્રેશર ચિકિત્સા થાય છે? આ તે સાલું કોઈ માહાત્મ્ય છે? હકીકતમાં આજે જેવા કાષ્ઠના બીબા તિલક કરવા ઉપયોગમાં લેવાય છે તેવા તે વખતે

પ્રચલિત જ નહોતા; સળીથી કંકુની રેખા હાથથી બનાવવી પડતી હતી. તેમાં જ શ્રીગોકુલનાથજી બે ઊભી રેખાને જોડવાનું ભુલી ગયા હતા. પ્રેશરનો સવાલ જ નથી. ઘણાખરા વૈજ્ઞાનિક પુરાવા આવા અધકચરા હોય છે.

વિજ્ઞાન અને સાધના માં મૌલિક અંતર રહેલું છે. વિજ્ઞાન સતત વિકસતું શાસ્ત્ર છે, પરિવર્તનશીલ છે. કોઈ સત્ય તેમાં અંતિમ નથી હોતું. ન્યૂટન ત્યાં સુધી જ સાચો હતો કે જ્યાં સુધી આઈન્સ્ટાઈનની થિયરી પુરવાર ન થઈ. ડી.ડી.ટી. ત્યાં સુધી જ લાભદાયક હતું કે જ્યાં સુધી તેણે વેરેલા વિનાશની બધાને જાણ નહોતી થઈ. સાધના સરવાળે સ્થાયી સ્વરૂપની હોય છે. શું લાભદાયક છે સાધનામાં ને શું નહીં એ આચાર્યવચનો અને પહેલા થઈ ગયેલ સાધકોના અનુભવો થી સુદઢતયા નિર્ધારિત હોય છે. વિરોધી પુરાવા ન મળે ત્યાં સુધી જ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે —એવું સાધનામાં ન ચાલે. આજે આને પતિ માનવો બુધ્ધિગમ્ય લાગે તો કાલે આને નહીં ને બીજાને —એવી ડામાડોળ મનઃસ્થિતિ હોય તો લગ્નસંસ્થા ન ટકે. ધાર્મિક અનુયાયી શ્રધ્ધાજીવી હોય એ અનિવાર્ય છે, બુધ્ધિજીવી હોય કે ભલે ન પણ હોય.

આ તો હવે ઘટી ગયા નહીં તો સાઠ ને સિત્તેરના દાયકામાં એવા વક્તા-લેખકો ય પાક્યા હતા જેમને શ્રીઆચાર્યચરણના ઉપદેશોમાં સામ્યવાદ કે લોકશાહી કે ગાંધીવાદ ના દર્શન થતા હતા જે તેમને કાર્લ માર્ક્સને સામ્યવાદનો પિતા ન માનવા બાધિત કરતા હતા! હજી કોઈને ઓપન માર્કેટ ઈકોનોમી– મુક્ત બજારૂ અર્થતંત્ર– નથી દેખાણું લાગતું.·જો કે પુષ્ટિમાર્ગના નામે આજે તેનું વ્યવહારમાં ચલણ છે જ — જ્યાં હાઈ વૉલ્ટેજના નિધિસ્વરૂપનો લૉ કૉસ્ટ પ્રસાદ મળતો હોય ત્યાં વધુ ગ્રાહકો હોય છે — ને તેને ય બીબાથી થતાં તિલકની માફક પાંચસો વર્ષ જુની પરંપરા ઠેરવનારા તો અનેક છે! જોઈએ છે એક ઉત્સાહી મહત્ત્વાકાંક્ષી મેગેઝીનના તંત્રી; માર્ગનિષ્ઠા અધકચરી હોય તો (જ!) ચાલશે. ખેર.

આચાર-અપરસને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજી તેનું માહાત્મ્ય જાણી આદરથી તેને પાળવા મંડીએ તો આપણી સંવેદના આ વાડને ય વેલી બનાવી દેશે, તેનો ભાર લાગવા નહીં દે:

*"જો તુલસીજી હૈ સો ભગવદ્પ્રિયા હૈ, સો સહજ બાતસોં તોડનો નહીં; પ્રભુનકે વિનિયોગાર્થ તોડનો. . . સો જલંધરકી સ્ત્રી વૃંદા યાકો નામ હૈ. સો વિવાહ પ્રબોધિનીકે દિન હોય હૈ. સો ઉત્સવમેં ઔર*



*નિત્ય સમર્પે. સો તુલસીજીકી મર્યાદા જાનનોં. યે પુષ્ટિભક્ત હૈં. . . ઔર તુલસીજીકી માલા હૈ સો વૈષ્ણવકોં પહરિવેકી યોગ્યતા હૈ. તથા જપહૂ તુલસીજીકી માલાસોં હોય. સો તાસોં તુલસીજી પ્રભુનકોં અત્યંત પ્રિય હૈ. તુલસીજી લેની, સો પહિલે સુંઘિકે લેની; સુંઘે બિના ન લેની. તુલસીજીકે આગે દીવા કરનો, ચૌક પૂરનો, પૂજા કરની, પ્રદક્ષિના કરની. ઔર તુલસીજી અપને ઘરમેં રાખની. તુલસીક્યારી ઘરમેં ન હોય તો નાંદમેં તુલસીજી બોવની. ઔર જલ સીંચનો. . . ઔર તુલસીજીકો માહાત્મ્ય ચારો સમ્પ્રદાયમેં હૈ . . . સો તુલસીજી વૈષ્ણવનકે ઘરમેં અવશ્ય ચહિયે. . . જો તુમ હો સો તહાં શ્રીઠાકુરજી અવશ્ય હોંયગે. સો તાહીસોં શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ તુલસીજીદ્વારા જીવનકોં અંગીકાર કિયો હૈ. સો ચરનકમલ અત્યન્ત પ્રિય હૈ તાસોં ચરનારવિંદમેં સમર્પે હૈં. સો ચરનારવિંદમેં સમર્પતી બિરિયાં ગદ્યકો પાઠ કરિકે સમર્પની. સો તીન પત્તાકો દલ ચરનારવિંદમેં સમર્પનો, ઔર એક એક પત્તા સર્વ સામગ્રીમેં સમર્પનો. સો તહાં પંચાક્ષર કહત પધરાવની."*

દુકાનદાર 'દુકાન બંધ કરી' ને બદલે 'દુકાન વધાવી' કહે તેમાં કાંઈ એને બહુ જોર નથી પડતું, દુકાન પ્રત્યે આદર અને સંવેદના હોય તો તે સહજ શક્ય છે. ન હોય તો આધુનિક સ્ત્રીઓને અડધો કલાક મેક-અપ કરવામાં જોર નથી પડતું પણ સેંથામાં સિંદૂર પૂરવા અને મંગળસૂત્ર પહેરવા માં જોર પડે છે. કોણ કેટલો આચાર પાળી શકે તે વ્યક્તિગત વિષય છે, તેમાં જોહુકમીને અવકાશ નથી. પણ ભગવાને બુધ્ધિ અને સામર્થ્ય આપ્યા છે તો યથાશક્તિ ફૂલને વાડ થકી જતનથી જાળવી રાખવામાં પ્રમાદ ન સેવવો જોઈએ.

આચારમાં મન, વાણી અને ક્રિયા ત્રણેય ને આવરી લેવાય છે, કેવળ ક્રિયાને નહીં. ત્રણેપર સરખો ભાર આપવો આવશ્યક છે; સાંગોપાંગતા ત્યારે જ આવે છે જ્યારે આ એકસૂત્રતા સધાય. ભોગ ધરતા હોઈએ, આરોગવાની વિનતી કરીએ અને ચિત્તની તન્મયતાથી ઉત્સાહથી તેમ કરીએ ત્યારે તો ખરેખર ફૂલ ખીલશે. તેમાં ન મન બાધા કરશે ન વાણી ન તન; બધા સાધક જ બની રહેશે. નવોઢા પાસે આ સિવાય પતિને પ્રસન્ન કરવા બીજું તે વળી શું હોય સાસરે! જીવને વળાવતી વખતે ભક્ત્યાચારોપદેષ્ટા શ્રીઆચાર્યચરણો પણ આ બાબતની શિખામણ સિવાય બીજું શું આપી શકે!

*

# ૮. વ્રજયાત્રા — બેઠકયાત્રા

સોવિયેત ડોક્ટરો કહે છે કે જો નિરોગી રહેવું હોય તો ભૂખ લાગી હોય તેના કરતાં સહેજ ઓછું જમો. બચેલી ભૂખ પાચનરસોને ઉદ્દીપ્ત કરશે. ઓછું જમવામાં સહેજ ભૂખ રહી જાય તે સિવાય કોઈ પીડા નથી, પણ વધારે જમવાથી અનેક રોગો થઈ શકે છે.

વાત ખાવાની હોય કે ચાહવાની, દરેક વ્યક્તિની પોતાની એક મર્યાદા હોય છે. તે કેવળ વ્યક્તિએ વ્યક્તિએ જ ભિન્ન નથી હોતી, પણ એક વ્યક્તિની ક્ષમતા પણ ઉંમર કે ઋતુ કે સંજોગો અનુસાર બદલાતી રહેતી હોય છે. પ્રમાણભાન રાખવું તેથી જ ખાવાની જેમ ચાહવામાં પણ રાખવું આવશ્યક છે.

પણ જમાનો રેકોર્ડસ્‌નો છે, વિક્રમોનો છે. ચારે તરફ ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડસ્‌ની હવા છે. દર હજારે એક માણસને તેમાં પોતાનું નામ નોંધાવવાની મહેચ્છા હોય છે. તે માટે સાહસ કરે ત્યાં સુધી તો ઠીક છે પણ અસ્વાભાવિક વિચિત્ર કામો પણ લોકો કરે છે. કોઈ અઢાર ફૂટ લાંબી મૂછો ઉગાડે છે તો કોઈક પાંચ મિનિટમાં ૭૨ ઈડલી ખાય છે, કોઈ ઊંધે પગે ૫૦૦ માઈલ દોડે છે તો કોઈ ૨૨ ટ્યૂબલાઈટો ખાઈ જાય છે, કોઈ ત્રણ દિવસ ઝેરી સાપો વચ્ચે જ ગાળે છે. ઓસ્ટ્રેલિયામાં એક દંપતિએ ૩૬ કલાક લાંબું ચુંબન કર્યું! કાલિદાસ સાંભળે તો તેની છાતીના પાટિયાં બેસી જાય! સારા સારા પ્રેમલગ્ન કરી પ્રસન્ન દામ્પત્ય માણનારાને પૂછીએ તો તેમના એક વરસના ચુંબનોનો સરવાળો પણ ૩૬ કલાક નહીં થતો હોય!

વિક્રમોનું આ ભૂત ધર્મધુરંધરો પર પણ સવાર થયેલું છે. ધાર્મિક આયોજનોમાં આંકડાઓની માયાજાળ વધતી જ જાય છે. સપ્તાહ, અઠાઈ, નવાહ્ન પારાયણ, ૧૦૮/સહસ્ર/૧૦૦૮ પાઠ/લોટી/કુંડી યજ્ઞ, સવા લાખ જાપ, અખંડનામકીર્તન —ચોમેર આંકડાઓ પડઘાતા રહે છે. બધા સંપ્રદાયો આ આંધળી દોટમાં જોતરાઈ ગયા છે. ગુજરાતમાં તો એક સંપ્રદાયવાળા પોતાના દરેક આયોજનને અંતે આંકડા રજુ કરે છે— આટલા જણ જોવા આવ્યા, આટલાએ ધાર્મિક જીવન જીવવાનો સંકલ્પ કર્યો, આટલાએ બીડી છોડવાની પ્રતિજ્ઞા લીધી, આટલાએ દારૂ છોડવાની . . . છાપામાં વ્યાપક પ્રસિધ્ધિ મળે ને દુનિયામાં નામ થઈ જાય.

એક તો આજે સુવિધાઓ વધી ગઈ ને બીજું પ્રસાર માધ્યમો. ન અસ્વાભાવિક કામો કરવામાં બહુ જોર મારવું પડે ન તેને પ્રસિધ્ધિ આપવામાં. પછી વિવેકબુધ્ધિની લગામ ક્યાં સુધી રહે? દુનિયામાં પૈસામેલા



પ્રસિધ્ધિઘેલા મનોરથીઓનો ક્યાં તોટો છે? આયોજક મળ્યો નથી એટલી વાર છે.

તકલીફ ખાદ્યસામગ્રી મેળવવામાં કે વઘારની સોડમ ફેલાવવામાં નથી થતી, તકલીફ પચાવવામાં થાય છે, ખાતી વખતે અને ખાઈ લીધા પછી થાય છે.

યાત્રાઓમાં કાંઈક આવી જ પરિસ્થિતિ ઊભી થાય છે. હૃદયમાં રહેલા આદરભાવ અને સંવેદના નું કોઈનું બે બેઠકોમાં કે બે મુકામોમાં તો કોઈનું ચારમાં બાષ્પીભવન થઈ જાય છે. પછી તો કોઈને ઘર યાદ આવવા મંડે છે, કોઈને સુવિધાઓ. કોઈને પહેલી બેઠક કરતાં ત્રીજી બેઠકની વ્યવસ્થામાં ખામી નજરે ચડે છે તો કોઈકને કાલ કરતાં આજનો મુકામ લાંબો લાગે છે. કોઈકને સત્સંગ-પ્રવચનની અધૂરપ લાગે છે તો કોઈકને રાસમંડલીની. કોઈકને ઘરે કાગળ લખવાની તાલાવેલી લાગે છે તો કોઈકને ઘરે પહોંચવાની. કોઈકનું માથું દુઃખવા મંડે છે તો કોઈક કપાળ કૂટે છે. કોઈ પરિચયો-સંપર્કો વધારવામાં લાગી જાય છે તો કોઈ ઝઘડવામાં. આજે યાત્રાઓમાં બેન્ક, પોસ્ટઓફિસ, હોસ્પિટલ, ડીઝલ જનરેટરો, મોટરકારો, રેડિયો, ફોલ્ડિંગ પલંગો, ભાતભાતની ખાદ્યસામગ્રીઓના ખુમચા . . . બધું સાથે ચાલે છે, એકડા વિનાના મીંડાઓની માફક. સરકાર તીર્થયાત્રાને સહેલગાહ ઘોષિત કરી વેરો ઉઘરાવે તેટલી ઔપચારિકતા જ બાકી રહી છે.

પાછા ફરીને આ જ કડવા સંભારણાનું ભાથું જીવનભર સાથે લઈને લોકો ફરે છે. બીજી વાર જવાની ઈચ્છા જ મરી જાય છે— "ત્યાં તો આવી વ્યવસ્થા ને આવા લોકો ને આવી ગરમી પડે . . ."

જનારા પરેશાન થાય તે તો થાય, ત્યાં રહેનારા ઔર પરેશાન થઈ જાય. બધે ગંદકી થઈ જાય, અછત થઈ જાય, મોંઘવારી થઈ જાય. બેઠકોમાં ઝારી અને મિસરી ધરવા-સરાવવાની એવી હોંસાતોંસી ચાલે કે શ્રીઆચાર્યચરણનું નામ તે માટે ગિનીસ બુકમાં આવી જાય! એક દિવસમાં આટલું જલ-મિસરી તે કોઈ આરોગી શકે? તે ય આટલું ઝડપથી; નહીં તો સરાવી લેવાય!

ટૂંકે ગાળે આપણું અને શ્રીઆચાર્યચરણનું સ્વાસ્થ્ય બગડે તથા લાંબે ગાળે વ્રજ-વ્રજવાસીઓ-વ્રજાધિપ અને પુષ્ટિમાર્ગ-પુષ્ટિમાર્ગીઓ-શ્રીઆચાર્યચરણ વગોવાય. આયોજકો આયોજન ને વ્યવસ્થા માં જ રચ્યાપચ્યા રહે, ને યાત્રા પૂરી થતાં સુધીમાં તોબા કરી આયોજનની ખોડ ભૂલી જાય. લાભ કોને?

*"ભાવ ઊડી ગયો પછી ક્રિયામાત્ર ભવાઈ છે. ભવાઈમાં નવે રસો છે છતાં તે ભવાઈ છે. ક્રિયા પણ બધી હોય છતાં ભાવ વગર ભવાઈ થઈ પડે છે."*

*"સો વૈષ્ણવ તાપીપુરકે, ગુજરાતકે તથા દક્ષિનકે શ્રીગોકુલમેં શ્રીગુસાંઈજીકે દરસનકોં આવત હતે. સો ઉજ્જૈનિમેં કૃષ્ણભટકે ઘર ઉતરતે . . . . ઔર જબ વૈષ્ણવ કૃષ્ણભટસોં વિદા હોતે તબ કૃષ્ણભટ ઉન વૈષ્ણવનસોં કહતે, જો– તુમ સબ શ્રીગોકુલ જાઈકે કછૂક કમાઈ આઈયો. ઐસો જાઈકે મતિ કરિયો જામેં કછૂ ગાંઠિકો ખોઈ આઓ.*
*ભાવપ્રકાશ— તાકૌ અભિપ્રાય યહ, જો– શ્રીઠાકુરજીકે દરસન કરો તો હૃદયમેં રાખિયો. ઔર જો કોઉ શ્રીગોકુલમેં રહત હૈં, તિનકૌ દોષ હૃદયમેં મતિ ધરિયો. યહ કમાઈવે ખોઈવેકૌ કહે."*

સાધનામાં વિક્રમોનું કોઈ મૂલ્ય નથી. ભાવ જળવાય ને વધે તે રીતે એક કોસ યાત્રા કે એક બેઠક કર્યા તો ય બહુ કિંમતી છે, ને ભાવનો છેદ ઊડાડી દેતાં ચોરાસી કોસ યાત્રા કે ચોરાસી બેઠક કર્યા તો ય ભવચોરાસી નહીં ટળે. મહત્ત્વ સ્વાભાવિક રીતે કાયમ માટે ઓછાવત્તા સુધરી જવાનું છે, કામચલાઉ રીતે ચોવીસ કલાક કે ૭ કે ૯ કે ૪૦ દિવસ માટે સુધરી જવાનું નહીં. પાચનશક્તિ વધારવાથી સ્વસ્થતા વધશે, ખોરાક વધારવાથી નહીં.

*"સો નારાયનદાસ હાકિમ હોય કામ કરન લાગ્યો. સો કામ બહોત, છૂટિ સકે નાહીં. શ્રીગોકુલ આયવેકો મન બહોત, શ્રીઆચાર્યજીકે દરસનકો મન બહોત. તબ નારાયનદાસને એક મનુષ્ય ચાકર રાખ્યો. . . સો વહ ચાકર નારાયનદાસકે સંગ રહે. ઘરી ઘરીમેં યહ કહૈ, ભૈયાજી! શ્રીગોકુલ શ્રીઆચાર્યજીકે દરસનકોં કબ ચલોગે? તબ નારાયનદાસ કહતે– હાં, અબ ચલૂંગો. નેનનમેં જલ ભરિ લીલા-રસમેં મગન હોય જાતે. ફેરિ કામકાજ કરતે. ફેરિ ચાકર કહતો, ફેરિ મગન હોય જાતે. . . સો જન્મ ભરિ યા પ્રકાર શ્રીગોકુલકો સ્મરણ કરિ શ્રીઆચાર્યજીમેં મન લગાય મગન રહે."*

કવિ સુન્દરમ્ કહે છે— "દુનિયાની બધી સુંદર વસ્તુઓને હું ચાહીશ, અને જે સુંદર નથી તેને ચાહીચાહીને સુંદર કરી નાખીશ." વ્રજ અને બેઠકો રમણીય છે જ, સુંદર છે જ. એ કબૂલ કે બધે બધી સુવિધા નથી, પણ આ મામૂલી અસુંદરતાને ચાહના વડે જ સુંદર બનાવવી જોઈએ, સુવિધા પ્રદાન કરીને કે મેળવીને નહીં. અસુવિધાને કારણે નાપસંદ કરીશું તો આવી કન્યા બીજી શોધી નહીં જડે, ને



સુવિધાઓને જબરદસ્તી તેના પર ઠોકી બેસાડશું તો સુવિધાના બુરખા તળે તેનું સ્વાભાવિક સૌંદર્ય આંખથી ઓઝલ થઈ જશે, ચમ્પારણ્યની માફક. ચાહવા સિવાય છૂટકો નથી.

ચાહના રહી તો દૂર રહો તો ય વાંધો નહીં આવે. સુવિધા જ રહી તો પાસે રહીને ય મજા નહીં આવે. એક હજાર માણસો કલાકમાં નાહી શકે તેવી સુવિધાવાળું સ્થળ શાંત અને શાતાદાયક કુંજ રહી જાય ખરૂં? માટે અકસ્માત ટાળો, યોગ્ય અંતર રાખો, પ્રમાણભાન રાખો. સેવાસ્થલી ઘરમાં ય મન ન લાગ્યું ને લીલાસ્થલી વ્રજમાં ય ન લાગ્યું તો ક્યાંયના નહીં રહી જાઓ, ભટકતા રહી જશો.

મોટાઓની એટલી ભૂખ હતી કે એક યાત્રા કરીને ય તેઓના હૃદય નહોતા ભરાતા. કોઈ વર્ષોવર્ષ યાત્રા કરતા. તેમની જીવનચર્યા જ એટલી સાદી, સરળ અને અસુવિધાસભર હતી કે યાત્રા ને ઘરમાં બહુ ફરક નહોતો પડતો; ચાલવાનું રહેતું જ. આપણે ટૂંકા તેમની સાથે જવા જઈશું તો મરશું નહીં તો માંદા જરૂર પડશું. મોટાઓનું અનુસરણ થાય, અનુકરણ નહીં.

સારો-નરસો ખોરાક નથી હોતો, આપણી પાચનશક્તિ હોય છે. ઘી બધા માટે સારું હોય છે સામાન્ય રીતે, પણ સુવિધાનું કોલેસ્ટેરોલ વધારે હોય તેણે ન લેવાય. વાંક ઘીનો નથી, વ્રજ કે બેઠકો નો નથી.

ચુંબનને પ્રેમની અભિવ્યક્તિનું આદરણીય માધ્યમ બનાવવું કે ભવાઈ તે કરનારાના હાથમાં છે. યાત્રાઓનું પણ તેવું જ છે. *"..જૈસે યોગીજનકે હાથમેં પારદ સાવધાનતાસોં રહે તો કલ્પતરુ સમાન ફલ દેય ઔર સાવધાન ન હોય તો હસ્તસોં નિકસી જાય ઔર ફલહૂ નાંહી દેય."*

*

# ૯. જાહેર મનોરથો

એક માખણની જાહેરખબરમાં કહેવાય છે— આને રોટલી, ભાખરી, પૂરી, ઈડલી, ઢોસા, સમોસા..જેની પણ સાથે ખાઓ, તે લિજ્જત આપશે. બિસ્કીટની જાહેરખબરમાં તે આબાલવૃધ્ધ સૌને પ્રિય છે તેમ બતાવાય છે. સાબુની જાહેરખબરમાં પ્રાંત પ્રાંતની ગૃહિણીઓને તેને વાપરતી બતાવાય છે. કોફીની જાહેરખબરમાં તેને દેશવિદેશમાં લોકપ્રિય બતાવાય છે.

બીજી તરફ ટૂથપેસ્ટવાળા ટૂથપાવડરની નિંદા કરે છે તો સાબુવાળા ગળીની, આયુર્વેદિકવાળા અકુદરતી સૌંદર્યપ્રસાધનોની તો મિનરલ વૉટરવાળા સાદા પાણીની.

ત્રીજી તરફ દરેક ઉત્પાદક આખી પ્રોડક્ટ રેન્જ વિકસાવે છે: દરેક સાબુની કંપની સસ્તા-મોંઘા નાના-મોટા ન્હાવાના-ધોવાના અનેક બ્રાન્ડના સાબુ બનાવે છે, ટૂથબ્રશ-ગાડી-સ્કૂટર-ફ્રીજ વગેરે નાની મોટી સાઈઝમાં મળે છે. સનમાઈકા કે પેઈન્ટ અનેક રંગો ને ડિઝાઈનોમાં મળે છે.

અધિકારીભેદનો લોપ, ફલમાં ભેદનું સર્જન અને નાછૂટકે આડકતરી રીતે બંનેનો અસ્વીકાર —આ ગડમથલનું જ બીજું નામ માર્કેટિંગ સ્ટ્રેટેજી– વેચાણનીતિ– છે. ચીજને સૌને આકર્ષે તેવી રીતે રજુ કરી બજાર ઊભું કરવું કે જેથી કરીને સધ્ધરતા આવે, આ ઊભા થયેલ બજારને બનાવી રાખવા ગ્રાહકોને બીજી ચીજોમાં ખામી બતાડી છટકવા ન દેવા, અને વાપરીને ગ્રાહક કંટાળી ન જાય તે માટે નવી બાટલીમાં જુનો દારૂ પીરસ્યે રાખવો.

જાહેર મનોરથો આવી જ માયાજાળ છે. છાપાં-ચોપાનિયાં દ્વારા હર કોઈને તેનો લાભ લેવા લલચાવાય છે, એને અલભ્ય આધિદૈવિક લાભ આપનારો અને 'પહેલી જ વાર યોજાતો' ઘોષિત કરાય છે. છેવટે છાશવારે થઈ પડે એટલે એમાં વિવિધતા લાવવા, નોવેલ્ટી લાવવા નવા નવા મનોરથો યોજાય છે.

આજે પુષ્ટિમાર્ગને નામે થતાં મનોરથોની આખી હારમાળા– રેન્જ ઑફ પ્રોડક્ટ– ઊભી થઈ ગઈ છે: સેવાસંબંધી હિંડોળા-પલના-ફૂલમંડલી-દાન-ખેલ-છપ્પનભોગ, કથાસંબંધી નંદોત્સવ-તુલસીવિવાહ-રુક્મિણીવિવાહ, વ્રજ કે બેઠકયાત્રાસંબંધી કુનવારો-તપેલી, શ્રીયમુનાજીસંબંધી લોટી-ચુનરી ઉત્સવ કે યમુનાયાગ, આચાર્યસંબંધી સર્વોત્તમયાગ કે ફોલ્ડીંગ થર્મોકોલ ૮૪ બેઠક પ્રદર્શન કે પછી ચરિત્રસપ્તાહના અંગ તરીકે વિવાહાદિના મનોરથ, તે સિવાય ઢાઢીલીલા-રાસ-ધ્વજાજી . . . કાંઈ જેવી તેવી માયાજાળ નથી.



ભલે તેમની રોશનીમાં વાસ્તવિકતા ઝાંખી પડી જાય, તે કાયમ તો રહે જ છે.

સૃષ્ટિમાં ભેદ જ પ્રકટ થયા છે, તેથી અધિકારીભેદનો ઈન્કાર શક્ય જ નથી. કેવી છોકરીને પોતે પરણવાનું પસંદ કરે તે બાબતે દરેક છોકરાનો અંગત અભિપ્રાય અલગ હોવાનો, ભલે તેઓ એક ઘર-સમાજ-પ્રાંત-ધર્મ-ભાષા-સંસ્કૃતિ હેઠળ કેમ ન ઊછર્યા હોય. દરેકની પોતાની આગવી રુચિ હોય છે. કોઈનું કલ્પનાનું ઘર નાનું હોય છે તો કોઈનું મોટું, કોઈનું સાદું તો કોઈનું ભવ્ય, કોઈનું શાંત તો કોઈનું પ્રવૃત્તિસભર, કોઈનું વિભક્ત પરિવારવાળું તો કોઈનું સંયુક્ત, કોઈનું નદીકિનારે તો કોઈનું સાગરકિનારે, કોઈનું પર્વતના શિખરે તો કોઈનું સ્ટેશનથી નજીક મોકાની જગ્યાએ.

ફલમાં પરંતુ ભેદ નથી હોતો. પ્રસન્ન દામ્પત્યનો આનંદ બંને રૂપવાન-ગુણવાન-વિદ્યાવાન હોય તો જ મળે એવું નથી, પ્રાયઃ અપંગ પતિપત્નીનું સહાય, સહાનુભૂતિ અને સમજ ના સક્ષમ પાયા પર રચાયેલું દામ્પત્યજીવન વધુ ટકાઉ અને આહ્લાદક હોય છે. તરવામાં ય મજા આવે ને હલેસાવાળી નાવમાં ય મજા આવે. ઘોડેસવારી કે સાયકલસવારીમાં ય મજા આવે ને વિમાનમાં ય મજા આવે. કોઈ મસાલાવાળી ચા પીએ તો કોઈ કડક ગરમ કોફી પીએ. કોઈ વહેલા ઊંઘી વહેલા જાગે તો કોઈ મોડા ઊંઘી મોડા.

ભારતીય સાધનાપ્રણાલીઓ, ખાસ કરીને ભક્તિમાર્ગી, આ રુચિભેદને રોળી કે વગોવી નથી નાખતી, તેનો આદરથી સ્વીકાર કરે છે. જરૂર રેન્જ ઑફ પ્રોડક્ટની નથી, દરેકની સાધનામાં કર્મ-જ્ઞાન-ભક્તિની ખીચડીની ય નથી, જરૂર સાધનાના નિયમોને એવા સ્થિતિસ્થાપક રાખવાની છે કે વ્યક્તિ તેની રુચિની દિશામાં વિકાસ સાધી શકે.

રેન્જ ઑફ પ્રોડક્ટમાં લાંબે ગાળે સ્પેશિયલાઈઝેશન થઈ જાય છે; કોઈ માત્ર ડાબા કાનનો સ્પેશિયલીસ્ટ ડોક્ટર થઈ જાય છે તો કોઈ જમણા કાનનો. કોઈ કોરો કીર્તનિયો થઈ જાય છે તો કોઈ કોરો મનોરથી.

જબરદસ્તી રાતદિવસ ખીચડી ખાધા-ખવડાવ્યા કરવાથી વ્યક્તિની રુચિ પણ હિંદી ફિલ્મોના સંગીતપ્રેમીઓ જેવી ખીચડી જેવી થઈ જાય છે, ભારતીય કે પાશ્ચાત્ય કે લોકસંગીતનો આગવો સ્વાદ અનુભવાતો કે રુચતો જ નથી. એક સાધનાને એક જીવનમાં ન્યાય આપવો ય મુશ્કેલ છે ત્યારે ત્રણને ક્યાંથી અપાય?

ખરી સાધના એ કે જેમાં ભિન્ન ભિન્ન રુચિને અનુરૂપ દસ તત્ત્વો

હોય અને તે પૈકી એક, બે કે પાંચને ઉમળકાથી કરનારો સાધક પણ તે એક-બે-પાંચ તત્ત્વોનો આગવો આનંદ અને સાથે સાથે દસે ય તત્ત્વોને ધારણ કરનારી સાધનાનો પોતાનો આનંદ —બંનેને માણી શકે, ન પોતાની રુચિ છૂટી જાય ન સાધના. ન રુચિ સંતોષવા આ સંપ્રદાયથી તે સંપ્રદાયમાં ભટકવું પડે ન સાધનાને ખાતર રુચિને મારવી પડે. પર્યાવરણ બગડે નહીં ને વિકાસ સધાય. રુચિ સ્વયં સાધના પ્રત્યે, સાધ્ય પ્રત્યે સંવેદના અને આદર જગાવે. ન રુચિને દુન્યવી પદાર્થોથી સંતોષી લેવાની ટેવ પડી જાય ન સાધનાને શુષ્ક મનથી.

અહીં કળા અને સાધના જુદા પડી જાય છે. કળા રુચિને તેની જ દિશામાં વિકસિત કરે છે, સંસ્કારે છે, પરિમાર્જિત કરે છે. સાધના તે રુચિનો વિનિયોગ પોતાને પંથે આગળ વધવા કરે છે.

જાહેર મનોરથોના વકીલો અને આયોજક અસીલો આ અંતર અને તે દ્વારા ભજનાનંદને આજે રોળી નાખવા જઈ રહ્યા છે.

શ્રીમતી કીર્તિદા ગોહિલ તા. ૨૨-૧-૯૩ ના પ્રવાસી જન્મભૂમિમાં લખે છે—

"દરેક પ્રકારની કળાનો વિકાસ તો ખૂબ જ થઈ રહ્યો છે પરંતુ પહેલાં વ્યક્તિગત રીતે લોકો તેમાં ભાગ લેતાં, તેને બદલે હવે મોટા ભાગના લોકો ફક્ત નિરીક્ષક જ બની રહે છે. કલા એટલે પોતાની આગવી સૂઝ તથા આવડત ને વિવિધ માધ્યમ દ્વારા બહાર આણવાની, દર્શાવવાની પદ્ધતિ. એનાથી વ્યક્તિગત રીતે સંતોષ પ્રાપ્ત થાય તથા સંવેદનશીલતા વધે. સામાજિક સ્તરે લોકો એકબીજા સાથે સારી રીતે હળીમળી, વિચારોની આપ-લે થાય, જીવનમાં પ્રગતિ થાય, જીવન જીવ્યાનો આનંદ મળે. જેમ સ્ત્રીઓ ઘરની ચાર દીવાલો છોડીને બહાર નીકળી ગઈ તેમ કલા પણ ઘરમાંથી નીકળી ફેલાઈ ગઈ છે. પરંતુ તેમ થતાં દરેક વ્યક્તિને કંઈક કર્યાનો સંતોષ અને તે દ્વારા આનંદ માણવાની જે પ્રથા હતી તે ધીરેધીરે નષ્ટ થઈ જતાં મનુષ્ટ લુખો-સૂકો અને લાગણીહીન બનતો જાય છે. બધું જ તૈયાર મળે. તહેવારોનું મહત્ત્વ ઘટી ગયું તેથી વ્યક્તિગત કલાની અભિવ્યક્તિ ન રહી. વિશાળતા પ્રાપ્ત કરવા છતાં વ્યક્તિના જીવનમાં કલા જાણે કે સંકોચાઈ ગઈ છે."

સેવામાં ઋતુ અનુસાર કીર્તન, વસ્ત્ર, ભોગસામગ્રી, શૃંગાર, અત્તર ધરાવવાનો, નિત્યનો ને ઉત્સવનો ક્રમ ગોઠવવા પાછળ પ્રભુચરણની જે નિપુણતા છે તેને સમજવા-સમજાવવાની દરકાર કર્યા વિના લોકો જાહેર મનોરથોનું આળ અને કલાને ઉત્તેજન આપવાનું શ્રેય આપશ્રીને આપે છે તે સરાસર અન્યાય છે. શ્રીગુસાંઈજીએ કળા કે રુચિ ને નહીં પણ તેમના ભગવત્સેવામાં વિનિયોગને



ઉત્તેજન આપ્યું છે. નહીં તો તાનસેનને ગાવા પેટે કોડી આપે ખરા? કળાદૃષ્ટિએ વળી તાનસેનના ને ગોવિન્દસ્વામીના ગાનમાં શું અંતર હોવાનું? અંતર સાધનાની દૃષ્ટિએ છે, શ્રીગુસાંઈજીની રાજહંસને છાજે તેવી નીરક્ષીરવિવેકદૃષ્ટિએ છે. કળાઓનો વારસો પુષ્ટિમાર્ગમાં સચવાઈ રહ્યો તે યોગાનુયોગ છે, પ્રતિભાશાળી કળાકાર અનુયાયીઓનો ફાલ ઉતર્યાનું સુખદ પરિણામ છે; સાધનાનો વારસો સચવાઈ રહ્યો ને રહેશે તે શ્રીગુસાંઈજીએ નિર્ધારેલી નિયતિ છે. આપશ્રી બેશક મોટા ગજાના કળાપારખુ ને સ્વયં કસબી છે, પરંતુ તેથી અધિક એક સંપ્રદાયના પ્રવર્તક અને નિર્વાહક છે. કૃષ્ણદાસ અધિકારીએ વેશ્યાની છોકરી પાસે શ્રીનાથજી સન્મુખ નૃત્ય કરાવ્યું તે વેશ્યાઓના નાચગાનને ઉત્તેજન આપવા નહીં પણ નાચગાનની કલાના ભગવત્સેવામાં વિનિયોગદ્વારા કલાકાર દૈવી જીવને ભગવદ્પ્રાપ્તિ થાય તે માટે.

દરેક પુષ્ટિમાર્ગી પોતાની જાતને પૂછે. તેનો અનુભવ જુબાની આપશે કે જાહેર મનોરથોથી કોરા નિરીક્ષક બનવાની દિશામાં જ વિકાસ સધાય છે. જીવનમાંથી કળા, રુચિ ને સેવા —ત્રણેયનું ધીરે ધીરે બાષ્પીભવન થતું જાય છે. ભવાઈ ભજવાતી રહે છે, નવે રસોનું પ્રદર્શન થતું રહે છે; પણ ભાવ ઊડતો જ જાય છે, આદર ને સંવેદના લુપ્ત થતાં જ જાય છે. ન પોતાની રુચિને સમજવા-પારખવાનો સમય કે સાનભાન મળે છે ન કીર્તન-સામગ્રી-શૃંગારની પરિપાટીને. આચાર્યચરણોની નિપુણતાને મૂલવવા-બિરદાવવાની તો વાત જ ક્યાં કરવી?

આજે દર્શનાર્થીઓ પૈકી કીર્તન-સામગ્રી-શૃંગારના પારખુઓ કેટલા, જાણકાર કેટલા? તે પૈકી દર્શન કરીકરીને શીખેલા કેટલા ને જાતે કરીને શીખેલા કેટલા? તે પૈકી વ્યાવસાયિકો કેટલા ને ભલમનસાઈ કરનારા કેટલા? તે પૈકી રુચિથી કરનારા કેટલા, ગણતરીથી કરનારા કેટલા ને વેઠ ઉતારનારા કેટલા? તે પૈકી આજીવન રોજ કરનારા કેટલા? તેઓ જ તો ફક્ત ઉત્તીર્ણ થયા ને? આવી કેવી નિશાળ! આવો કેવો ઉધ્ધાર!

મનોરથો સેવાનું જ એક અંગ છે. સેવાની માફક તે ય અંગત રીતે કરવાના હોય. સેવાના ભોગે કે રુચિના ભોગે તેને આદર કે ઉત્તેજન ન અપાય. ફરસાણ ભોજનમાં વૈવિધ્ય લાવવા ચાલે, રાતદિવસ તેના પર જ રહીએ તો માંદા પડાય. ટી.વી.ની માફક મનોરથોનું પૂર કળા, રુચિ, શ્રધ્ધા, નિષ્ઠા, આશ્રય, આદર, સંવેદના —બધાનો નાશ જ કરે છે, પ્રત્યેકને નાના ટુકડામાં ભાંગી હંમેશ માટે ખતમ કરી દે છે. શ્રીગુસાંઈજી બચાવે આ માર્કેટિંગના કીમિયાગરોથી.

*

# ૧૦. ગુરુ

ખરેખર સત્પુરુષો અહંકારવિમૂઢ, લાભપૂજાર્થયત્નપરાયણ અને પાપાચરણ કરનારા થઈ જાય તો પછી સામાન્ય રીતે સિધ્ધાંતાનભિજ્ઞ સામાન્યજન માટે પ્રભુ શ્રીકૃષ્ણ જ ગતિ રહી જાય છે.

વામણું નેતૃત્વ એ આદરસંસ્કૃતિ માટે સૌથી ઘાતક ચીજ છે. દેશ, કાળ, પરિસ્થિતિ, સંજોગો —બધા પ્રતિકૂળ હોય તો ય એ ટકી શકે સબળ નેતાને આધારે. શ્રીગોકુલનાથજી જેવા કાર્યશૂરા આચાર્યના નેતૃત્વ હેઠળ આ સંપ્રદાય જહાંગીરના ઘાને પણ જીરવી ગયો. પણ બધું અનુકૂળ હોવા છતાં ય નેતૃત્વ વામણું હોય તો પાયા ડગમગી ઊઠે છે. દેશના વડાપ્રધાન બંધારણના વિનિશ્ચયરૂપ હાઈકોર્ટના ચુકાદાને ધરાર ઘોળીને પી જાય અને વળી ભ્રષ્ટાચાર સામે જેહાદ જગાવવાને બદલે "તે તો વિશ્વવ્યાપી છે" કહીને નિર્લેપતયા તેને સ્વીકારી લે તો સામાન્યજન તો "યદ્યદાચરતિ શ્રેષ્ઠઃ" ન્યાયથી આ ગાડરિયા પ્રવાહમાં જ જોતરાવાનો; અને પ્રવાહ બહુ વધે ત્યારે વિશેષ રીતે સિધ્ધાંતજ્ઞ વિશેષ જણ પણ નાછૂટકે તે : તણાવાનો. વિશ્વવ્યાપી આંતરરાષ્ટ્રીય થાય ત્યારે થાય, પણ ભ્રષ્ટાચાર અખિલ ભારતીય તો થઈ જ જાય તરત.

આમ પાછું જોઈએ તો નેતૃત્વ જરા ય વામણું ન લાગે કાગળ પર. આજે આપણા જ નહીં, દુનિયાના દરેક સંપ્રદાયમાં એટલા બધા 'હાજરાહજૂર હરતાફરતા ભગવાનો' માનવાકારે વિહાર કરે છે કે મારા એક મિત્ર કહે છે તેમ કદાચ ખરેખર ભગવાને કલ્કી અવતાર ધારણ કરવાનો વિચાર માંડી વાળ્યો હશે! પણ વામણાશ છે અને ઊડીને આંખે વળગે એવી છે.

મીરાંબાઈ વૃંદાવનમાં જીવ ગોસ્વામીને મળવા જઈ પહોંચ્યા. તેમણે અંદરથી મળવાનો ઈન્કાર કરતાં કહેવડાવ્યું કે હું સ્ત્રીઓનું મુખ જોતો નથી. મીરાંબાઈએ કહ્યું કે મને તો એમ કે વૃંદાવનમાં શ્રીકૃષ્ણ જ એકમાત્ર પુરુષ છે; આ બીજા ક્યાંથી આવી ચઢ્યા?

ખરેખર ભક્તિમાર્ગના એકેએક અનુયાયી અને ગુરુએ વિચારવા જેવો આ લાખ રૂપિયાનો સવાલ છે. ભક્તિમાર્ગમાં આરાધ્ય તો કેવળ એક પ્રભુ જ હોઈ શકે. ગુરુ ફ્રેન્ડ હોય, ફિલૉસૉફર હોય, ગાઈડ હોય; પણ આરાધ્ય કદી ન હોઈ શકે, લક્ષ્ય કદી ન હોઈ શકે, સેવ્ય કદી ન હોઈ શકે. ભક્તિમાર્ગની પ્રથમ અને ચરમ તથા અનિવાર્ય આવશ્યકતા છે આરાધ્યની અને આરાધકની. ગુરુ ન હોય તો ડગલે ને પગલે મૂંઝવણ



જરૂર થાય, પણ તેથી ગુરુની કાંઈ અનિવાર્ય આવશ્યકતા નથી. તેથી જ શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં આજ્ઞા કરે છે કે યોગ્ય લક્ષણોવાળા ગુરુ ન મળે તો ય સેવામાં તો પ્રવૃત્ત થઈ જ જાઓ; પછી પડશે તેવા દેવાશે, જોયું જશે.

ગુરુ આવશ્યક છે તે આરાધ્ય તરીકે નહીં પણ પથપ્રદર્શક તરીકે. છાન્દોગ્યોપનિષદ્‌માં કહ્યું છે તેમ દેવતાઓ પણ આત્મવિદ્યા અને દેવવિદ્યા નો ઉપદેશ આપી શકે, પણ ગતિ ન દર્શાવી શકે. કર્ણને બધી વિદ્યા આવડતી હોય પણ રથનું પૈડું કાદવમાં ખૂંપી જાય ત્યારે અણીના ટાંકણે શું કરવું એની ગતાગમ ન પડે. તે વખતે ગુરુ કામમાં આવે. ક્યારે શું કરવું એ ગુરુ બતાવે. શ્રીગોપીનાથચરણ તેથી જ આજ્ઞા કરે છે કે આ દેહનૌકાથી ભવસાગરને પાર જવાની ઈચ્છા રાખતા અનુયાયીને ગુરુએ પોતે કર્ણધાર બની પોતાના ઉપદેશદ્વારા પાર ઉતારવા જોઈએ. શ્રીઆચાર્યચરણ પણ નવરત્નમાં આજ્ઞા કરે છે કે સેવા ગુરુની આજ્ઞા અનુસાર કરવી જોઈએ.

જે વામણાશ કે કચાશ છે તે આ ગતિનિદર્શનમાં છે.

"આજે બસો વર્ષ પછી પણ ફ્રેન્ચ ફિલસૂફ વૉલ્ટેરના વચનો સાચાં ઠરે છે: 'ડૉક્ટરો જે દવા આપે છે એના વિશે ખાસ કંઈ જાણતા નથી. જે રોગ મટાડવા દવા આપે છે એના માટે તો એનાથી પણ ઓછું જાણે છે. અને જે રોગી માટે આપે છે એના વિશે બિલકુલ જાણતા નથી.' દવાઓ માટેનું ડૉક્ટરોનું અલ્પજ્ઞાન તેમને અજાણતાં હિંસાના આચરકો બનાવે છે. દવાની વિપરીત અસર વધુ જોવા મળે છે. ચિકિત્સાજન્ય રોગો, જેને અંગ્રેજીમાં આયેટ્રોજેનિક રોગ કહેવાય છે, એની એક નવી વિશિષ્ટ આગવી રોગસરણી બની ગઈ છે એ આશ્ચર્યજનક નથી!

(—'તબીબીક્ષેત્રે હિંસા'માંથી સાભાર).

હું પણ આજની પુષ્ટિસંપ્રદાયની સ્થિતિ વિશે કહી શકું છું કે ગુરુઓ જે સિધ્ધાંતોપદેશ આપે છે એના વિશે ખાસ કંઈ જાણતા નથી. જે સેવાસંબંધી મૂંઝવણોને દૂર કરવા ઉપદેશ આપે છે એને માટે તો એનાથી પણ ઓછું જાણે છે. અને જે અનુયાયી સેવકને ઉપદેશ આપે છે એના વિશે બિલકુલ જાણતા નથી. સિધ્ધાંતો માટેનું ગુરુઓનું અલ્પજ્ઞાન તેમને અજાણતાં જાહેર મનોરથોના આયોજકો બનાવે છે. ઉપદેશની વિપરીત અસર (અનુયાયીઓની ગૃહસેવા જ છૂટી જવી, માર્ગનિષ્ઠા તૂટી જવી, વગેરે) વધુ જોવા મળે છે. આયોજનજન્ય ભવાડા, જેને રસશાસ્ત્રમાં રસાભાસ અને કાયદાશાસ્ત્રમાં સાર્વજનિક દર્શન-પ્રદર્શન કહેવાય છે, એની એક નવી

વિશિષ્ટ આગવી રોગસરણી (આગળ વર્ણવેલ સેવા-કથા-વ્રજ/બેઠક યાત્રા-શ્રીયમુનાજી-આચાર્યજી સંબંધી 'મનોરથો'ની હારમાળા) બની ગઈ છે એ આશ્ચર્યજનક નથી પણ આઘાતજનક ખેદજનક છે.

શ્રીઆચાર્યચરણે તેથી જ નિબંધમાં આ માર્ગના અનુયાયીઓને ચેતવ્યા છે કે ગુરુ કૃષ્ણસેવાપરાયણ દંભાદિરહિત શ્રીભાગવતતત્ત્વજ્ઞ નર છે કે નહીં તે ચકાસ્યા પછી જ તેઓને ગુરુ બનાવવા.

જો ગુરુ શ્રીભાગવતતત્ત્વજ્ઞ હશે તો સિધ્ધાંતોને જાણતા હશે, દવાને જાણતા હશે. જો સ્વયં કૃષ્ણસેવાપરાયણ હશે તો સેવાસંબંધી મૂંઝવણોને જાણતા-અનુભવતા-દૂર કરતા હશે અને અનુયાયીના સંદર્ભમાં પણ તેમ કરવા સમર્થ હશે. જો સેવા પોતે દંભથી નહીં કરતા હોય ને સચ્ચાઈથી કરતા હશે તો સેવકભાવ એમનામાં પણ હશે અને તેથી જ સેવકને સમજી શકશે, રોગીને સમજી શકશે.

*"તબ કૃષ્ણદાસકી બાત કાહૂને કુંભનદાસસોં કહી, જો– તિહારે બેટા કૃષ્ણદાસકોં નાહરને માર્યો હૈ. યહ બાત સુનિકે કુંભનદાસજી મૂર્છા ખાઈકે ગિર પરે. . . સો શ્રીગુસાંઈજી આપુ દેખેં તો કુંભનદાસજીકે પાસ સબ લોગ ઠાડે હૈં. તા સમય લોગનનેં કહી, જો– મહારાજ! કુંભનદાસજી બડે ભગવદીય હૈં, પરંતુ પુત્રકો સોક મહા બુરો હોત હૈ, યા પીડાસોં કોઈ બચ્યો નાહીં હૈ. તબ શ્રીગુસાંઈજી આપુ કહે, જો– ઈનકોં પુત્રકો સોક નાહીં હૈ, જો– ઈનકોં ઔર દુ:ખ હૈ. સો તુમ કહા જાનો? ઈનકોં યહ દુ:ખ હૈ જો– સૂતકમેં શ્રીનાથજીકે દરસન કૈસે હોયંગે? સો યા દુ:ખસોં ગિરે હૈં. . . તબ શ્રીગુસાંઈજી આપુ . .કુંભનદાસકોં પુકારિકે કહે, જો– કુંભનદાસ! સવારે શ્રીનાથજીકે દરસનકોં આઈયો, જો– તુમકોં શ્રીગોવર્ધનનાથજીકે દરસન કરવાવેંગે.' તબ શ્રીગુસાંઈજીકે યહ વચન સુનિકે કુંભનદાસજીને તત્કાલ ઉઠિકે શ્રીગુસાંઈજીકો સાષ્ટાંગ દંડવત કીની, ઔર બિનતી કીની જો– મહારાજ! આપુ બિના મેરે અંતઃકરણકી કૌન જાને? તબ શ્રીગુસાંઈજી આપુ કહે, જો– હમ જાનત હૈં, તુમકો સંસારસંબંધી દુ:ખ લગે નાહીં. . . "*

"એરિક એરિક્સને ડોક્ટરો માટે એક સુવર્ણનિયમ ઘડ્યો છે: 'તમે તમારા પોતાના શરીર પર જે ઉપચાર કરવા ને કરાવવા તૈયાર હો તે જ તમારા દર્દીને ઉપલબ્ધ કરો. અને જે ઉપચાર તમને સ્વીકાર્ય ન હોય તેનો ગેરલાભ તમારા દર્દીને પણ ન આપો." . . . ડોક્ટર આલ્વારેઝે જોયું કે તેમની હોસ્પિટલમાં ઘણા તબીબો અને સર્જનો ને પણ પેટના ચાંદાની બિમારી હતી. પરંતુ તેમના ૨૫ વર્ષના માયોક્લિનિકના



સંપર્કમાં ફક્ત એક જ તબીબ પર આ શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. એ તબીબે પણ પરિસ્થિતિ ખૂબ વણસી જતાં અન્ય કોઈ ઉપચાર કામ ન કરતાં ન છૂટકે શસ્ત્રક્રિયા કરાવવાનો માર્ગ અપનાવ્યો હતો."

(— 'તબીબીક્ષેત્રે હિંસા'માંથી સાભાર).

શામાટે આજે પુષ્ટિમાર્ગમાં ગુરુઓ ક્ષુલ્લક વાતોને લઈ અનુયાયીઓની ગૃહસેવાની શસ્ત્રક્રિયા કરી નાખે છે? કૂવાના જલનો તેમનો આગ્રહ સ્વયં દેશપરદેશને પ્રવાસે પધારે ત્યારે ક્યાં ગાયબ થઈ જાય છે? હવેલીમાં શૈવ કે શાક્ત બ્રાહ્મણોને પણ પગારદાર નોકર તરીકે, અને તે પણ સેવામાં રાખી શકાતા હોય તો ઘરના એક કે બે સભ્યો ન માનતા કે ન પાળતા હોય (તેમને સેવામાં નવડાવવાની તો વાત જ નથી) તે કારણોસર વૈષ્ણવને માથે સેવા પધરાવવાનો શામાટે ઈન્કાર કરી દે છે? પોતે જ્ઞાતિભોજનમાં અને કેટલાક તો બજારનું ય આરોગતા હોય તો વૈષ્ણવથી અણપ્રસાદી કદીય નહીં લેવાનો નિયમ લે તો જ સેવા પધરાવી આપવાનો આગ્રહ શામાટે? જે કારણોસર તેઓને જખ મારીને આરોગવું પડે છે તે જ કારણો વૈષ્ણવોના જીવનમાં પણ હોઈ શકે એની સંભાવનાનો ઈન્કાર તો ન જ કરી શકાય ને? તે સ્થિતિમાં સખડીભોગનો આગ્રહ પણ દુરાગ્રહ છે, કેમકે આપણે અસમર્પિત ન લેવું તે વ્રત નભે તે માટે શ્રીઠાકોરજી કૃપા કરી આપણે ધરેલ સખડી સામગ્રી આરોગે છે. પ્રભુએ કાંઈ પધરામણીના ઠરાવેલા દર નથી રાખ્યા કે જે સખડી ધરે તેને ત્યાં જ આપ આરોગે ને તેની જ સેવા લે.

મારો આશય એવો નથી કે ગુરુઓ સ્વયં બધી છૂટ લે અને અનુયાયીઓને પણ આપી દે. પણ પહેલા પોતે દલા તરવાડીની માફક છૂટછાટ લીધા વિના પરિપાટી મુજબ જીવન જીવી તથા માંણી/ભોગવી જુએ અને પછી અનુયાયીઓને તે મુજબ ઉપદેશ આપે. પોતે ગોળ ખાવાનું છોડી પછી અનુયાયીના છોકરાંને ગોળ ન ખાવાનો ઉપદેશ આપે; "આપ સેવા કરી શીખવે શ્રીહરિ."

આજે ગુરુના લક્ષણોની ચકાસણી તો જવા દો, ફક્ત તેઓની આસપાસનો માહોલ જોઈ શિક્ષાશ્લોકી યાદ આવી જાય છે. લાયબલ કેસનો બોધપાઠ સહુએ વિસારે પાડી દીધો છે. ભક્તિ-સેવા-કથાનો છાંટો ય નજરે નથી ચઢતો. ભોગવિલાસ, આળસ, અધ્યયનનો અભાવ ઊડીને આંખે વળગે છે. 'અંતરંગ વૈષ્ણવો' ને ખવાસો નું વળગણ છૂટતું જ નથી.

ઘણા આ શબ્દો જીરવી નહીં શકતા હોય, પણ હું આ પરિસ્થિતિ જીરવી નથી શકતો. હું હૃદયથી માનું છું કે ગુરુઓના દોષ જોવાનો અનુયાયીઓને નથી અધિકાર કે નથી કર્તવ્ય. પણ ગુરુઓનું હિત જોવું એ અનુયાયીઓનો અધિકાર છે અને કર્તવ્ય સવિશેષ છે, ખાસ કરીને આજે. મેં પણ આ કર્તવ્યબુધ્ધિથી પ્રેરિત થઈને જ આ લખ્યું છે, દોષબુધ્ધિથી નહીં.

*"એકવાર ધોળકાના તથા કુહાના વૈષ્ણવ ચાલતા હતા; ત્યારે તેમણે વિનતિ કીધી, કે રાજ અમારા કૃત્ય સામે જોશો નહિ. ત્યારે આપશ્રીએ કહ્યું કે કરશો તો વીસ વખત જોવું પડશે."*

રહી વાત ગુરુને સર્વાધિક માનવાની; "ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ". સ્વયં ભગવાન શ્રીભાગવતજીના એકાદશસ્કંધમાં આજ્ઞા કરે છે કે આચાર્યને સાક્ષાત્ મારું રૂપ જાણવા; મર્ત્યબુધ્ધિથી તેમને જોવા એ અસૂયાભર્યો વ્યવહાર છે. આવું પરંતુ આપણે ત્યાં વૈષ્ણવ માટે પણ કહેવાયું જ છે. ઉપદેશ તો હરિ-ગુરુ-વૈષ્ણવમાં સમાન બુધ્ધિ રાખવાનો છે.

આચરણમાં પરંતુ ત્રણેની અલગ કક્ષા છે. આદરનું એક જ સ્તર નથી હોતું. પ્રસાદી વસ્તુ પવિત્ર અને પાવનકારી હોવા છતાં તેને સ્પર્શ કરતાં હાથ સેવાલાયક પવિત્ર નથી રહી જતા, ખાસા કરવા પડે છે. સૃષ્ટિમાં પ્રભુ ભિન્ન ભિન્ન રૂપે પ્રકટ થયા છે તે ભિન્ન ભિન્ન ક્રીડા કરવા. તેથી આપણે આદર પણ ભિન્ન ભિન્ન પ્રકારનો આપવો પડે. પ્રાચીન પરિપાટીના આગ્રહી ગોસ્વામી આચાર્યો આજે ય શ્રીઠાકોરજી-યમુનાજી-ગિરિરાજજી-ભાગવતજી કે બેઠકજી ના સાન્નિધ્યમાં બિરાજતા હોય ત્યારે ચરણસ્પર્શ નથી આપતા. તે સ્થિતિમાં કોઈ અજાણ્યો ભેટ ધરી દે તો તેવી (માળાપહેરામણી આદિ) ભેટ પણ સ્વયં ન રાખતા ગૌગ્રાસમાં મોકલાવે છે. વ્રજવાસીઓને કોઈ પોતાનું ઉચ્છિષ્ટ ન લેવડાવી દે તેની ખાસ તકેદારી રાખે છે. તેવી જ રીતે જાણકાર વૈષ્ણવો પણ ગુરુ કે ભગવત્પરિકર ના સાન્નિધ્યમાં એકબીજાને 'જયશ્રીકૃષ્ણ કેમ છો મજામાં' નથી કરતા. આપણે ત્યાંની અપરસમાં પણ આવી બારીકી છે કે પાદુકાજીને સ્પર્શ કર્યા પછી હાથ ખાસા કરીને જ ભગવત્સેવાસંબંધી કાર્ય કરાય છે. વળી શ્રીઠાકોરજીની સન્મુખમાં અપરસમાં ન હોય તેમને સ્પર્શી જવાય તો ય અપરસ છોવાતી નથી.

જેને જેવા છાજે તેવા આદરસન્માન આપીએ અને આપણને જે છાજે તેવા જ કાર્યો આપણે કરીએ તો માર્ગની સ્થિતિ કાંઈક



સુધરે. શેષ તો ભગવદિચ્છા.

*"સોમયજ્ઞ સાચા કર્યા તો શ્રીમહાપ્રભુજીએ, અને તે પણ કોટાનકોટિ. માટે આપશ્રી ખરા દીક્ષિત. અને આપશ્રી આપના વંશસ્વરૂપે બિરાજી કોટાનકોટિ યજ્ઞો કરી રહ્યા છે. સોમયજ્ઞમાં યજમાન શું કરે છે? એક જીવતાં પ્રાણીને મારીને હોમે છે અને તે પ્રાણીને સ્વર્ગ પ્રાપ્ત થાય છે અને તેનું પુણ્ય તેને પ્રાપ્ત થાય છે.*

*હવે શ્રીમહાપ્રભુજી શું કરે છે તે જોઈએ. એક જીવને શરણે લઈ શ્રીઠાકોરજી સન્મુખ કરે છે. સોમયજ્ઞમાં પશુને મરવું પડે છે. આ માર્ગનાં શરણે આવેલ જીવને મરવું પડતું નથી. સોમયજ્ઞમાં પશુને પ્રાકૃત સ્વર્ગાનન્દની પ્રાપ્તિ અને એ પણ અલ્પ સમય માટે થાય છે. આ માર્ગમાં જીવને અપ્રાકૃત સ્વરૂપાનંદની પ્રાપ્તિ અને તે હમેશને માટે. સોમયજ્ઞમાં તો પશુને સ્વર્ગની પ્રાપ્તિ થાય પછી આશીર્વાદ આપે, ત્યાં સુધી ગાળો જ આપે. પરંતુ અહીં તો પહેલેથી જ આનંદ અને આશીર્વાદ. માટે ખરો સોમયજ્ઞ તો શ્રીમહાપ્રભુજી જ કરે છે."*

*

# ૧૧. બ્રહ્મસંબંધદીક્ષા

લોકશાહી આજે વિકૃત થઈને ટોળાશાહી થઈ ગઈ છે, વોટબેન્કશાહી થઈ ગઈ છે. ધનિક પૈસાનું પ્રદર્શન કરે તેમ નેતાઓ વોટબેન્કનું પ્રદર્શન કરે છે— છાશવારે રેલીઓ યોજે છે, દેખાવો યોજે છે, ધરણા કરે છે, રસ્તા રોકે છે, બંધના એલાનો કરે છે. વળી ધનિક પૈસા જાળવી રાખવા પ્રયાસો કરે તેથી ય તનતોડ પ્રયાસો વોટબેન્કને જાળવી રાખવા આ નેતાઓ કરે છે. તે માટે કોઈપણ હદ સુધી જઈ સમાધાન કરવા તેઓ તૈયાર હોય છે; બેજવાબદાર અને સ્વાર્થી.

વોટબેન્કને-ટોળાને ખુશ રાખવાના ભરચક પ્રયાસોથી અંતે ટોળામાં અશિસ્ત કે અનુશાસનહીનતા ને ઉત્તેજન મળે છે. ટોળામાંના છાકટા તત્ત્વો ટોળાપર હાવી થઈ જાય છે અને શાણપણનો સૂર જબરદસ્તી કે પરવશતાથી વિલિન થઈ જાય છે કે કરી દેવાય છે.

આમ દિશાદોરવિહીન નેતૃત્વ અંતે નેતા અને અનુયાયી બંનેનું અધઃપતન નોતરે છે.

"આજે સૌથી વધારે વિષાદમય પરિસ્થિતિ તો એ છે કે સર્જક પોતાની ચાલે ચાલતો નથી પણ લોકોની ચાલે ચાલતો થઈ ગયો છે. જનતાજનાર્દનને જેવું ગમે એવું જ સર્જન કરવાનો એ ધંધો લઈને બેસી ગયો છે. અહીં લેખક પોતે જ લોકરુચિનો દાસ બની ગયો હોય પછી લોકરુચિને ઊંચે લઈ જવાની વાત જ કેમ કરાય? . . . આજનો લેખક કે પત્રકાર હોટેલનો માલિક મટીને રસોઈયો બની ગયો છે. એ લોકોને મનગમતી વાનગીઓ પકાવે છે અને રોજ પીરસતો જાય છે. લોકો એ વાનગીને વખાણે એટલે પોતે બહુ લોકપ્રિય બની ગયો છે એવા ભ્રમમાં એ ફૂલાતો રહે છે. . . આવો લેખક સમાજને કઈ રીતે દોરી શકે? ઉછરતી પેઢીને કઈ રીતે પ્રેરણા આપી શકે? . . . આવી પરિસ્થિતિ હોય ત્યાં ભાષા કેવી રીતે જીવી શકે? ભાષાનું અધઃપતન ન થાય તો બીજું શું થાય? ભાષા સાથે સંબંધ રાખવો એ એક જુદી વાત છે અને ભાષા સાથે વ્યભિચાર કરવો એ પણ અલગ વાત છે. . ."

(—'પવનની વ્યાસપીઠ'માંથી સાભાર).

જે વાત નેતા કે લેખક માટે ધ્યાનાર્હ છે તે ધર્મગુરુઓ માટે તો અનિવાર્ય છે.

*"સો એક દિન માર્ગમેં જાત દેખે તો એક બડો અજગર મર્યો પડ્યો હે, ઔર વાકૂં લક્ષાવધિ ચેંટા લગે હેં, સો વહ આપકી દૃષ્ટિ*



*પર્યો. . . તબ શ્રીઆચાર્યજી આપ કહે જો વહ અજગર પિછલે જન્મમેં મહંત હતો. તાને અપનો ઉદરભરણાર્થ જીવિકા ચલાયવેકોં સેવક બહોત કિયે હતે, પરિ ઉનકો કૃતાર્થ કરિવેકી તો સામર્થ્ય ન હતી. ભગવત્સેવા ભગવન્નામ હોય તો જીવ કૃતાર્થ હોઈ. સો યહ તો કેવલ ઉદરભરણકે લિયે હી મહંત ભયો હતો, સો મરે પીછે અજગર ભયો. ઔર વે સબ સેવક ચેંટા ભયે. સો વાકોં ખાત હેં ઔર કહત હેં જો અરે પાપી, તોમેં કૃતાર્થ કરિવેકી સામર્થ્ય ન હુતી તો હમકોં સેવક કાહેકોં કિયો? હમારો જન્મારો વૃથા કાહેકોં ખોયો? સો વાકોં દેખિકે મોકોંહુ ગ્લાનિ આઈ હે. . . યહ બાત શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ યાહીકે લિયે પ્રગટ કિયે જો જીવ શરણ જાઈ, સેવક હોઈ, સો ગુરુને અપનો સામર્થ્ય વિચારકેં સેવક કરનેં."*

પ્રભુચરણ શ્રીગુસાંઈજી તેથી જ આજ્ઞા કરે છે— "વિચાર્યૈવ સદા દેયં કૃષ્ણનામવિશેષતઃ। અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ॥"

ભારતીય સંસ્કૃતિમાં અધિકારી સુપાત્રને જ દાન કરવા પર ભાર મુકાયો છે. મનુસ્મૃતિ ત્યાં સુધી કહે છે કે અનધિકારીને શીખવ્યા કરતાં ગુરુએ પોતાની વિદ્યા પોતાની સાથે લુપ્ત કરી દેવી એ ગુરુ અને વિદ્યા બંને માટે હિતાવહ છે.

ગુરુ બનવું એ પાસપોર્ટ ઓફિસ ખોલવા જેટલું સરળ નથી, બહુ જવાબદારીભર્યું કામ છે. કુંભાર તો દસ મિનિટમાં ઘડાનો ઘાટ ઘડી નાખે છે, મૂર્તિકારને ય મહિનો લાગે, પણ એક અનુયાયી ઘડવામાં જન્મારો ય નિકળી જાય. અપેક્ષા પરંતુ દસ નાલાયક છોકરાં પેદા કરવાની નથી, એક કે બે એવા છોકરા પેદા કરવાની છે કે જે સમાજને ભારરૂપ ન બને. અનુયાયીના ટોળા ભેગા કરવાની વૃત્તિ નરી ઘેલછા છે.

આજે તો બ્રહ્મસંબંધદીક્ષા આપવી એ પુષ્ટિમાર્ગીય ધાર્મિક આયોજનોનો એક ભાગ કે ક્યારેક સ્વયં એક આયોજન થઈ પડી છે. આગલા દિવસે જાહેર થાય કે લેવાની ઈચ્છા હોય તેઓ આજે ઉપવાસ કરી કાલે આવી જાય લેવા. ક્યારેક તો આ રીતે હજારોની સંખ્યામાં એકસાથે માઈક ઉપર મંત્ર બોલાવાય છે. "અંધેરી નગરીમેં ગંડુ રાજા, ટકે સેર ભાજી ટકે સેર ખાજા." શરૂઆત જ જો આવી આદરહીન હોય તો અંત ક્યાંથી સારો આવે?

*"ચોર્યાસી અને બસો બાવનને એ પ્રમાણે વિનંતી કરેલી કે 'મહારાજ! અમને કૃપા કરીને શરણે લ્યો.' અત્યારે કોઈપણ એ પ્રમાણે વિનંતી*

કરતું નથી. એટલે તેઓને (ચોર્યાસી-બસો બાવનને) કૃપા કરીને શરણે લીધેલા .જ્યારે અત્યારે કોઈને કૃપા કરીને શરણે લેવામાં નથી આવતા! અત્યારે ભાવ નષ્ટ થઈ ગયો છે અને વાત વહેવારમાં પડી ગઈ છે. બ્રહ્મસંબંધ બધા લેવરાવે છે માટે લેવું એ હિસાબે આજ લેવાય છે, કર્તવ્યબુધ્ધિથી નથી લેવાતું.''

રીઢા અગ્રગણ્ય વૈષ્ણવોની વિનતી કે ધાકધમકી ને તાબે થઈ નવાસવા અજાણ્યાઓને હલાલ કરી નાખવા એ ગુરુને ન છાજે. જેમ અનુયાયી ગુરુને ચકાસે તેમ ગુરુએ પણ અનુયાયીનું પરીક્ષણ કરવું અનિવાર્ય છે.

પરીક્ષણ પાછું બહુ કષ્ટસાધ્ય કે સમયસાધ્ય પણ નથી. જરૂર આત્મસંયમની છે. ચકાસવાનું એ જ હોય છે કે ઈચ્છુક વ્યક્તિ પર ભગવત્કૃપા છે કે નહીં. તેની ય સીધી ને સટ પરખ એ છે કે વ્યક્તિને માર્ગમાં રુચિ છે કે નહિ? પુષ્ટિપ્રભુના સ્વરૂપ-ગુણ-લીલા પ્રતિ આદર ને સંવેદના છે કે નહિ? બે-ચાર સવાલ પૂછતાં જ ખ્યાલ આવી જાય.

સૃષ્ટિમાં તો ભેદ જ પ્રકટ થયા છે; ''તુલસી ઈસ સંસારમેં ભાતભાતકે લોગ.'' બધા કંઈ પુષ્ટિમાર્ગી થાય નહીં. પુષ્ટિમાર્ગને વિશ્વધર્મ કહેનારા ન પુષ્ટિને સમજે છે ન માર્ગને ન વિશ્વને કે ન ધર્મને. કુંભનદાસજીના સાતમાંથી દોઢ બેટા જ ભગવદીય હતા. કોઈ પણ વસ્તુ કોઈ વ્યકિતવિશેષ માટે કોઈ અવસરે કોઈ માત્રામાં જ સારી હોઈ શકે. ડૂબતા માણસને પાણીમાંથી બહાર કાઢો તો આશીર્વાદ આપે પણ માછલીને બહાર કાઢો તો જાન પર વીતે તેના. મજા સૃષ્ટિના નિયમોને અનુસરવામાં છે, તોડવા કે મરોડવા કે ચાતરવામાં નહીં.

શ્રીગુસાંઈજીએ તેથી જ બ્રહ્મસંબંધદીક્ષા લેવા ઉત્સુક મર્યાદાભક્ત તુલસીદાસજીને વારતાં આજ્ઞા કરી કે તમારા જેવા અમારે ત્યાં અનેક છે પણ તમારા જેવા તમારે ત્યાં તમે એક જ છો. તમે તમારે ત્યાં રહો એમાં જ તમારી અને અમારી શોભા છે.

દરેક પુષ્ટિમાર્ગીય ગુરુ આવા આત્મગૌરવ અને આત્મસંયમ જાળવશે તો ખરેખર પુષ્ટિસંપ્રદાય શોભી ઊઠશે. અનુયાયીઓમાં ય કોઈના હાથનું પાણી લઈ શકાય કે બેઠકમાં શ્રીઆચાર્યચરણને જલ ધરાવી શકાય તેવા ક્ષુલ્લક કારણોસર જબરદસ્તી બ્રહ્મસંબંધ લેવડાવવાની હઠ જોર નહીં પકડે.

ઘરને ધરમશાળા ન બનાવી દો ભાઈસા'બ!



# ૧૨. ઉપસંહાર

''એકવાર કલ્યાણ ભટે વિનતી કરી કે કેટલાક લોકો એમ કહે છે કે ભગવદીયનું કાર્ય પ્રેમે થાય. હવે પ્રેમ તો ઉદ્યમે હાથ આવતો નથી; જ્યારે શ્રીપ્રભુ કૃપા કરે ત્યારે હાથ આવે. માટે વાત કરવાનું શું પ્રયોજન? વાર્તા કરે પ્રેમ હાથ તો આવે નહિ. આ વાત સાંભળી શ્રીગોકુલેશ બોલ્યા કે શ્રીપ્રભુજીની પ્રાપ્તિ તો પ્રેમે થાય છે. . . તે માટે જીવે અવશ્ય પ્રેમની સેવા કરવી જોઈએ. હવે તે પ્રેમની સેવા કેવી રીતે થાય તો પ્રેમનો ધણી ભગવદીય છે; તેની સંગતિમાં રહેવું. . . કદાપિ પ્રભુ ઘણી કૃપા કરીને જીવને પ્રેમ અપાવે છે, પણ જો એ પ્રેમની સેવા નથી કરતા, ચર્ચા નથી કરતા તો પ્રેમ ઢુંકડો નથી આવતો. પ્રભુજી પ્રેમને આધીન છે માટે અવશ્ય પ્રેમની કાનિ રાખવી. . .''

''કોઈ એક સમયે શ્રીગોકુલેશને ભટ કલ્યાણે વિનંતિ કરીને પૂછ્યું કે મહારાજ, પ્રભુજીના દર્શન માંહે માંહે તથા વાર્તા માંહે તથા સેવા માંહે થાય છે, ભગવદીય ભગવદ્વાર્તા ચર્ચા કરે છે ત્યારે કોઈને પૂર્ણ રસનો અનુભવ થાય છે. કોઈને થોડા પણ રસનો અનુભવ થાય છે. કોઈને થોડા પણ રસનો અનુભવ થતો નથી. કોઈને વીરરસ પણ થાય છે. તેનો ખુલાસો રાજ કૃપા કરીને કહો. ત્યારે શ્રીમુખે બોલ્યા કે લોકના ચિત્ત એક ભાંતિના નથી, અનેક ભાંતિના છે. જેનાં જેવાં ચિત્ત તેને તેવો અનુભવ થાય છે. એક ચિત્ત આકાશ છે, એક ચિત્ત શૂન્ય છે; તેને કોઈ વસ્તુ સ્પર્શ કરી શકે નહિ. બીજું ચિત્ત વજ્ર છે; તેને કોઈ વસ્તુ અડે ના તેમ કોઈ વસ્તુને ચિત્ત પણ ન અડે. ત્રીજું લોઢું છે તે ચિત્તને કોઈ વસ્તુ ભેદી ન શકે પણ અગ્નિ ભેદે. ચોથું ચિત્ત પથ્થર છે; તે ચિત્તને ટાંકી ટાંકીને ભેદે, અગ્નિ ન ભેદે. પાંચમું ચિત્ત તે સોનું છે. જો કે કઠણ છે પણ અગ્નિનો સંબંધ થાય તો માંહે સુંઆળું પડે ને કોમળ થાય, સરસ થાય; પછી કઠણ જ રહે, ને નીરસનું નીરસ રહે. તેમ કોઈના ચિત્ત સત્સંગમાં કોમળ થાય, પછી સત્સંગ દૂર થતાં કઠણનું કઠણ એટલે નીરસનું નીરસ રહે. છઠ્ઠું ચિત્ત તે લાખ, થોડા અગ્નિએ સરસ કોમળ થાય, પછી કઠણનું કઠણ રહે. સાતમું ચિત્ત તે મીણ, તે સહજ કોમળ થાય છે, થોડી અગ્નિથી સરસ કોમળ જ રહે. આઠમું ચિત્ત તે ઘી છે, એ સહજ કોમળ હોય છે. થોડી પણ હાથની ગરમી હોય તો પણ કોમળ થાય. તેમ ભગવદ્વાર્તાએ કોમળ થાય. એવું ચિત્ત ભગવત્કૃપા વિના ન થાય. હવે નવમું ચિત્ત માખણ છે. તે નિર્મળ અને ઊજળું છે, સ્નેહપૂર્વક સરસ અને કોમળ

છે. કોઈ વખત કઠિનતાનો લેશ પણ નથી. લૂખું નથી, મલીન નથી અને સુગંધિત છે. એવા ચિત્તમાં શ્રીપ્રભુજીનો વાસ જાણવો. ઘીથી માખણ સર્વોત્તમ છે. હવે દસમું ચિત્ત તે અમૃત. એના ગુણ ઘણા પ્રસિધ્ધ છે, ક્યાં સુધી કહીએ? પોતાના જે સંગી છે તેને અમર કરે તે ગુણ પ્રસિધ્ધ છે. પોતાના સંબંધી અધમ છે તેમને પોતાની બરાબર કરે છે એવા ચિત્ત છે. તેમને આધીન શ્રીગોકુલના પ્રભુ થઈને રહે છે. મુખ્ય ભક્ત તેમને જાણજો કે જેમના એવા ચિત્ત છે.''

"દુનિયામાં એવા માણસો પણ છે જેણે કદી પ્રેમ, નિષ્ઠા, સાહસ કે એકાગ્રતા જોયાં નથી. માણસની સામે એક સંપૂર્ણ સ્વસ્થ અવસ્થાનું ચિત્ર હોવું જોઈએ. આવું ચિત્ર હોય તો તે એ અવસ્થા સાથે પોતાની અવસ્થાની સરખામણી કરી શકે. તંદુરસ્તી કોને કહેવાય એનો પાકો ખ્યાલ હોય તો બીમારીનો ખ્યાલ આવી શકે.''

(—'પ્રેમની કળા'માંથી સાભાર).

*"અસ્માભિરેવં લિખિતં નિરપેક્ષૈઃ સ્વભાવતઃ ।*
*સ્નેહેન સર્વથા ચિત્તે ધીયતાં યદિ રોચતે ॥*

*હમને નિરપેક્ષ હોય સ્વભાવતેં ઐસેં લિખ્યો હૈ. સો રુચે તો નિશ્ચય સ્નેહ કરિકે ચિત્તમેં ધારણ કરોગે.''*

અધિક માસ પાસે આવે છે ને નિ.લી.ગો.શ્રીગોવિન્દરાયજી મહારાજશ્રી સુરતવાળાનું સ્મરણ થઈ આવે છે. આપશ્રી શ્રીઠાકોરજીને અનસખડી કે દૂધગર ભોગ ધરતાં પોતાના સેવકોને આજ્ઞા કરતાં કે આવતા અધિક માસ પૂરતું તમારા શ્રીઠાકોરજીને સખડીભોગ ધરવાનું વ્રત લઈને જુઓ. જો કાંઈ અડચણો ન આવે ને ઉલ્લાસથી તેમ કરી શકો તો કાયમ માટે સખડી ભોગ ધરજો. જો તકલીફ પડે તો અધિક માસ પછી પાછા જે ધરતા હો તે ધરજો. તે બદલ જે અપરાધ પડશે તે મારે માથે. ઘણા તે રીતે સખડી ભોગ ધરતાં થઈ ગયેલ.

આપ સહુ પણ આવતા અધિક માસ પૂરતા અસલી પુષ્ટિમાર્ગી બનીને જીવી જુઓ, રેડીમૅડ ધર્મની જંજાળથી મહિનો દૂર રહી જીવી જુઓ. પ્રયોગમાં સફળ થયા તો ફાયદો જ ફાયદો છે ને નિષ્ફળ ગયા તો ય કાંઈ ખાટુંમોળું નથી થઈ જવાનું; હતા ત્યાંના ત્યાં જ રહેશો. વિક્રેતાઓ ટાંપીને જ બેઠા છે, કાંઈ દરિયામાં પડીને મરી નથી ગયા. પુષ્ટિસંપ્રદાય સિવાય પણ દુનિયામાં ઘણા સારા સારા માર્ગો છે જ. પણ એક વાર પ્રયોગ તો કરવો જ જોઈએ; નિશાનચૂક માફ, ન માફ નીચું નિશાન.

* * *

પાછેં રૂપ-સનાતનનેં શ્રીઆચાર્યજીસોં પૂછ્યો જો મહારાજ, યે વૈષ્ણવ કૌન હૈં? તબ શ્રીઆચાર્યજીને કહી — યે હમારે સેવક હૈં. તબ રૂપ-સનાતનને કહી — મહારાજ, આપંકો મારગ તો પુષ્ટિ હૈ ઔર યે દુબરાવલ ક્યોં હૈ? તબ શ્રીઆચાર્યજીને કહી — હમ તો ઈનકોં બરજે જો યહ મારગમેં મતિ પરો. પરંતુ યે મેરો કહ્યો ન માન્યો. તાકો ફલ ભોગત હૈં. યા પ્રકાર ગૂઢ રીતિસોં શ્રીઆચાર્યજી કહે. . .

ભાવપ્રકાશ — . . ઔર શ્રીઆચાર્યજી કહેં — યહ મારગમેં મતિ પરો. સો કહ્યો ન માન્યો તબ ફલદસાકોં ભોગેં. જૈસે પંચાધ્યાઈમેં વ્રજભક્તનસોં શ્રીઠાકુરજી કહેં, ઘર જાઉ, પરન્તુ વ્રજભક્ત યહ બાત ન માને. તબ રાસલીલાકે ફલકોં પાયે. સો અબ તો મર્યાદા રીતિસોં કહે. કાહેતેં? વેદકી મર્યાદા યહ જો સેવક હોન આવે તો એક બાર ના કહનો, ઉહ સેવકકો ભાવ દૃઢતા દેખનકોં. પાછેં વાકે પૂરન પ્રીતિ સેવક હોનકી હોય તો સેવક કિયે વાકો ફલ મિલેં. તાતેં વૈષ્ણવકોં ના કહનો. ઔર "યહ મારગમેં મરિ પરો.'' સો યહ મારગ વ્રજભક્તનકોં હૈ. જૈસે વ્રજભક્ત સર્વ સમર્પન કરિ સરન ભયે તબ ખાનપાન દેહ-સુખ સબ-સુખ સબ છૂટયો. . .